# ગુણાતીત જ્યોત









જાણકપ દેહ પરભાવમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.


વર્ષ ૫૧, અંક : ૯, તા.૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧, સંવત – ૨૦૭૭ ભાદરવા વદ – ૧, મંગળવાર

દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



૧૧/૫/'૭૩

સ્વામીશ્રીજી

આ ભગવાન અને સાધુ મળ્યા!
તેમાં પરમ પદ છે પરમ સુખ માનજો -
લેશ દુઃખ જેવું માનશો નહિ કારણ
તેમની ટેવાઈ પડી તેમ પૂરી સાધના:
તે પછી આપણામાં વૃત્તિ- ઇચ્છાવૃત્તિ
પાતળી કરી: બ્રહ્મભાવની ભરતી
રહેવાની છે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ
બનશો. તે તમારું ભાગ્ય છે. માટે તે
શ્રીજી કાર્ય કરવાના છે. તે તેનું
કામ છે

તો હવે આનંદ પકડજો
પ્રાર્થનાના રૂડું રાખ્યા કરજો

પપ્પા.




# ગુણાતીત જ્યોત

આત્મરૂપ દેહ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ   પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? - પપ્પા



### શ્રીજી રસામૃત :-

જેવું પરોક્ષ ભગવાનના અવતારનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નહીં. તે આ વાર્તા એકવાર કહ્યે સમજો અથવા લાખવાર કહ્યે સમજો આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે.

(વચ.ગ.મ.૨૧)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :-

તપ કરીને બળી જાય તો પણ જો ભગવાનનો આશરો ન હોય તો ભગવાન તેડવા ન આવે ને હીંડોળાખાટમાં સૂઈ રહે ને દૂધ, સાકર ને ચોખા જમે ને સેવાના કરનારા ને રળનારા બીજા હોય તો પણ તેને અંત સમે વિમાનમાં બેસારીને ભગવાન તેડી જાય, જો ભગવાનનો દ્રઢ આશરો હોય તો. માટે મોક્ષનું કારણ આશરો છે.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૧૭૩મી વાત)



### દિવ્યામૃત :-

જગતના સુખદુ:ખ મનમાં આણ્યા વિના, બાકી રહેલું જીવિતવ્ય ભજન કરીને જીવી લેવું. સાધુ હોય, કે ત્યાગી હોય, કે ગૃહસ્થ હોય તે પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કથા-કીર્તન કર્યા કરે તો પોતાની માન્યતાઓ તુચ્છ થતી જશે ને પ્રભુમાં મગન રહેવાશે. આટલું જ કરીશું તો અખંડ સુખ આવ્યા કરશે.

### અનુક્રમણિકા — પાન નં.


| અનુક્રમણિકા | પાન નં. |
|---|---|
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| પ.પૂ.મમ્મીજીના પ્રાગટ્યદિને... | ૫ |
| શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના પ્રાગટ્યદિને... | ૬ |
| સત્સંગ સમાચાર... | |
| પ.પૂ.દીદીનો ગુણાતીત ગરિમા પર્વની ઉજવણી... | ૭ |
| પ.પૂ.દેવીબેનનો સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી... | ૨૨ |
| પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવની ઉજવણી... | ૨૭ |
| પ.પૂ.બેનનો સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી... | ૫૨ |



## પપ્પાજીની પરાવાણી...

પ્રત્યક્ષ મળ્યા પછી એના થઈને જીવવું છે ને તેમનો રાજીપો શેમાં છે તે વિચારવું. જોગી મારો આત્મા છે. પ્રકાશક છે. એવું મનાયું ત્યારથી હું એમને વફાદાર રહીને જીવ્યો છું. જીવમાં જોગી બેઠા, દ્રષ્ટા સ્થપાયો તે દિ'થી મને વિચાર થયો કે જોગીનો પ્રકાશ છું. આ કમળાને જોગી કહેશે કે આ મારી વહુ છે ? એ ના જ કહે ને ! તો મારાથી કેમ કહેવાય ? ને મનમાં દ્રઢતા થઈ ગઈ. મમ્મી પરનો એ રીતનો હક્ક છૂટી ગયો. આ બધું ગઈકાલ સુધીનું બાબુભાઈનું પ્રારબ્ધ હતું. પછી જે કંઈ હતું તેના ચાર ભાગ પાડી દીધા. બે છોકરા, મમ્મી ને હું. ચારે જણ સંભાળો. આમ તે દા'ડાથી જીવવા માંડ્યું. આવી રીતે મમ્મી પર આપણો કે આપણા પર એનો હક્ક નહીં. આમ વિવેકથી ચાલીએ તે દ્રષ્ટા તરફની વફાદારી. જોગી વગર બીજું પ્રધાન ના થાય. જોગીના સંબંધવાળા એ મારા થયા. ને બીજે તારતમ્યતાએ વર્ત્યા.

૧૯૫૩ની સ્પેશ્યલમાં બાપા સાથે ગયા ત્યારે સ્વામી ફર્સ્ટ કલાસના ડબ્બામાં અને હું થર્ડ કલાસમાં. પૈસા મારી પાસે હતા તે સાચવવાના. તે બધા યાત્રા સ્થળે દર્શને જાય ત્યારે અમે ગાડીમાં બેસી રહીએ ને બધાના પાકીટ સાચવીએ. આવી નિષ્કામ સેવા માહાત્મ્યથી કરી. બસ સંબંધવાળાની સેવા ક્યાંથી ! તેમ આપણા ફાળે આવેલી સેવા કરીએ તો અંતરમાં શુભ સંકલ્પ ને ટાઢું થતું જશે. કેફ, કાંટો ને મસ્તી વધ્યા કરશે. કાળ, કર્મ, માયાના થડકા ઓછાં થતાં જશે.

૧૯૫૯માં હાર્ટની બીમારી આવી. કાકા નહીં તેથી ગોરધનકાકા કહે, 'દાદુભાઈ છે નહીં તેથી આવું ના જોઈએ.' મેં કહ્યું, 'આ કોણ કરતું હશે ? બાપા જ કરે ને ! તો દાસના દુશ્મન હરિ હોતા હશે ? જેમ કરતાં હશે તેમ ઠીક જ કરતા હશે. તો શું કામ સંકલ્પ કરવો છે ?' આ બધું જોગીને કૃષ્ણાર્પણ કર્યું તો તેને જેમ રાખવા હોય તેમ રાખે. આપણા આનંદ-મસ્તી કેટલા જાય છે તે જ તે જુએ છે. માટે આનંદથી ખાટલાનું સુખ ના માણીએ ! આવી આંતરિક ભાવનાથી જીવવું તે દ્રષ્ટા તરફની વફાદારી. આમ પ્રભુનું પ્રાધાન્ય રાખીને જીવીશું. ખપ રાખીશું તો બળ આપી દેશે. માટે ખાસ દ્રષ્ટા તરફ દ્રષ્ટિ રાખી તેમને જ કર્તાહર્તા માનજો. સ્વધર્મ ચૂકાવે, અભાવ લેવડાવે એ આપણી કોક વૃત્તિ છે. સગુંવ્હાલું છે. એમ માની મનથી પ્રાર્થના કરીએ. ખરેખર અનુભવની વાત છે. જરીકેય તે વખતે બુદ્ધિમાં સેંકશન માંગ્યું હોત તો મરી ગયા હોત. અંદરની સાત્ત્વિકતા 'હું' ભાવ એમ જ નીકળે એવું નથી. એ જોગીને પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ માનીને પળેપળ જીવ્યા તો બુદ્ધિ દિવ્ય થઈ. કાકા-પપ્પા-બા, જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન લ્યો. બધાંના પોતપોતાના પ્રારબ્ધ વાપર્યા ને દિવ્ય કરી દીધા. અત્યારે બીજાને સુખિયા કરે તેવા થઈ ગયા. માટે આપણે જે સંતમાં જોડાયા છીએ તેના આકારે વૃત્તિ કરી દઈએ. તે આપણને પ્રભુમય બનાવી દેશે.

(તા.૨૮.૪.૧૯૭૪)



# પ.પૂ.મમ્મીજીના પ્રાગટ્યદિને...

પ્રેમ એટલે સમર્પણ. એનું સાકાર સ્વરૂપ એટલે મમ્મીજી. નાનપણથી ગુણવાન. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા ત્યારથી પપ્પાજીના દરેક કાર્યમાં નિર્વિચારીપણે સાથ આપ્યો છે. પપ્પાજી પ્રત્યેનો સ્નેહ પ્રવાહ વરાળ બની બહાર ન નીકળવા દીધો તો એક મીઠું ઝરણું બન્યું. ને તે પ્રવાહને જોગીના સંબંધવાળા તરફ વહેતો કર્યો એવાં મમ્મીજીને અનંત વંદન છે.


૧૯૫૨માં ગુરુહરિ પપ્પાજીને જોગીમહારાજ ભગવાન મનાયા ને તેમનું મધ્યબિંદુ બાપા બની ગયા. પપ્પાજીનું જીવન જોગીમય બનવા લાગ્યું. આવા સમયે મમ્મીજીએ પપ્પાજીને ઓશિયાળા કર્યા નથી. જેમ રાખ્યા તેમ રહ્યાં. ને પપ્પાજીના કાર્યમાં સાથ આપ્યો. મમ્મીજીમાં પપ્પાજી વિશે જબરજસ્ત દિવ્યભાવ ને નિર્દોષભાવ. તો તારદેવના સ્થાનમાં બહેનો એકાંતિક ધર્મ સિદ્ધ કરવા એક પછી એક આવવા લાગી. આ નવલા કાર્યમાં મમ્મી ઉમંગથી જોડાયાં ને દરેક બહેનોનું દીકરીની જેમ જતન કર્યું. 'હું કંઈક છું, મેં તમારા માટે ભોગ આપ્યો...' એવી કોઈ વાત જ નહીં. બસ જોગીના સંબંધવાળા છે ! ભગવાન ભજે છે ! સત્સંગ કરે છે ! તેવો જ ભાવ બધા જ સંબંધવાળા તરફ રાખ્યો છે. સંબંધમાં આવેલો જીવ કલ્યાણના માર્ગે આગળ વધે ને સુખિયો થાય એ જ તેમની અંતરની ભાવના રહેતી. તો તેમનું જીવન સૌના માટે આદર્શરૂપ બની ગયું.

ખરેખર મમ્મીજી બહેનોનાં ચૈતન્ય જનની બનીને રહ્યાં છે. ૧૯૬૬માં જ્યારે વિદ્યાનગર રહેવા આવ્યા ત્યારે વ્રતધારી બહેનો અને ભાઈઓનું ખૂબ રખોપું કર્યું છે. તેમનું રોજિંદા જીવનની જરૂરિયાતનું તો ધ્યાન રાખતા, તેની સાથે આધ્યાત્મિક જતન પણ પ્રાર્થના-ભજનથી કરતાં.

ગુરુહરિ પપ્પાજી કહેતા કે, 'મમ્મીમાં એક જબરજસ્ત ગુણ કે દિવ્યભાવ રાખીને ખમવું અને આંતરિક વફાદારી રાખીને જીવવું. તેમનું કદીય રાખવું પડ્યું નથી. ભક્તોનો જબરજસ્ત મહિમા. ને સેવામાં તેમને પરમપદ મનાઈ ગયેલું. તો બાપા મળ્યા પછી બહેનો, સંતો, ભાઈઓને ભગવાન ભજાવવામાં મમ્મીએ મને ૧૦૦% સાથ આપી દીધો. તો મમ્મી સ્વરહિત થઈ ગયાં. મમ્મી આત્મબુદ્ધિ ને પ્રીતિનું સાકાર સેમ્પલ છે. મમ્મીએ એકાંતિકપણું સિદ્ધ કરી લીધું. જંગમમંદિર બનીને જીવન જીવે છે...'

એવા મમ્મીજી બહુ ઓછું બોલે. પણ પ્રત્યક્ષની પ્રાપ્તિનો મહિમા સમજાવે કે, પપ્પાજીની કૃપાથી આ જોગમાં આવી ગયા છીએ. તો સમય ના બગાડવો. જે સેવા કરીએ તે ચોકસાઈથી, મન દઈને, મહિમાથી કરીશું તો મોટેરાં રાજી થઈ જશે. ને તેમનો રાજીપો પ્રાપ્ત થતાં સ્થિતિ થઈ જશે. એટલે શું ? તો કોઈના અભાવ-અવગુણ નહીં દેખાય. અંતરમાં શાંતિ વર્તાશે.

તો મમ્મીજીના પ્રાગટ્યદિને પ્રાર્થના છે કે, સ્વધર્મમાં અચલ રહ્યા થકા દરેક સેવા મહિમાથી કરીએ. કર્તાહર્તા પ્રભુને માનીને જીવીએ તેવું બળ આપજો.



# શરદપૂર્ણિમા : શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના પ્રાગટ્યદિને...

શ્રીહરિ કહેતા કે, 'ગુણાતીતાનંદસ્વામી અમારે રહેવાનું ધામ છે.' એ સ્વામીશ્રીનું અવતરણ જીવોને માયાથી પર બ્રહ્મરૂપ કરી, પરબ્રહ્મની ઉપાસના કરાવવા માટે જ થયું હતું. તે જે જીવ પર દ્રષ્ટિ કરે તે જીવના અંતરમાં ગમે તેટલા ભૂંડા, મલિન ઘાટ થતાં હોય તે દ્રષ્ટિમાત્રથી શાંત થઈ જતાં.સ્વામીશ્રીના સંબંધમાં આવે તેના જીવભાવ ટળી જતા ને બ્રહ્મભાવ પ્રગટી જતો એવા સ્વામીશ્રીને અંતરથી વંદન છે.

શ્રીહરિએ સ્વામીશ્રીનો સ્વમુખે મહિમા જણાવ્યો છે તેનું આચમન કરીએ...

તા.૧૧.૩.૧૮૧૧માં શ્રીહરિએ સારંગપુરમાં રાઠોડ ધાધલને ત્યાં રંગોત્સવ અને ફુલદોલોત્સવનો સમૈયો કરેલો. તેમાં કબીર સાહેબનું હોળીનું પદ ગવાયું કે 'જહાં સદ્‌ગુરુ ખેલે વસંત...' તો શ્રીહરિએ પૂછ્યું કે, 'એવા સદ્‌ગુરુ કોણ ?' પછી શ્રી મુક્તાનંદસ્વામીએ કહ્યું કે, 'એવા સદ્‌ગુરુ તો આપ જ છો.' આ સાંભળી શ્રીહરિ કહે, 'સ્વામી ! અમે તો સર્વોપરી ભગવાન છીએ. એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ છે.'

પછી શ્રીહરિ સાથે સૌ સંતો રાસ રમવા લાગ્યા એ વખતે 'જુગ જુગ જીવો જોગિયા...' એ કીર્તનમાં જેટલી વાર 'જોગિયા' શબ્દ આવે તેટલી વાર પોતાના હાથમાં રહેલી છડી સ્વામીશ્રીની છાતીમાં સ્પર્શ કરતા જાય ને ગાતા જાય 'જુગ જુગ જીવો આવા જોગિયા...'

તો વળી શ્રીહરિ કહેતા કે, 'આ સ્વામીની મોટપ આસનથી નથી. એમની મોટપ અનાદિકાળથી છે.'

તા.૨૬.૧૨.૧૮૨૩માં શ્રીજીમહારાજે પંચાળામાં ધામધૂમથી રંગોત્સવની સભા કરી હતી. તેમાં શ્રીજીમહારાજે પરમહંસોને કહ્યું કે, 'તમે તમારામાં રહેલા સામર્થ્ય વિશે કહો.' પછી બધા પરમહંસોએ પોતાનામાં રહેલી શક્તિ કહી. તેમાં સ્વામીશ્રી કંઈ બોલ્યા નહીં. એટલે બ્રહ્માનંદસ્વામીએ મહારાજને પૂછ્યું કે, 'સ્વામી કેમ પોતાનું સામર્થ્ય જણાવતા નથી?'

તો શ્રીજીમહારાજે ઉત્તર કર્યો કે, 'એ સાધુમાં તો અપાર અને અનંત ઐશ્વર્ય છે. જેમ અત્યારે અમારી પાછળ લાખો માણસ ખેંચાય છે તેમ એમની પાછળ પણ લાખો માણસ ખેંચાશે. પણ એમનો પ્રતાપ, મોટાઈ હમણાં ખબર નહીં પડે. અમારા ગયા પછી એમનો પ્રતાપ પૂર્ણરૂપે પ્રગટશે.'

ઈ.સ.૧૮૩૦ના મે મહિનામાં શ્રીહરિએ પરમહંસોને કહ્યું કે, 'હે પરમહંસો ! અમે આપેલા પંચવર્તમાનમાં ક્યારેય ફેર ના પડે તે માટે તમે એકબીજાના જામીન થાઓ.' સૌએ પોત પોતાના જામીન કર્યા. એટલામાં જૂનાગઢથી સ્વામીશ્રી પધાર્યા. તે જોઈને બ્રહ્માનંદસ્વામી બોલ્યા, 'હવે જામીન થવામાં કોઈ બાકી રહ્યું નથી. તો આ સ્વામીના જામીન કોણ થશે?' તુરત શ્રીજીમહારાજ બોલ્યા, 'કવિરાજ ! તેમના જામીન તો અમે અનાદિકાળથી છીએ.'


એવા શ્રીહરિના ધામરૂપ અને આપણા આદર્શ શ્રી ગુણાતીતાનંદસ્વામીને અનંત વંદન છે.

## સત્સંગ સમાચાર



# તા.૨૧.૮.૨૦૨૧ : પ.પૂ.દીદીનો ૮૫મો પ્રાગટ્યદિન : 'ગુણતીત ગરિમા પર્વ'ની ઉજવણી...

ગુરુહરિ પપ્પાજીના યુગકાર્ય સ્વરૂપોની ગરિમાના ગાનમાં ગુમ થઈએ તો ખરા અર્થમાં 'પપ્પાજી સ્મૃતિ





સૌરભ ઉત્સવ' ઉજવ્યો ગણાય. એવા ગુણાતીત ગરિમા પર્વની આપણે છેલ્લા દોઢ વર્ષથી મહિમાગાન ને કીર્તન આરાધના દ્વારા ઉજવણી કરી રહ્યા છીએ. એમના મનન, ચિંતનમાં રહ્યા છીએ. આજે એ દિવસ ઘરઆંગણે ને આતમઆંગણે









સ્મૃતિ સૌરભ વહાવતો લહેરો પર લહેરો લહેરાવતો ઘુમી રહ્યો છે ત્યારે તા.૨૧ અને તા.૨૨ ઓગષ્ટને આ પર્વનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

હિંડોળા પર્વની પૂર્ણાહુતિની પૂર્વ સંધ્યાએ અને રક્ષાબંધનના પવિત્ર દિને જ આ અક્ષરધામના દિવ્ય દીદી હંસાદીદીનો 'ગુણાતીત ગરિમાપર્વ' ઉજવાશે એની સ્મૃતિના ઓન લાઈન દર્શનના આમંત્રણો અપાયા. ઘરોઘર શંખનાદે પ.પૂ.હંસાદીદીનો ૮૫મો પ્રાગટ્ય પર્વ – ગુણાતીત ગરિમા પર્વનો આનંદ છવાઈ ગયો.

આ દીદીનો પર્વ કઈ રીતે ઉજવીએ? એ શબ્દોમાં વર્ણવવા અઘરાં છે! એમને આલોકના સુશોભનમાં સજાવવા સઘળુ અધૂરું લાગે. પણ નિત પ્રેરણા વહાવતાં હંસાદીદીની અંતર્ગત રુચિ સહાયે આવી કે – મારા જીવનની પ્રથમ પળમાં જ્યાં મહારાજ ને મારા માટેનું મહારાજનું સ્વરૂપ બાબુભાઈ એટલે ગુરુહરિ પપ્પાજી. તે મનાયું ત્યારથી પ્રથમ





પ્રભુ પછી પગલું રાખ્યું છે. એમની સ્મૃતિથી જ બધું ઉજવાય. અને એમાં જ ગુણાતીત ગરિમા સમાય છે ને શોભે છે. પ્રેરણામૂર્તિની આ પ્રેરણાએ સૌના હૃદયની ભક્તિ ખીલી ઉઠી. અને એ પર્વની પૂર્વસંધ્યાએ પપ્પાજી હૉલમાં ભાવાર્પણની અને મહિમાગાનની સભાનો પ્રારંભ થયો. ગુરુહરિ પપ્પાજીના કાર્યસ્વરૂપોના વિજયદિને સુશોભનમાં વિજયઘંટ અને પુષ્પવેલમાં સ્વરૂપોના આસને સૌ આસનસ્થ થયા અને આ પર્વનો જયઘોષ થયો.

સભા સંચાલિકા પૂ.બકુબેન પટેલે માહાત્મ્ય વહાવ્યું કે - સ્વામિનારાયણ ભગવાને ૨૦૨ વર્ષ પહેલા ગઢડામાં આજની સ્મૃતિ તારીખે વચન અમૃત વરસાવ્યા છે કે, જે જે કરવું તે મૂર્તિ સંભારીને જ કરવું. સર્વ ક્રિયામાં ભગવાનમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરે તો ભજન કરવા બેસે ત્યારે વૃત્તિ સ્થિર થાય. જો ભગવાનમાં સારી રીતે વૃત્તિ રહેવા લાગે તો પછી સર્વ ક્રિયામાં પણ અખંડ વૃત્તિ રહે. આવું અનુસંધાન રાખીને દીદી પળેપળ જીવ્યાં છે. આ પૃથ્વી ઉપરનું તેમનું પ્રાગટ્ય જ આવા આદર્શ જીવનની પ્રેરણારૂપ બન્યું છે.

પપ્પાજીએ એમના પ્રાગટ્યદિન શ્રાવણ સુદ-બીજના આ વાતને દઢાવીને અક્ષરદેહે દર્શન કરાવ્યું છે કે *'...અનાદિ મુક્તોને લઈને જ યોગીબાપા પ્રગટ થયા તો ગુણાતીત સમાજ સ્થપાઈ ગયો તે મુક્તો તૈયાર જ હતા. તમે ય તેમાંના જ છો ને નાનપણથી જ બાપાનું નિષ્ઠા કરાવવાનું કામ કર્યા જ કરો છો...'*

આવાં દીદી શીલવાન દીદી પવિત્રતાનું મૂર્તિમાન સ્વરૂપ છે. પપ્પાજીને ગમતો સ્વધર્મ દીદીના રોમરોમમાં વણાયો છે પપ્પાજીએ સ્વયં કલમ દ્વારા દીદીને આલેખ્યા છે - *'... ખૂબ બુદ્ધિપૂર્વકની સમજણેયુક્ત દીદીએ - મારું ધાર્યું, મારો આદર્શ, મારા ગમતા ન ગમતા બધા જ સત્યોનો પ્રલય કરી મનનું અમન કરવાનું જ છે ને તે મોટો.*

*તારદેવ જેવો બીજો આશ્રમ નથી જ તેવું પ્રત્યક્ષ જોયું ને તે દિવસથી જ દીદી હંસા હવે મટી હંસા જોગીની થઈને જીવવા માંડી. ત્યાં રહેતાં સાથીદાર બહેનો જોડે સંપ, સુહૃદભાવ, એકતા રાખી વર્ત્યા ને તે માટે જે ખમવું પડે તે જાગ્રતતા રાખી ખમ્યાં ને જે નિશ્ચય પ્રથમ દિવસે કર્યો તે પ્રમાણે વર્તે જ ગયાં... વર્તે જ ગયાં તો ચૈતન્ય ભેદવાની તાકાતવાળા બની ગયાં. પારસથી પારસ દીદીએ પોતાના જેવું જ કલ્યાણ કરે તેવા પોતાના સંબંધમાં આવનારનેય બનાવ્યાં...'*

પપ્પાજીના આ આશિષ અત્યારે એટલા જ સામર્થ્યદર્શી છે. આવાં દીદીને સર્વ ભક્તો વતી પંચાંગે પ્રણામ કર્યા.

ઉત્સવભાવના પ્રારંભે બેજ અર્પણ થયા. સ્વરૂપોને હાર અર્પણ થયા. ત્યારબાદ બકુબેને શબ્દપુષ્પો દ્વારા ગરિમાપર્વનો આનંદ વધાર્યો. પપ્પાજીએ દીદીને આ




ગુણાતીત જ્યોત સંસ્થાનું સુકાન સોંપ્યું ત્યારથી સંસ્થાની દરેક પ્રવૃત્તિમાં હંસાદીદીની ખૂબ પ્રેરણા રહી છે. ઝીણી ઝીણી બાબતોનો ખૂબ ખ્યાલ રાખ્યો છે. સફળ સંચાલન થાય એટલું જ નહીં, આધ્યાત્મિક મૂલ્યો જળવાઈ રહે, ક્રિયામય નહીં, પ્રભુમય રહી દરેક પ્રવૃત્તિ સેવાભાવનાથી થાય ને તે બ્રહ્મરૂપ થવાની સાધનાના ભાગરૂપ બને તેવું સરસ માર્ગદર્શન આપ્યું છે. એવા મહંતપદને એમણે દાસત્વભક્તિથી દિપાવ્યું છે.

આપણો તો ભક્તિસંપ્રદાય. તનની ભક્તિ, વ્રત, ધારણાપારણા, પૂજન અર્ચન, કીર્તન વગેરે તો ખરા જ સાથે સાથે મનની માન્યતાઓ, સત્યો, ગમા-અણગમા, અભિપ્રાયો, મૂલ્યાંકનો વગેરેમાં પણ ભગવાનની રુચિ, રહસ્ય, અનુવૃત્તિ પ્રમાણે જીવવાની સૂઝ આપી છે. એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનું નિશાન રખાવ્યું છે. હિંમત આપી છે, મોળા પડવા દીધા નથી. સાધનામાં પાછા પડવા દીધા નથી. બળભરી કથાવાર્તાથી જાગ્રત રાખ્યા છે.

ઉપાસ્ય સ્વરૂપનું યથાર્થ સેવન કરવાની રીત શીખવી છે. મન, બુદ્ધિ, સ્વભાવ, પ્રકૃત્તિ સાથેની પ્રીતિ તોડવાનો વિવેક શીખવ્યો છે. સત્સંગના વ્યવહારોમાં સ્વધર્મેયુક્ત વર્તવાની નીતિ શીખવી છે. પળેપળના જીવનમાં પ્રભુને પ્રથમ રાખી વર્તવાની ભક્તિ શીખવી છે. આવી પરાભક્તિનું પ્રમાણ સ્વયં પપ્પાજીએ આપ્યું કે – *સદા દિવ્ય સાકાર પરમ એકાંતિક ભગવત્‌સ્વરૂપ દીદી. પૂ.બાપાની અસાધારણ કૃપાથી બહેનો માટે*



*બેન એકાંતિક ગુણાતીત સંતો માટે જ્યોત સાધના મંદિર બનાવી ગુણાતીત જ્ઞાનના સંદેશા અહીંથી બધે જશે તેવા આશીર્વાદ આપી આપને બાપાએ આ જ્યોતના મહંત નીમી કાર્ય શરૂ કર્યું...,*



એવા હંસાબેનનું વિવિધ ક્ષેત્રોમાં પ્રભુત્ત્વ હતું. પપ્પાજીએ મૂકેલો વિશ્વાસ યથાતથ સાર્થક કર્યો. સેવા, ભજન, શિસ્ત, શિક્ષાપત્રી પ્રમાણે દેહના, સ્થાનના અને આત્માના નિયમો સચવાય તેવી સર્વ વ્યવસ્થામાં કેળવણી ક્ષેત્ર, સંગીત ક્ષેત્ર, આરોગ્ય ક્ષેત્ર, સત્સંગ પ્રચાર ક્ષેત્ર, વિભાગીય સેવાક્ષેત્રોમાં ઈંદ્રિયો, અંતઃકરણ પરોવ્યાં છે ને સાથે તેમાં આધ્યાત્મિક ઉત્થાનનો હેતુ જળવાવ્યો છે. શાસ્ત્રો રચાય તેવી આ ગુણાતીત ગરિમાની થોડી ઘણી લહેરખીઓ માણી.



ત્યારબાદ વિધ વિધ રૂપે દેશ-પરદેશની સર્વ શાખાઓ વતી ભાવાર્પણ થયા. પુષ્પના, મોતીના, ગુણાતીત સમાજના ધ્વજના, એવોર્ડ વિજેતાના સ્વાંગના, રાખડીના, અલંકારના અને પ્રભુભાવે દર્શન કર્યા હોય તેવા વિધ વિધરૂપે ભાવાર્પણ થયા તથા કેકના ભાવ ધર્યા.

સાથે સાથે પ.પૂ.દીદી તરફથી





સમગ્ર જ્યોતના બહેનોને વિશિષ્ટ રક્ષા અર્પણ થઈ.

સોના ગ્રુપના બહેનોએ પૂ.પ્રીતિબેન માવાણીની 'વંદુ હું પ્રત્યક્ષ પ્રભુના કાર્યને...' ભજન રચનામાં પ્રાર્થનાભાવ અર્પણ કરી નૃત્ય દ્વારા દીદીના ગુણોની ગરિમાને વંદના કરી. સાથે સાથે સ્વહસ્તે બનાવેલ કલગી દીદી તેમજ સ્વરૂપોને અર્પણ કરી.

ત્યાર બાદ પ.પૂ.જસુબેન અને પ.પૂ.દીદીના આશીર્વાદ લીધા તે માણીએ...

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** પપ્પાજીએ આપણને દીદી મહંત રૂપે ભેટ આપ્યા. આપણા પ્રકૃત્તિ-સ્વભાવ ટાળી સ્વરહિત કરવાના પ્રભુના કાર્યમાં આ બહેનોએ મદદ કરી છે. દીદી મારા ગુરુ છે. તેમની મને ખૂબ રખેવાળી મળી છે. અત્યારે તો સુખ સુખ છે. જેવા એ લોકો સુખથી ભરેલા છે તેવા



આપણને ભરી દેશે. માટે આપણે ખૂબ ભાગ્યશાળી છીએ.

આશીર્વાદ પ.પૂ.દીદી : ૮૫ વર્ષ જતાં રહ્યાં. પપ્પાજીએ બહુ કૃપા કરી. જ્યાં આવું ઉત્તમ સ્થાન હોય ત્યાં ઉંમર સાથે કંઈ લેવાદેવા નથી.

મળ્યા છે તે પપ્પાજીને યથાર્થ ઓળખવા સાચા ભક્ત બનવાનું છે. તેવા બનીશું એટલે ગુણાતીત ભાવને પમાડશે. પપ્પાજીના આશીર્વાદ છે કે જ્યોતમાં જે આવ્યા તે પરમ ભાગવત સંત થવાના છે. આપણે એમના વચન તરફ નજર રાખવાની છે. આપણે ભગવાનનો મનોરથ પૂરો કરવો છે. સંપ, સુહૃદભાવ, એકતાથી રહેવું તે સિવાય કાંઈ કરવાનું નથી. મહારાજ અને તેમના સર્વ સ્વરૂપોને પ્રાર્થના કરું છું કે અમે એવું જીવન જીવીએ કે આપનો મનોરથ પૂરો થાય તેવું બળ આપજો.



★ સ્વરૂપોના આશીર્વાદ બાદ વિડીયો માધ્યમથી પ.પૂ.દીદીનું ગરિમાદર્શન દ્રશ્ય-શ્રાવ્ય રૂપે માણ્યું.

આ ગરિમા દર્શનની થીમમાં ભક્ત હૃદયના ટાઈટલ નીચે જૂના જોગીઓ ને નિષ્ઠવાન ભક્તોના મૂર્તિદર્શનની ઝલક માણી.

તેમ જ મુંબઈ, વડોદરા, હાલોલ, કંથારિયા, અમદાવાદ, થાન મંડળના સામુહિક પ્રાર્થના ભાવ તેમ જ દેશ-પરદેશના અનેક ભક્તોએ દીદીને પ્રાગટ્યદિનની શુભેચ્છાઓ પાઠવી. પ્રસંગે પ્રભુને ઉપાયભૂત કરવાની, મૂર્તિની સ્મૃતિમાં રહેવાની, નિર્દોષબુદ્ધિ રાખવાની, પ્રભુને કર્તાહર્તા માનવાની, બહેનોની સેવા કરવાની, કુટુંબમાં, મંડળમાં સંપ, સુહૃદભાવ, એકતા રાખવાની પ્રાર્થનાઓ ધરી.

ગુરુહરિ પપ્પાજીના હસ્તાક્ષરમાં દીદીને આપેલા આશીર્વાદનું દર્શન કર્યું.

ચૈતન્યશુદ્ધિની સાધનામાં યુગોયુગ માર્ગદર્શન મળે તેવાં ભજનો દીદીએ બનાવ્યાં છે તેમાંથી દૈનિક દિનચર્યામાં સહાયભૂત થાય તેવા કૃપાનો કુંભ... ઉગતી પ્રભાએ... સુખ સુખ છે... દિવ્યતાને માર્ગે... ભારત તારી ધરણી... આ ભજનો પ.પૂ.દીદીના સ્વરમાં જ પપ્પાજી અને દીદીની મૂર્તિનાં દર્શન કરતા કરતા માણ્યા.

તો વળી

★ આવ્યો તારે દ્વાર પપ્પા પુષ્પહાર લઈ

★ નરદેહધારી નારાયણને નમું વારંવાર...

★ વ્હાલા તારા ભરોસે હાંકું...

★ તું અખંડ રે'ને અંતરમાં...

★ શ્રીજી શ્રીજી બોલો એમાં આવી ગ્યા...



આ કીર્તનોનું સંગીત સૂર સાથે પ.પૂ.દીદીના હસ્તાક્ષરમાં સ્ક્રીનપર દર્શન કર્યું.

દેશમાં ને પરદેશની સીમાઓને પાર રહેતાં ભક્તોનું દીદીએ કરેલું જતન, પ્રાર્થનાથી આપેલી હૂંફ ને સહજ અનુભવેલી મમતાના મહાસાગરમાં ભીંજાયેલા ભક્તોના ભાવ અને પ્રસંગોની રજૂઆત સાથે અનુભૂતિઓ માણી.

આ સર્વ હરિભક્તોની વાતનું હાર્દ હતું કે, દરેક સમસ્યાનું અમોઘ શસ્ત્ર છે ભજન. દીદીએ અમને

પ્રથમ પ્રભુ પછી પગલું ભરતાં શીખવ્યું છે. બીજા-ત્રીજા ઉપાય છોડી ભજનનો આશરો લેતાં શીખવ્યું છે. બીજા-ત્રીજા ઉપાય છોડી ભજનનો આશરો લેના શીખવ્યું છે. જેના પરિણામે અમે હળવા રહી શકીએ છીએ... દીદીએ કીર્તનરૂપી મૂડી આપી છે. જે જીવનમાં ખૂબ ઉપયોગી બની રહ્યાં છે. દીદીને રોજ ફોનથી જયસ્વામિનારાયણ કરીએ એટલે અમારી બેટરી ચાર્જ થઈ જાય છે. જે આખો દિવસ બળ આપી દે છે. અમે પ્રાર્થના કરીએ ને દીદી અમારા સુખે દુઃખે હાજર થઈ જાય છે. દીદીનાં દર્શન માત્રે અમારા જીવનમાં પરિવર્તન થઈ રહ્યું છે. દીદી એક સાચા ને મોટા સાધુ છે. તેમનામાં મૂળભૂત દિવ્યતા છે. તેમનું જીવન સૈધ્ધાંતિક છે. દુઃખ કે પ્રસંગો આવે છે તેમાં અમારા માટે સુખની દવા દીદી જ છે. દીદીએ આપેલું સૂત્ર કે દાસના દુશ્મન હરિ કે દિ' ન હોય. આ સૂત્ર નજર સમક્ષ રાખવાથી અખૂટ બળ મળી જાય છે. દીદીએ પપ્પાજીની મૂર્તિ આપીને કહેલું કે, આ ફોટાને ફોટો ન માનવો. પ્રત્યક્ષ માનીને વાત કરવી. તો પપ્પાજી આપણું બધું જ સાંભળશે. જે અનુભવ થાય છે. દીદીએ અમને પપ્પાજી ઓળખાવ્યા છે ને જીવન સુખમય બનાવ્યું છે. દાસત્વભક્તિની અગત્યતા સમજાવી છે. દીદીએ અમારા આલોકના સંકલ્પ પૂરા કર્યા ને હવે તેમાંથી પરલોકના સંકલ્પ કરતાં કરી દીધાં. દીદી એવી સ્થિતિ પર લઈ ગયા છે કે હવે અમારાથી કલ્યાણની પ્રાર્થના થયા કરે છે. દીદીએ અમારા જેવી નાની ચકલી માટે બ્રહ્માંડ ડૂબાડી તરસ છિપાવી છે. દીદી એક ઉત્તમ સાધક, પ્રેરણામય સદ્‌ગુરુ ને પોતાના ગુરુમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થઈ ગયેલું મૂર્તિમંત સ્વરૂપ છે. દીદીના હસતાં ચહેરાને યાદ કરીએ ને અંતરમાં શાંતિ અનુભવાય છે.

એવાં દીદીને અમારા સૌની પ્રાર્થના છે કે, 'દીદી તમે અમારો આનંદ ને સુખ છો. તમે જે રીતે રાખશો તે રીતે રહેવું છે. અમારી પ્રત્યેક પળ તમારામાં ખોવાયેલી રહે ને ભજનરૂપી કિલ્લો બનાવીએ જેથી આંતર-બાહ્ય શત્રુ નડે નહીં. સ્વભાવને વરાળ બનાવી દેજો. અમે છેલ્લા શ્વાસ સુધી સંબંધવાળાની સેવા કર્યા કરીએ. ખૂબ ખૂબ અભિનંદન છે આ સર્વ ભક્તોને !

સાથે સાથે 'ભેરુ ચાલ...' આ ભજનના સૂર સાથે અનેક નાના નાના બાળકોએ દીદીનું વાત્સલ્ય માણ્યું છે તેવા બાળસ્વરૂપોનું વિધ વિધ રીતે મૂર્તિદર્શન માણ્યું. ને વિદ્યાનગર મંડળના બાલ કલાકરોએ મૂર્તિની સ્મૃતિમાં જીવ્યા કરો... એ ભજન દ્વારા પોતાના પ્રાર્થનાભાવ ધરીને, ફુગ્ગાઓ આકાશે વહેતા મૂકી દીદીબાને હેપી બર્થ ડે કરી પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

અંતમાં ગુરુહરિ પપ્પાજી પાસે પ.પૂ.દીદી કેક કર્તન કરાવે છે તેનું સ્મૃતિદર્શન કર્યા બાદ ગુરુહરિ પપ્પાજી મહારાજે પ.પૂ.દીદીને તા.૧.૧.૧૯૯૩માં લખી આપેલા આશીર્વાદનું સ્કીન પર દર્શન કર્યું. તેમાં આશિષ હતા કે -

*આ સાધુ સ્વરૂપ દીદીની ચેકબુક છે. તેમાંથી જેને જેને અક્ષરધામના ચેક આપવા હોય તે આપ્યે જ રાખે. બેંક સદ્ધર છે. મૂડી અખૂટ છે. મહારાજ દાસ છે. તે સ્વીકારશે.*

*એજન્ટ પપ્પાના જય સ્વામિનારાયણ.*

આ આશિષ દર્શન માણ્યા બાદ દીદીને નીલમબેને કહ્યું કે, આ ચેકબુક તમને આપી છે. અમને નથી આપી. તો દીદી કહે, 'એક જ ચેકબુક વારસામાં મળે. તે બધા જ વાપરી શકે. બધા વાપરો. બધાએ ચેક ફાડવાના.' તો પંકજબેન કહે, 'પણ તે બધા ચેકમાં તમે સહી કરી દેજો.' દીદી કહે, 'લે એ તો કરવાના જ ને ! તમે લખો એટલી વાર.'

આમ દીદીએ રાજી થકા આશિષ આપી દીધાં. બસ જે જે ભાગ અક્ષરધામરૂપ ના હોય તે માટે આપણે ચેક લખીએ. દીદી સહી કરી, સુખ આપવા બેઠા છે જ. આવા કૃપાઆશિષમાં ભીંજાઈને આજની સભાનું સમાપન કર્યું.

પૂ.ક્રિષ્નાબેન રાડિયા અને સાથીદાર ટીમે વિડીયો માધ્યમથી વિશિષ્ટરૂપે પ.પૂ.દીદીના મહિમાનું દર્શન કરાવ્યું તે સૌની ભક્તિને અનંત વંદન સાથે અભિનંદન છે.

# તા.૨૨.૮.૨૦૨૧ : પ.પૂ.દીદીનો ૮૫મો પ્રાગટ્યદિન : 'ગુણતીત ગરિમા પર્વ'ની ઉજવણી...



આનંદ... આનંદ... આનંદ. આજનો રક્ષાબંધનનો પર્વ. ગુણાતીત સમાજના હંસાદીદી ઉચ્ચ આદર્શે ગુરુસ્થાને પણ શ્રેષ્ઠ પ્રતિભાશાળી હંસાદીદીના મંગલ દર્શન ભક્તિસભર થયાં. જ્યોતતીર્થથી પ્રભુકૃપાતીર્થ દર્શન કરી ભક્તોને ન્યાલ કર્યા. પપ્પાજી તીર્થ દર્શને ભવ્ય સ્વાગતભાવ સ્વીકારી ખરેખર ગુણાતીત ગરિમા પર્વનો આનંદ બમણો થઈ ગયો.









આજની તા.૨૨મી સાંજે ૪-૧૫થી ઓનલાઈન દર્શને આનંદ વધી રહ્યો હતો. હૈયાના ભાવો વ્યક્ત કરવા પ્રતીકરૂપે મનમોરના સુશોભને આવકાર દ્વાર શોભી રહ્યા હતા.

આ ગુણાતીત ગરિમા પર્વ કોનો છે ? કેવો છે ? એ ભાવને હંસના પ્રતીકમાં માણી આત્મા પરમાત્માનું એકાત્મ જોડાણ કેવું હોય તે સ્મૃતિભાવ ગુલાબના પુષ્પોમાં મહેંકી રહ્યો હતો. પ્રભુના આ દિવ્ય પ્રકાશરૂપ હંસાદીદીના પ્રભુસ્મૃતિમય જીવનની સ્મૃતિસૌરભ, સ્મૃતિપ્રકાશ માણતાં પુષ્પો અને મીણબત્તીના રૂપકે દિવ્ય જ્યોત ઝળહળતી હતી. અને હંસાદીદીના ધબકારમાં પ્રત્યક્ષ પ્રભુ પપ્પાજીની ગરિમા વહેતી રહી છે તેનું પ્રતીકરૂપે દર્શન કર્યું.

'પ્રથમ પ્રભુ પછી પગલું' એ રીતે પ્રારંભે પ્રભુકૃપાતીર્થે પ્રભુ પપ્પાજીનાં દર્શન, પૂજન, પ્રણામ કરી જ્યોત પંચામૃત હૉલના ઠાકોરજીને પ્રણામ કરી પપ્પાજી હૉલમાં પધાર્યા. નાના ભૂલકાંઓએ ગુરુહરિની સ્મૃતિ કરાવતા પપ્પાજીના લેબાશમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને







પપ્પાજી મહારાજની મૂર્તિને હસ્તમાં ધારણ કરી. આમ 'પ્રથમ પ્રભુ પછી પગલું' એ ભાવ સાથે દીદી સભાખંડમાં પ્રવેશ્યાં. ત્યાં ડૉ. વીણાબેને આવકારતા સ્વાગતહાર અર્પણ કર્યા ને અરૂણાબેન પટેલ રચિત 'પધારો પધારો... બ્રહ્મસમાજના દીદી પધારો...' ભજનના સૂર સાથે કલાકારોએ ભાવવાહી સ્વાગત કરતા, સુશોભિત પથ પર દીદીનાં ચરણોને સન્માનભાવ અર્પણ કર્યા. મોટેરાં સ્વરૂપોએ મંચ પાસે હાર અર્પણ કર્યા. ત્યારબાદ સ્વાગતભાવ નિહાળ્યા.

સભા સંચાલિકા બકુબેને મહિમાદર્શન કરાવ્યું કે, સત્સંગસમાજના શિરછત્રસમ હેતાબા સ્વરૂપ પૂ.દીદીના દિવ્ય ગુણાતીત ગરિમાનાં દર્શન ગઈકાલના પ્રથમ સત્રમાં આપણે કર્યા. સાથે સ્વરૂપનિષ્ઠાની દૃઢતાવાળા મુક્તસમાજના દર્શન કર્યા. દીદીએ ગુરુહરિ પપ્પાજીની નિષ્ઠા કરાવી. ભક્તોમાં રસબસ થયા. તેમણે આત્મીયતાનો અનુભવ કરાવ્યો. તેઓને ડાબે જમણે દીદી જ અનુભવાયા. તેઓના વિપરીત સંજોગોમાં દુઃખ લાગવા નથી દીધું. હૂંફ આપી છે.

અરે ધામમાં જતી વખતે મહારાજનો જન્મ ધર્યાનો છઠ્ઠો હેતુ અંતકાળે મારા જનને મારે તેડવા આવવું તે અક્ષરધામ આપ્યું તે વરદાન દીદી દ્વારા અમને પ્રાપ્ત થાય પપ્પાજીનાં ને દીદીનાં જ દર્શન થાય, કોઈ માયા અડે નહીં તેવા ભાગ્યની પ્રાર્થના પણ ભક્તોએ કરી.

વળી નિષ્ઠાવાન કુટુંબીઓનો વારસો એ માતાપિતાએ આપેલો સત્સંગ સાચવી રાખવાની ભાવના રાખી. સીવીયર એટેક આવેલાને સરહદોના સીમાડાથી પાર જઈ રક્ષા ને બળ દીદીએ પૂર્યા. તમે આગળ ને હું પાછળ રહી એક એક ડગ ભરું એવો ભક્તિભાવ પ્રાર્થ્યો. પપ્પાજીનો અંતરતમ સિદ્ધાંત દીદીના અંતરમાં સતત વહ્યા કરે છે. લૌકિક જગતમાં પણ દીદીની પ્રાર્થના, પરાવાણી, સંકલ્પ, ઈચ્છિત પરિણામ આપે છે. તેનો અનુભવ મુમુક્ષુઓએ કર્યા.

આવાં દીદીબાનો ૮૫મો પ્રાગટ્યપર્વ – ગુણાતીત ગરિમા પર્વ. 'પ્રથમ પ્રભુ પછી પગલું' એ દીદીની જીવનભાવના રહી છે તેનું દર્શન પ્રથમ કર્યું. એ સ્મૃતિમાં ગુરુહરિ પપ્પાજી મહારાજના વિડિયો માધ્યમથી દર્શન કર્યા. જેમાં દરિયાદેવે માહાત્મ્યસભર થઈ તે પ્રભુના પગલાં પખાળ્યાં.

ત્યાર બાદ પ.પૂ.દીદીનો ગોંડલ અને સારંગપુરનો પ્રસંગ અભિનય સંવાદ દ્વારા રજૂ થયો. તે પ્રસંગ સ્મૃતિ

એવી છે કે – દીદી કહે છે કે 'મારું જીવનધ્યેય નક્કી જ નહોતું. મારે તો પરણવુ જ હતું. મા-બાપ નહીં પરણાવે તો જાતે પરણી જઈશ. પણ મહારાજને ખબર હતી તે ૧૯૫૪માં એમણે જ ગોંડલમાં મારી પાસે બોલવ્યું કે 'હે મહારાજ ! હું તમારી છું. મને રખડાવતા નહીં.' ને ૧૯૫૫માં અમે સારંગપુર ગયા ત્યારે બાબુભાઈ (પપ્પાજી) પણ ત્યાં આવેલા. શાસ્ત્રીજીમહારાજના સમાધિસ્થાને પ્રદક્ષિણા કરતા હતા. અમને એમના તરફ માન હતું એટલે હું પણ ત્યાં દર્શન કરવા ઊભી રહી અને અંતર્યામીપણે ત્યાં ગુલાબી ગુલાબની પાંદડી મને આપી અને કહ્યું, 'લે હંસા ! મહારાજ તારો સંકલ્પ પૂરો કરશે.' ને એ આશીર્વાદના




પ્રતાપે મારું મન બદલાયું ને જીવનનું ધ્યેય ભગવાન ભજવા તરફ વળ્યું ને મહારાજે અંતરમાં અનુભવ કરાવ્યો કે...

ગુરુમાં શ્રીહરિનો વાસ, ગુરુ સ્વયંમ અવિનાશ
ગુરુનો મને રંગ લાગ્યો...

આ સંવાદને અભિનય દ્વારા ગુરુહરિ પપ્પાજી – પૂ.હરણાબેન દવે અને પ.પૂ.હંસાદીદી – પૂ.ઋજુબેન ભરૂચીના પાત્ર દ્વારા રજૂ થયો ને દર્શનાર્થી સૌએ એ ગોંડલના ઘનશ્યામ મહારાજ અને સારંગપુર તીર્થધામ સમક્ષ શાસ્ત્રીજીમહારાજના સમાધિસ્થાનની યાત્રા કરી તેવો અનુભવ કર્યો.

અને આ આખા પ્રસંગની સ્મૃતિ કરાવતું સ્ટેજ



સુશોભન સૌને અક્ષરધામનું સુખ આપી રહ્યું. એમાં સ્મૃતિબેન દવે રચિત ભજન 'શ્રીજીયોગીના સંકલ્પની જય...' ઉપર કલાકાર બહેનોએ હાથમાં ગુલાબી ગુલાબ લઈને દીદીના મહિમાપર્વનો ગુલાલ ઉડાડતો ભાવ નૃત્ય દ્વારા રજૂ કર્યો.

ત્યારબાદ સર્વ સ્વરૂપોને મંચ પર સ્વઆસને બિરાજમાન કર્યા. સૌ પ્રથમ પ.પૂ.દીદીએ ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજી મહારાજને હાર અર્પણ કર્યો. આજની સભામાં પૂ.બકુબેને ગુરુહરિના હસ્તાક્ષરોની આશિષપ્રસાદીના શબ્દની ફૂલમાળાઓ અર્પતા ગરિમાપર્વની ગરિમા વધારી દીધી. ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજીને હાર અર્પણ કરી પપ્પાજી સ્વરૂપે હરણાબેને પ.પૂ. દીદીને હાર અર્પણ કર્યો. અને પ.પૂ.દીદીને સ્મૃતિમંદિર વતી સ્મૃતિપ્રસાદીના દર્શનની ભેટ સ્મૃતિબેને અર્પણ કરી.






ત્યારબાદ પ.પૂ.દીદી રચિત ભજન 'પ્રથમ પ્રભુ રાખો...' તે ગવાયું. આમ પ્રથમ પ્રભુ પછી પગલું



માંડતા ઉત્સવ બેજ તથા સર્વ કેન્દ્રો વતી ભાવાર્પણ થયા. બરોડા મંડળના સર્વ હરિભક્તો તરફથી સૂકામેવાનો હાર અર્પણ થયો. ગુણાતીત પ્રકાશના ભાઈઓ વતી પુષ્પગુચ્છ અર્પણ કરી તેમના પ્રાર્થનાભાવોનું વાંચન થયું તે માણીએ.



હે પપ્પાજી સ્વરૂપ દીદીબા !

પાયલાગણ સહ જય સ્વામિનારાયણ

આપે આપની પાંખમાં અમને સમાવ્યા છે. આપની હૂંફમાં છીએ તો નિશ્ચિંતતાથી પ્રભુ સંગેની એકતા કરી શકાય છે. આપે પરમ તત્ત્વ પપ્પાજીની અમને ઓળખાણ કરાવી છે. આપે અમ કાજે નિરંતર પ્રાર્થનાઓ કરી છે. આપની ગરિમાને અમે શબ્દશઃ ઓળખી વર્તને વહાવી હૃદયમાં ધારીને વધુ ને વધુ ઉજાસવંતી બનાવી શકીએ. અમને પ્રભુ ધારતા કરીને તેનું સુખ માણવાના પ્રયાસમાં આપ નિરંતરના સાથી છો તેનો વિશ્વાસ છે. તેમાં સફળતા આપની પ્રાર્થનાને કારણે મળશે જ. બ્રહ્મતનુ થશે જ. તો અખંડ આનંદ કરીએ, કરાવીએ. અને આપનો અભિપ્રાય સમજી વર્તવાનો આદર રાખીએ.

હે દીદીબા ! સર્વ ગુણાતીત પ્રકાશના ભાઈઓની આપના હૃદયચરણે કાકલૂદીભરી પ્રાર્થના છે. સ્વીકારવા કૃપા કરશો.

ત્યારબાદ કર્મયોગમાં, સભા-શિબિરો-સમૈયામાં, વ્યવસ્થા-સભાસંચાલનમાં વગેરે ક્ષેત્રોમાં દીદીની પ્રેરણા ને યોગદાનનો ગરિમાભાવ મુક્તોએ વહાવ્યો તેનો સાર માણીએ.

**પૂ.ડૉ.નીલમબેન :** મારા ને આપણા સૌનાં વહાલાં દીદી. હું એમની છું એનાથી વિશેષ એ મારા છે. મેં સમર્પણ કર્યું એનાથી વિશેષ એમણે કર્યું છે. મેં મારા માટે જેટલી પ્રાર્થના કરી છે એનાથી અનંતગણી પ્રાર્થના એમણે કરી છે. એવા શિષ્યોના પણ દાસ તો પ્રભુના કેવા દાસ હશે ! તેઓ નિરંતર 'તુંહી તુંહી' કરે છે. એવા સત્પુરુષનો શું મહિમા કહેવો ? શરૂઆતમાં મને થાય કે દીદી પપ્પાજીના અંધભક્ત છે. એમાંથી હું અંધભક્ત બની ગઈ એવું મારું રૂપાંતર થઈ ગયું. મનથી એવું અમન થયું, બુદ્ધિથી નિર્દોષબુદ્ધિ અખંડ થઈ ગઈ, ચિત્તથી અખંડ ભગવાન જ ચિત્તમાં પરોવાયેલા રહે છે એવું ચિત્ત શુદ્ધ થઈ ગયું એ એમની અંધભક્તિનું પરિણામ છે. એમની અંધભક્તિથી એમના અહમ્‌માં સ્વનો વિલય થયો ને સંપૂર્ણ દાસત્વભક્તિ પ્રગટી ગઈ. પોતાની પ્રકૃતિ વાત્સલ્ય ને સમજણની તેમાંથી સર્વ પ્રકૃતિ ગ્રહણ

કરે છે ને સર્વ પ્રકૃતિવાળા ચૈતન્યોને ગ્રહણ કરીને તેનું શુદ્ધિકરણ કરે અને દાસત્વભક્તિ ઉગાડે એવી અંધભક્તિથી પ્રભુનો સ્વભાવ ને દીદીનો સ્વભાવ એક થઈ ગયો. દીદી એવા અંધભક્ત બન્યા તો એમનો નેતિ નેતિ મહિમા આપણા જીવનમાં અનુભવાય છે. દીદીએ મને એવી તૈયાર કરી. અત્યારે એટલો બધો આનંદ છે કે માગણી તો કંઈ રહી જ નથી. ફક્ત થેંક યુ થેંક યુ. એક ચપટી વગાડતામાં મને ભગવાનની સેવામાં જોડી દીધી. જીવનમાં કેટલાય પ્રસંગો છે કે દિલથી દિલ એક કરીને દીદીએ મને જીતી છે. શું જીતી ? મારો અહંકાર જીત્યો છે. મને સ્થિર કરી.



ચૈતન્યના રૂપાંતર માટે જીવ સાથે જીવ જોડવો પડે. અનેક પ્રસંગોમાં દીદીએ એવી હૂંફ આપી છે પપ્પાજીના વિશ્વાસના અનંત પ્રસંગો છે. પપ્પાજી અને દીદીએ ક્યારેય પૂછ્યું નથી કે કહ્યું નથી કે આમ કર ને આમ ના કર.

અમદાવાદમાં દીદી પાસે અમે ૨૦-૨૦ ચૈતન્યો એક સાથે પ્રગતિ કરતા'તા. દીદીએ સલુકાઈ, સ્મિતથી અમારું રૂપાંતર કર્યું છે. આધ્યાત્મિક જીવન જીવતાં કર્યાં. પપ્પાજીએ આવા વારસદારોની પેઢી તૈયાર કરી છે. તો સામે આવનાર મહામુક્ત છે તેની ગરજુ થઈને અહોહોભાવે સેવા કરવી છે. બીજું કાંઈ જોઈતું નથી. તમારી જ છું ને રહું તેવું કરી આપજો.

**પૂ.માયાબેન દેસાઈ :** આ ચાર સ્વરૂપોને પપ્પાજી પોતાની સાથે જ લઈને આવ્યા છે. સ્વામીની વાતમાં છે તેમ. ચારે બહેનો પહેલેથી જ ગુણાતીત સ્વરૂપ હતાં. આત્મા ને પરમાત્માનો વેગ કેવી રીતે લગાડવો તે પહેલા લગાડ્યો છે. આ ચારે બહેનો અમને ક્યારેય જુદા નથી લાગ્યા એટલી બધી તેમનામાં આત્મીયતા હતી. સતત લક્ષ્ય રાખીને જતન કર્યું. ભજનથી આગળ લીધા. નાના હતા ત્યારે બધી જ વાતો – નાનામાં નાની સેવાથી માંડીને બધું જ એમણે શીખવ્યું છે. એક એક કાર્ય આપતા ગયાં ને ભળતા ગયાં. આગળ લેતા ગયાં. આવા સ્વરૂપોની ગોદમાં બેઠા પછી કરવાનું કાંઈ નથી. એ સિવાય કાંઈ કરવાનું મન થાય છે તે સ્વ ટાળવાનું છે. સત્પુરુષના જોગમાં છીએ તો ટોટલ ભાર એમના પર નાખી દઈએ. આપણે તો નિમિત્ત બનવાનું છે. તે આપણને શીખવાડ્યું છે. પપ્પાજીએ જે જે કાર્ય કર્યું તેમાં આ સ્વરૂપો નિમિત્ત બનીને ભળ્યાં. પ્રભુના આધારે, આશરે ને બળે કરવાનું એમણે આપણા માટે માગી લીધું. આપણને તે પ્રમાણે વર્તતા કર્યાં. એમની પ્રાર્થના, સંકલ્પે આગળ લઈ રહ્યાં છે.

આપણે સુખ, શાંતિ, આનંદથી ગરકાવ રહીએ. આ જોગ જન્મારામાં ન હોય. પ્રભુની કૃપાનું અવતરણ આપણી આસપાસ છે તેમાં મહાલ્યા કરીએ તેવી પપ્પાજી, દીદી અને સ્વરૂપોને પ્રાર્થના.

**પૂ.દયાબેન :** દીદી એટલે બહુમુખી પ્રતિભા ધરાવતું પપ્પાજીનું સ્વરૂપ. દીદી પહેલેથી જેવું તેવું ચલાવે નહીં, ચાલવા દે નહીં. તેમના દરેક કાર્યમાં સુંદરતા ને દિવ્યભાવ સહિતનાં દર્શન થાય.

શાંતાબાને યોગીબાપાએ આશિષપત્ર લખી આપેલો તે છપાવ્યો. તેનું નામ દીદીએ સુનૃત રાખેલું. સુનૃત એટલે સત્ય, પ્રિય ને હિતકર બોલવું, વિચારવું તે. આ બધા સ્વરૂપો સુનૃત જેવા છે. આપણને હસતા, રમતા ખમવા નમવાનું, ગમ ખાવાનું શીખવી રહ્યા છે. ૨૪ કલાક સેવા, સમાગમ કરીએ છીએ. આ સ્વરૂપોના સાંનિધ્યમાં પાંગરી રહ્યા છીએ. પપ્પાજીનો

સંકલ્પ એમના થકી પૂરો થવાનો છે. રોજ કેવા સરસ આશીર્વાદ આપે છે. દરેક વાત માટે સંકલ્પ, ભજનથી કામ લે છે. હળીમળીને એકતાથી કામ કરીએ. નાની નાની વાતોમાં ચોકસાઈ ને દિવ્યભાવથી સેવા કરવાનું શીખવાડ્યું છે. તેઓએ દરેક વાતમાં કાળજી લીધી છે.



શરૂઆતમાં પત્રિકા શરૂ કરી. પત્રિકામાં પપ્પાજીની વાતનો હાર્દ આવી જાય તેવું સુંદર લખાણ આપતાં. દરેક ક્ષેત્રમાં દીદી પ્રેરણામૂર્તિ છે. સમાજિક, લૌકિક, આધ્યાત્મિકતામાં ખૂબ પ્રતિભાશાળી.

પોતાને સોંપેલા ચૈતન્યોની બરાબર કસણી કરી છે ને આગળ લીધા છે. ને દરેકની દરેક પ્રકારે રક્ષા કરી છે. પોતે સાધક તરીકે જાગ્રત રહેતાં, અંતર્દ્રષ્ટિ કરતાં, નિષ્કપટ થતાં. જે સેવા સોંપી તે ઈંદ્રિયો, અંતઃકરણ, જીવ પરોવી ભક્તિભાવે કરતાં એ દીદી.

આપણા સ્વભાવ, પ્રકૃતિ ચલાવી લે છે ને આગળ લે છે. એકાંતિક બનાવવા પ્રાર્થના, ભજન કરીને પપ્પાજીની પરાભક્તિ કરે છે.

પૂ.વશીભાઈ : દીદી એટલે લેજન્ડ. મોટી મોટી ઈન્ડસ્ટ્રીઝમાં, કોર્પોરેશનમાં લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ હોય છે. દીદીનો ૮૫મો પ્રાગટ્યદિન એ એવો જ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ છે.

૧૯૫૫માં પ્રેમાનંદસ્વામીના સમૈયામાં હંસાદીદીએ ભજન ગાયું હતું. કાકાજી ખૂબ ખુશ થઈ ગયા ને કહે 'વાહ, મહારાજ સરસ બોલી ગ્યા.' ભજન, કીર્તન, રાસ, સાંસ્કૃતિક કાર્યક્રમ, વ્યવસ્થા, ચોખ્ખાઈ, ચીવટાઈ, યાદશક્તિ જેવા કેટલાય ગુણોનું દિવ્ય દર્શન આપણા માટે દીદીએ કરાવ્યું. જેનું દર્શન કરી આપણે તેમાંથી કંઈ લઈ શકીએ.

દીદીનું જીવન એક યાત્રા છે. અમે દુનિયાના જુદા જુદા ક્ષેત્રના મહાન મહિલાઓ થઈ ગયાં તેઓની સમાજ પરની અસર અને દીદીએ એ જ રીતે આપણા ગુણાતીત સમાજને શું સંદેશ આપ્યો તે ટૂંકમાં તૈયાર કર્યું છે.'

(પૂ.વશીભાઈએ આઈન્સ્ટાઈન, મધર ટેરેસા, ફ્લોરેન્સ નાઈટીંગેલ, મેરી ક્યુરી, ઈંદિરા નૂયી જેવા વ્યક્તિ વિશેષના ગુણો દીદીમાં દર્શાવ્યા તેનો સાર માણીએ.)


૮૫ વર્ષની ઉંમર સુધીમાં દીદીએ દરેક સેવા અંત સુધી તેમણે ભક્તિભાવથી કરી છે. ગમે તેવા વિપરિત સંજોગોમાં પોતાનું લક્ષ્ય સાધવામાં કોઈ બહાનુ નથી કાઢ્યુ કે નથી કોઈ ફરિયાદ કરી. યોગીજીમહારાજનો બહેનો માટેનો સંકલ્પ પૂરો કરવામાં દીદી હંમેશા કૃતનિશ્ચયી, આત્મવિશ્વાસ ને હિંમતવાન રહ્યા. વિવિધ ક્ષેત્રોમાં નવીન કાર્ય કરી નવી જ પ્રેરણા આપી છે. પપ્પાજીના નિત ઉત્સાહથી દર્શન કરી તેમની દિવ્યતા અંતરમાં વધારતા જ ગયાં.

આ મહાન વ્યક્તિઓ સફળ થયા, મોટા કહેવાયા તો ય જીવનમાં કંઈક બાકી રહી ગયું. જ્યારે દીદીને ૮૫ વર્ષની યાત્રા બાદ પણ મનમાં કોઈ ફરિયાદ કે દુઃખ નથી. પરિપૂર્ણતા છે, આનંદ છે, સારું જીવન જીવ્યાની સભરતા, સહજતા છે. બહેનોને ભગવાન ભજવાનો નવો પથ કંડારવામાં આગેવાનોમાં હતા તેમાં સારધાર પાર ઉતર્યા છે. પપ્પાજી, કાકાજીએ જેમને પરમ ભાગવત સંત કહ્યા છે તેવા દીદીને લાખો કરોડો ધન્યવાદ.

હે દીદી ! અમે પણ સ્વરૂપોએ જે રાહ બતાવ્યો છે તેના પર ચાલીને તમારી પ્રસન્નતા પ્રાપ્ત કરીએ એ જ પ્રાર્થના.

પૂ.આનંદીદીદી : આ સમૈયાનું નામ 'ગુણાતીત ગરિમા પર્વ' મને ખૂબ ટચ કરી ગયું. ઘણા વર્ષોથી દીદીનું જીવન જોયું છે. દીદીએ એવું દિવ્ય જીવન જીવીને ગુણાતીત સ્વરૂપોની ગરિમા વધારી છે.

૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણની દ્વિશતાબ્દીનો સમૈયો દિલ્હીમાં કર્યો હતો ત્યારે દીદીના પ્રથમ વાર દર્શન કર્યાં હતાં. ત્યારે ખૂબ જ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યો હતો. તેમાં જ દીદીની અનોખી ભક્તિનાં દર્શન થતા હતાં. જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન, જસુબેન, પદુબેન, પ્રેમબેન ગુણાતીત સમાજના બહેનો માટે આદર્શ સ્વરૂપો છે. તેનો અનુભવ પણ કર્યો છે. કાકાજી, પપ્પાજીના અંતરને એમણે હાશ અર્પી છે.



૨૬.૧.૧૯૮૬ના કાકાજીએ અંતિમ સંદેશો આપ્યો તેમાં બહેનો પ્રતિ પોતાની અંતરની પ્રસન્નતા દેખાડી છે. 'ધન્યવાદ છે આ બહેનોને. નહીં તો અમને બે ભાઈઓને બધા મારી નાખત.' મને એ વાત ખૂબ અસર કરી ગઈ કે વિરોધના સંજોગોમાં આ બહેનો કેવું સરસ જીવ્યાં ! દ્રઢ નિષ્ઠાથી ભગવાન ભજવાનો રાહ કંડાર્યો છે.

ગયે વર્ષે મારી હાર્ટ સર્જરી થઈ. દીદી ફોન કરીને ખબરઅંતર પૂછતાં. આ ગુણાતીત સ્વરૂપોની આત્મીયતા અને પ્રેમ આપણને બળ આપે છે.

હે દીદી ! તમારા ચરણોમાં પ્રાર્થના છે કે, મને અહીં ભલે બધા આનંદીદીદી કહે પણ તમે જ કૃપા કરીને મને તમારી કક્ષાએ લઈ જજો.

પૂ.સર્વેશ્વરબેન : બહેનો ભગવાન ભજે તો શું ખોટું ? એ વાત જેમના માટે યોગીમહારાજે ઉચ્ચારેલી તે મારા ગુરુજનોમાં દીદી. રખોપુ કરનારા દીદી. જે સૌને સમજી શકે ને સમજાવી શકે તે દીદી. દરેકના હૃદયમાં સ્થાન લે તે દીદી.

દીદીના પગના ઑપરેશન વખતે હું અમદાવાદ દર્શને ગઈ હતી. મેં પ્રાર્થના કરી કે તમારું શરીર અમારા માટે સાચવજો. ત્યારે દીદીએ બે-ત્રણ વાત કરી કે - સાધુ થયા એટલે પૂરું નથી થતું. શરૂઆતના ૧૦ વર્ષ સમજવામાં, બીજા ૧૦ વર્ષ શીખવામાં જાય. ૨૦ વર્ષ પછી ગુરુહરિને આપણા પર થોડો વિશ્વાસ આવે. ૬૦ વર્ષ પછી આપણે જાતે કાંઈક સમજતા શીખીએ. એટલે હજી તો મારે સત્સંગની જુવાની છે. પપ્પાજી એમની સેવા માટે મને દોડાવશે. એટલે ચિંતા ન કરીશ.

આવા વડીલો જીવનમાં ન હોય તો સાચી વાત ન સમજાય. આંતરિક સ્વભાવ, પ્રકૃતિ શમી ન જાય. પ્રભુ કૃપા ન કરે. તેમની આપણા પર કૃપા છે તો આ સુહૃદભાવની યાત્રા કરી વડીલોને હાશ કરાવતા રહીએ તે જ પ્રાર્થના.

ત્યારબાદ અસ્મિતાબેન ચુડગર તરફથી દીદીને કેકનો ભાવ અર્પણ કર્યો.



પ્રકાશન વિભાગ તરફથી 'આતમ મહિમાની મહેંક' અને 'આતમ ગરિમાના ઝરણ' પુસ્તિકારૂપે સ્મૃતિભાવ



પૂ.ઈલાબેન દવેએ અર્પણ કર્યો. અને જ્યોત તરફથી પ.પૂ.દીદીના માહાત્મ્યના ભજનોની સીડી 'ગુણાતીત ગરિમા' પ.પૂ.દેવીબેનના હસ્તે પૂ.સોનલબેને મુક્તાપર્ણ







કરાવી. ત્યારબાદ પપ્પાજીનું મૂર્તિદર્શન કરાવતી ગોળ ફરતી ફોટોફ્રેમની ઉત્સવ સ્મૃતિભેટ સ્વરૂપોને અર્પણ થઈ.

આશીર્વાદની લહાણીમાં પ.પૂ. દેવીબેન, પ.પૂ. દીદી, પ.પૂ.બા અને ગુરુહરિ પપ્પાજીની કૃપા માણી.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** અહોહોહો ! બે દિવસથી આપણે તો અક્ષરધામમાં વિચરીએ છીએ. ધન્ય હો શાસ્ત્રીમહારાજ અને યોગીમહારાજને ! એમણે ભગવાન ભજવાના આશિષ આપ્યા. ને કાર્ય કાકાજી, પપ્પાજી, બાને સોંપ્યું. તેમાં જ્યોતિબેન, તારાબેન, દીદી ભળ્યાં.

દીદી કેટલા મોટા ! હે દીદી ! તમે પપ્પાજીમાં અપ્રતિમ પ્રેમ, વિશ્વાસ, ભક્તિ ૨૪ કલાક રાખી. તમારા જેવી પ્રભુભક્તિ કરવાનું બળ આપજો. ભક્તોએ કેવા સરસ અનુભવની વાતો કરી ! ભેગા રહીએ છીએ તો જે મહિમા ને માહાત્મ્ય સમજીએ તેમાં ચિનાઈ પડ વચ્ચે ના રહી જાય. તે માટે જાગ્રતતા રાખવી છે.

દીદી નાનપણથી કેવી ભગવાન સાથે વાતો કરતાં ! રોજ બાપા સાથે વાતો કરે. બાપાએ અંદરથી જવાબ આપ્યો કે બાબુભાઈને વાત કર. એ મૂર્તિને પ્રત્યક્ષ માનતા. કેવું એમનું હૃદય ચોખ્ખુ ને પવિત્ર !

જે વાતો સાંભળી, ગ્રહણ કરી તે આપણા જીવનમાં આવે. આપણે ખૂબ નસીબદાર છીએ. આવા સ્વરૂપોને યાદ કર્યા કરીએ તો આપણે આગળ વધી જઈશું.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ૮૫ વર્ષ કોનાં છે ! આપણે તો મહારાજના વખતથી છીએ. દેહ બદલીએ છીએ. આપણામાં એવું ભક્તપણું હોય કે આપણો રથ ભગવાન ચલાવે. આપણે જેટલું કર્યું તે તો જમા થઈ ગયું. જે કરવાનું બાકી છે તે તરફ નજર રાખી દોટ મૂકીએ. મળ્યા છે એ પૂર્ણ છે, પૂર્ણ કરીને મૂકશે. મંજીલ દૂર નથી પણ સ્પીડ રાખવી. આપણી ગતિ એના સહારે વધારીએ. તમે રાજી થશો ને ! સંપ, સુહૃદભાવ, એકતા એમનો મંત્ર છે તે રાખીએ. આપણી આપણાથી પ્રભુ રક્ષા કરે. એટલે શું ? તો આપણે મનધાર્યા જેટલા પગલાં ભર્યા હશે એટલા પાછા આવવું પડશે.

એમના વગર કોઈ માયા વળગેલી ના રાખીએ. આપણે બધાએ હાથમાં હાથ પકડીને ચાલવું છે. એકબીજાનો ટેકો મળશે. અત્યારે સાનુકૂળતા છે. સ્થિતિ કરવાની, પ્રાપ્તિ કરવાની. તો એમને પ્રસન્ન કરીએ. જીવનમાં મૂકવાનું અઘરું લાગે છે. આપણે ધ્યેય સિદ્ધ કરવા બળ માગ્યા કરવું. આપણે બધા

હાથમાં હાથ પકડીને આગળ જતા રહીએ. એકબીજાનાં દર્શન માહાત્મ્યથી કરીએ તો તેનું સુખ જુદુ આવશે. ભગવાન સુખ આપવા બેઠા છે ને આપણે લેવું છે તે ઝીલી લઈએ, જીવી જઈએ.

**આશીર્દાન પ.પૂ.સોનાબા :** દીદી જ્યારથી આવી ત્યારથી ખપથી આવી. જ્યોતિ, તારાની બેન છે એવું જ લાગેલું. સ્વધર્મ તો ખૂબ જ કે ન પૂછો ને વાત. સ્વામીએ જ મોકલી. આચારસંહિતા તો પછી લખી છે પણ એ તો આવી ત્યારથી પાળતી આવી છે. દીદીનું શિક્ષણ એવું કે ન પૂછો ને વાત. ચોક્કસાઈ પણ એટલી બધી !

જ્યોતિ, તારા, હંસા, દેવી, બેન આ બધા ગુણાતીત જ્યોતના મજબૂત થાંભલા છે. જે બાપાને કરાવવું'તું તે સિદ્ધ થયું. અડીખમ તૈયાર થઈ ગયા. પાછળ બધા છે તેમને સુખે સુખે આગળ લો તેવી પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આ વખતે મહારાજ પોતાના જેવું કલ્યાણ કરે તેવા સંતો, બહેનો, યુવકો, ગૃહસ્થો લઈને પધાર્યા. ગુણાતીત સમાજની સ્થાપના થઈ ગઈ. સદ્‌ગુરુઓ તૈયાર થઈ ગયા. અહીં જે છે તે બધા બ્રહ્મનિયંત્રિત વર્તે છે. કોઈ ઐસા તૈસા જીવડા નથી. ગુણાતીત ભાવમાં રહેતો ગુણાતીત સમાજ અસ્તિત્વમાં આવ્યો. બેને કહ્યું હતું કે વડવાનળ જેવા થવા વરાળ બનવું પડે. દીદી એવા બની ગયાં. સંકલ્પસ્વરૂપ દીદી વરાળ બની ગયાં.

જે જે સંબંધમાં આવ્યા તેને ગુણાતીતભાવમાં રહેતા કર્યા. ભગવાન આપવાનું કામ કરી રહ્યા છે. ધન્યવાદ છે. જે સામે આવે તેને ભગવાન આપ્યા કરે. તેઓ તબિયત સાચવે તે જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

અંતમાં પ.પૂ.દીદીએ આશિષમાં કહેલું એ પ્રમાણે હાથમાં હાથ પકડી ભગવાન પ્રસન્ન થાય તેવી સંપ, સુહૃદભાવ, એકતાથી પ્રથમ પ્રભુ, પછી પગલું તેમ વર્તવાની ભાવના સાથે સર્વ મુક્તોએ એકબીજાના હાથ પકડી પરમ ભાગવત સંત બનીએ તેવી આશિષયાચનાનું ગાન કરી વંદના કરી.

જય જય બોલો પપ્પાજીની
જય જય બોલો હંસાદીદીની
અગણિત વંદન હો પપ્પાજી
અગણિત વંદન હો હંસાદીદી
હરપળે કરીએ પ્રભુ સંગે અમે તમ જેવી વાત
પ્રથમ પ્રભુ પછી પગલું ભરીએ સૌ સંગાથ
દીદી વરસાવો કૃપા
જય જય બોલો પપ્પાજીની
જય જય બોલો હંસાદીદીની
અગણિત વંદન હો પપ્પાજી
અગણિત વંદન હો હંસાદીદી

ને જયનાદ કરી 'ગુણાતીત ગરિમા પર્વ'નું સમાપન કર્યું.



## તા.૨૭.૮.૨૦૨૧ : પ.પૂ.દેવીબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...



આપણા ખૂબ નસીબ છે કે ગુરુહરિ પપ્પાજીને ધારેલા સ્વરૂપો પ્રત્યક્ષ રીતે આપણને મળ્યા છે એવાં પ.પૂ.દેવીબેનના ૬૨મા સ્વરૂપાનુભૂતિદિને માહાત્મ્યગાનની સભા થઈ.



૨૭.૮.૫૬નો એ સ્મૃતિદિન. બ્ર.સ્વ. યોગીજીમહારાજના પત્રમાં લખેલું કે 'મહિમા એ પાવર છે...' એ મહિમાથી ભરપૂર દાસત્વભાવે વર્તવું. જેમાં મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્‌નો પાશ ન હોય તેવા તેમના જીવનને માણવાની આજે તક મળી. સ્વાગત ભાવના પ્રારંભે સ્વયં પ.પૂ.દેવીબેને ગુરુહરિ પપ્પાજી મહારાજને હાર અર્પણ કર્યો. એક યુવતીમંડળની બેને દેવીબેનને બાયોડેટારૂપે પ્રશ્નો પૂછેલા તે સ્મૃતિ કરી. ને આ સ્મૃતિ આપનાર બેન અત્યારે જ્યોતમાં સાધના કરી રહ્યાં છે. એ પ્રીતિબેન માવાણીએ સમગ્ર જ્યોતની બહેનો વતી પ.પૂ.દેવીબેનને હાર અર્પણ કર્યો. ત્યાર બાદ દેવીબેનને પૂ.ચિત્રાબેન મુંબઈ તરફથી પૂ.ગીરાબેને, પૂ.જયશ્રીબેન મુંબઈ વતી પૂ.જોષબેને દેવીબેનને હાર અર્પણ કર્યો. સ્વરૂપોને હસ્તકલાથી સજાવેલ કલગી અર્પણ થઈ અને ત્યાર બાદ મહિમાના પાવરથી ભર્યા ભર્યા થયા. એમાં નાનાં નાનાં બહેનોએ અનેક પ્રકારની સ્મૃતિથી ભર્યા. જેમાં કોઈનો શ્યામ, કોઈના દાસી, કોઈના મિત્ર, ગુરુ, સંત બન્યા હોય તેવા અનુભવોના પાવરથી સભર થયા. આશિષ પાવરથી ચાર્જ થયા એ માણીએ.



પૂ.કાંતાબેન કેશોદ પ.પૂ. દેવીબેનની સ્મૃતિ કરાવતાં વાત કરી કે, એકવાર દેવીબેને મને મારી રૂમમાંથી તેમની રૂમમાં બોલાવી કે અહીંયા આવો. હું ગઈ. તો કહે, 'હવે પાછા જાવ રૂમમાં.' પાછી મને બોલાવી. પછી કહે, 'જેમ હથેળીમાં જળનું બિંદુ હોય તે દેખાય તેમ તમારા વિચારને જોઈ શકું છું. આપણે પોઝીટીવ વિચારે જીવવું છે. જાવ, હવે તમારું કામ નથી.' આટલું કહીને મને મોકલી દીધી. કેવું તેમને દેખાય છે વિચારમાં જરા પણ ઓરોભાવ ચાલવા દેતા નથી.

હું પોતે વરણાગી હતી તેમાંથી મને વૈરાગી બનાવી મારું અંતર ચોખ્ખું કરી દીધું. એ તેમની જ કૃપા ને કાર્ય છે. બસ, પપ્પાજીને અને સૌ સ્વરૂપોને રાજી કરી લઈ પરમ ભાગવત સંત બની જઈએ એ જ પ્રાર્થના.

**પૂ.સોનલબેન રતનપરા :** દેવીબેનના પ્રોગ્રામના ભજનમાં છે કે દેવીબેન અકળ સ્વરૂપ. પણ તે મને સમજાય નહીં. પરંતુ તે એવા ગતકડાં કરી સૂઝ આપી દે ત્યારે ખ્યાલ આવે કે આ તો ખૂબ અકળ સ્વરૂપ છે.

એક વખત દેવીબેન પંચામૃતમાં હતાં. તેમના સાંનિધ્યે આનંદબ્રહ્મ ચાલતો હતો. તેમાં એક બેને પ્રાર્થના કરી કે, તમે અમારા અંતરમાં સદાય રહેજો. તો દેવીબેન એકદમ ગંભીર થઈને કહે, 'હઠ, માન, ઈર્ષાથી પર જીવીએ તો તે સ્હેજે અંતરમાં રહે જ.' આ તેમનું બ્રહ્મસૂત્ર. આગળ જવામાં ખૂબ કામ કરે છે. દેવીબેન અવારનવાર કહે કે તમે મને બહુ વહાલાં છો. દેવીબેને અમને દીદીનો મહિમા સમજાવ્યો છે.

હું નામે સોનલ છું પણ ખરા અર્થમાં સોનું બની જઉં. આવા ચિંતામણી સમ સ્વરૂપો મળ્યા છે તો તેમની રીતે જીવીને ધ્યેય સિદ્ધ કરી લઉં એ જ પ્રાર્થના.



**પૂ.પ્રીતિબેન ભાવાણી :** હું જ્યારે જ્યોતમાં આવી ત્યારે મને કાંઈ જ આવડતું ન હતું. એકવાર દેવીબેન અમારા મકાન પ્રાપ્તિમાં પધાર્યા હતા. મને અંબોડો વાળતા આવડતો ન હતો. તે દેવીબેને નોંધ્યું. પછી પોતે પોતાના વાળનો અંબોડો વાળીને મને શીખવાડ્યો. આવું નાની નાની વાતે ધ્યાન રાખીને ઘણું બધું શીખવ્યું છે ને જતન કર્યું છે.

હું ઘરેથી ભણીને આવેલી. મને લાચારી ના ગમે. તેથી થાય કે મારે સર્વિસ કરવી છે. આપણી પાસે પૈસા તો હોવા જ જોઈએ. મેં જ્યોતિબેનને વાત કરી. તેમણે મને સમજાવી. હું ના સમજી. પછી દેવીબેનને વાત કરી. જ્યોતિબેન-દેવીબેન બંને સ્વરૂપોએ મારી માંગણી સ્વીકારી. હું સોનાબા કલીનીકમાં જતી. તો દર મહિને મારી વાત મુજબ અમુક રકમનું કવર દેવીબેન મને આપવા આવતાં. આવું એક મહિનો, બીજો મહિનો ચાલ્યું. ત્રીજા મહિને દેવીબેન કવર આપવા આવ્યાં. ત્યારે મને અંદરમાંથી કવર લેવાનું મન ના થયું. જ્યોતિબેન-દેવીબેને ખરેખર મારામાંથી આ રાગ ખેરવી દીધો. પછી હું દેવીબેનને કવર પાછું આપવા ગઈ ત્યારે દેવીબેને આશીર્વાદ આપેલા કે 'તારે જ્યારે જરૂર હશે ત્યારે ભગવાન છપ્પર ફાડીને આપી દેશે.' ને ખરેખર આ આશીર્વાદનું હું મારા જીવનમાં અત્યારે સાકાર દર્શન કરું છું. મને પૈસા રાખવાનું મન થતું નથી. ને જ્યારે જે જરૂર પડે તે મળી જ રહ્યું છે. આ દેવીબેનના આશીર્વાદનું ફળ છે.

તો આજે મારી એક સ્પેશ્યલ વિનંતી છે કે, હું તમારી છું. તો મારા સ્વભાવ-પ્રકૃતિનું રૂપાંતર તો તમે કરી જ આપવાના છો. છતાંય ક્યારેક મારી કોઈ ભૂલને લીધે તમે નારાજ નહીં થતાં ને મારો હાથ છોડી નહીં દેતાં. હું જેવી છું તેવી તમારી છું. એટલી મારા પર કૃપા કરજો. બધા સ્વરૂપોને પ્રાર્થના છે કે સાથે રહેજો. બળ આપજો. ને તમને જોઈએ છે તેવી મને બનાવજો.

**પૂ.નીતાબેન માંકડીયા :** એકવાર રસોડા વિભાગ તરફથી પ્રોગ્રામ કર્યો હતો. તેમાં મને આફ્રિકન બનાવી હતી. દેવીબેને પ્રોગ્રામ જોયો. જ્યોતિબેન તે સમયે બહાર ગયેલાં તે પાછા આવ્યાં પછી પાછો અમારી પાસે આ પ્રોગ્રામ કરાવ્યો. તેઓ રાજી થયાં. બંને સ્વરૂપોએ તેમની સાથે મારો ફોટો પડાવ્યો. એ સ્મૃતિ હું વાગોળું છું. ને આનંદમાં આવી જાઉં છું. બસ મારામાં જે કંઈ નડતરરૂપ સ્વભાવ હોય તે ટળી જાય તેવું બળ આપજો એ જ પ્રાર્થના.

**પૂ.મંગલાબેન મારુ :** હું ઓફિસની સેવામાં જ્યારે આવી ત્યારે દેવીબેન તે જ માળ પર રહેતાં હતાં. એકવાર મને પૂછ્યું કે, 'તને કોઈ પ્રોબ્લેમ છે?' મેં કહ્યું, '૨ થી ૪માં ઓફિસની ડ્યુટી હોય છે ને મને

ત્યારે ઉંઘ આવે છે.' બસ મેં દેવીબેનને ખુલ્લા દિલે વાત કરી. દેવીબેન બે ચમચી ચા કે કોફી મોકલે ને ૨ ચમચી જેટલો નાસ્તો મોકલે. ને તેમની એવી પ્રાર્થના હશે તો મારામાંથી ઊંઘ ઉડી ગઈ. ત્યારપછી બપોરે કામ કરું છું તો પણ ફ્રેશ રહું છું.

બીજી સ્મૃતિ – પપ્પાજી દિલ્હી બાજુ વિચરણમાં હતા. ત્યાં કંઈક મીસ ઈન્ડિયાની વાત થઈ હશે. તેમાં નિલમબેને પૂછ્યું કે, 'પપ્પાજી, તમારી માટે મિસ ઈન્ડિયા કોણ છે ?' પપ્પાજીએ તરત જ કહ્યું કે, 'મંગલા મારુ ને મીના ગોએન્કા.' ત્યારથી દેવીબેન મને જ્યારે મળે ત્યારે મીસ ઈન્ડિયા કહીને જ બોલાવે. તો આ મીસ ઈન્ડિયાની સ્મૃતિ પારસમણિ સમ માણી સોના જેવી થઈ જાવ. સંપ, સુહૃદભાવ અને એકતાથી મૌન રહીને સેવા કરું. દેવીબેન ! તમે દાસના દાસ છો. તે ભાવ મારામાં પણ આવે તેવા આશીર્વાદ આપજો.

ત્યાર બાદ પૂ.કુસુમબેન પટેલ રચિત ભજન 'અહોનિશ વહે અંતરનાદ...' ગવાયું.

પૂ.ગીતાબેન સાંગાણી : મારો ને દેવીબેનનો સંબંધ નિરાળો છે. હું જ્યારે જી.આઈ.ડી.સી.માં સર્વિસ કરતી હતી ત્યારે દેવીબેન મને રોજ પૂછતાં કે તારી ત્યાં કઈ ડ્યુટી છે ? મેં કહ્યું કે કેશીયરની. આવું લગાતાર એક અઠવાડિયા સુધી પૂછ્યું. પછી મને મનમાં થાય કે આવું કેમ રોજ પૂછતાં હશે ? મેં દેવીબેન-પપ્પાજીને પ્રાર્થના કરી, ધૂન કરી તો મારી પોસ્ટ બદલાઈ ગઈ. આમાં મારી રક્ષા જ હશે.

૨૦૦૬માં પપ્પાજી સ્વધામ પધાર્યા. પછી મને પપ્પાજીની ખોટ લાગતી. એકવાર હું મનોમન પ્રાર્થના કરતી બ્રહ્મવિહારમાં હીંચકે બેઠી હતી. દેવીબેન બ્રહ્મવિહારમાં જ હતાં. તે મારી પાસે આવ્યાં ને મને કહે, 'શું મોળા વિચાર કરે છે ? પપ્પાજી ગયા જ નથી. હું પપ્પાજી જ છું. મૂંઝાઈશ નહીં. બસ જ્યારે કાંઈપણ મૂંઝવણ આવે તો આ હીંચકા પર બેસીને ઝૂલ્યા કરજે. મૂંઝવણ જતી રહેશે. ને ખરેખર મારી મૂંઝવણ જતી રહી.



એકવાર ઊંધિયાની સેવામાં એક મોટીબેન સાથે મારાથી અબેતબે થઈ ગયું. દેવીબેન અંતર્યામીપણે પધાર્યા અને મને વઢ્યાં. વઢ્યાં એટલે મને ખોટું લાગ્યું. તો તે ય સ્પંદન પહોંચ્યાં. ને બીજા દિવસે મને બદામનો પ્રસાદ આપીને કહે કે 'તું ઓકે છું ને!' આમ અબેતબે કર્યું ત્યાં જીવની રક્ષા માટે આવી ગયાં. ને હું દુઃખી થઈ ગઈ તો તે સ્પંદન પણ પહોંચ્યું ને બળ આપવા આવી ગયાં. આ દેવીબેન. આમ ટાણે સાચી સૂઝ તેમણે આપી છે ને રક્ષા કરી છે.

પૂ.પ્રતિમાબેન વાઘેલા : દેવીબેને શરૂઆતથી નક્કી કર્યું હતું કે 'હું આ ઘરની દાસી છું.' તેમ તેઓ હંમેશા રહ્યાં ને વર્ત્યા છે. પપ્પાજી દેવીબેન માટે કહેતા કે દેવી મન વગરની છે. પ્રભુના અને ગુરુના મને મન દેવીનું છે. તેનું દર્શન આપણને અત્યારે ય થાય છે. જ્યોતિબેનની નાની એવી આજ્ઞાય મોટી કરીને પાળી છે. કોઈ દલીલ નહીં. દેવીબેન અંતર્યામી છે તેવા પણ અનુભવો થયા છે. આપણે નસીબદાર છીએ કે આ સ્વરૂપોએ આપણને જ્યોતમાં એન્ટ્રી આપી છે.

જ્યારે મને એટેક આવ્યો ત્યારે દેવીબેને મને આશીર્વાદ આપેલા કે, 'તમને સરસ થઈ જશે. તમે જપયજ્ઞ કર્યા કરજો. બેન-પપ્પાજીને સંભાર્યા કરજો. સરસ થઈ જશે.' ને ખરેખર મને સરસ થઈ ગયું. એ દેવીબેન અને સ્વરૂપોના આશીર્વાદનું ફળ છે.

ત્યાર બાદ નડિયાદના પૂ.રીટાબેનની દીકરી પૂ.શૈલીબેને બનાવેલી કેક પૂ.દક્ષાબેન જેઠવા અને પૂ.ઈલાબેન ઝાલાવાડિયાએ દેવીબેનને અર્પણ કરી તેનું કર્તન કરાવ્યું.

**પૂ.ભાવનાબેન મહેતા :** દેવીબેન એટલે અકળ સ્વરૂપ. ડૉ.રેણુકાબેન અમદાવાદમાં સર્વિસ કરતાં હતાં ત્યારે તે એકવાર થાકી ગયાં હશે તો ધીમે ધીમે ચાલતાં હતાં. તે જોઈને દેવીબેન કહે, 'રેણુકા, મનીબેન આવ્યાં છે.' એટલે તે શોધવા લાગ્યાં. પણ મળ્યાં નહીં એટલે દેવીબેનને પૂછ્યું કે, 'ક્યાં છે મનીબેન ?' તો દેવીબેન કહે, 'આ લક્ષ્મી સ્વરૂપે મનીબેન પધાર્યા છે.' આમ હળવો આનંદ કરાવી થાક ઉતારી દીધો.

હું નાની હતી ત્યારે મેં એક દોરીવાળો ડ્રેસ પહેર્યો હતો. તે દોરી પકડીને દેવીબેને મને જય સ્વામિનારાયણ કર્યા હતા. ને ડ્રેસની દોરી સાથે આત્માનો દોર આવી જ રીતે પકડ્યો છે તેથી જગતમાં જઈ ના શકાયું ને આ સ્થાનમાં બેસાડી દીધી. આવી તો અનંત સ્મૃતિઓ આપી છે. તેનો ટાણે ઉપયોગ કરી જે ધ્યેય માટે આવી છું તે સિદ્ધ થાય તેવું બળ આપજો એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આજે મહાલક્ષ્મીદેવીનો સ્વરૂપાનુભૂતિદિન. પલાણા મંદિરમાં દેવીબેનના જન્મ વખતે ચાંદીની મૂર્તિ પધરાવેલી. લક્ષ્મી તો ચંચળ કહેવાય તો તે ક્યાંય ના રહી ને એ દેવીબેન આપણા માટે અહીં આવી ગયાં. માણસ પગલાથી ઓળખાઈ જાય તેમ દેવીબેનને પ્રથમવાર જોતાં જ થઈ ગયું કે એ આપણી છે. પપ્પાજીએ પણ દેવીબેનને પારખી લીધાં કે આ બહુ બુદ્ધિશાળી છે. દેવીબેને શરૂઆતથી નક્કી કર્યું કે હું આ ઘરની દાસી થઈને રહીશ. દાસી એટલે બે હાથ જોડીને સત્પુરુષ જેમ કહે તેમ કરવું તે. બુદ્ધિપૂર્વકના નિર્ણય કે સ્વભાવ આડા ન આવે તે. દેવીબેન ખરેખર બુદ્ધિશાળી છે. ભગવાન પામવામાં તે બુદ્ધિ વાપરી ને દાસી થઈને રહ્યાં.

આજે બધાએ મહિમાગાન કર્યું તેમાં નવું નવું જાણવા મળ્યું ને આનંદ આવ્યો. પપ્પાજી ઘણીવાર કહેતા કે, એકબીજાનો મહિમા ગાશો ને વિચારશો તો હઠ, માન, ઈર્ષાના પ્રસંગોમાં અટવાશો નહીં. અમે તારદેવ રહેતા હતા ત્યારે નાના એવા કાગળમાં દેવીબેને હંસાબેનનો(મારો) મહિમા લખેલો. ઝીણા ઝીણા અક્ષરે. આવું શરૂઆતથી જ કર્યું તો કોઈ લડત તેમને ના પડી. તેમ અરસપરસ સૌનો મહિમા સમજવો. ગુણ શોધી શોધીને વિચારવા એટલે પપ્પાજી ગુણગાન ગવડાવતા ને કહે કે જે બેનનું કંઈ બરાબર ના લાગે તો અભાવ લીધા વિના તેના ગુણ વિચારો, લખો.

દેવીબેન હોંશિયાર ને બુદ્ધિશાળી છે. રમતગમતના ચેમ્પીયન છે. ગતકડાં કરીને બધાને આનંદ સાથે બ્રહ્મસૂત્રોય આપી દે તેમાંય ચેમ્પીયન. તેમનો કંઠ મધુર છે. ભગવાનમાં રહીને એવું સરસ ગાય કે આપણેય મૂર્તિમાં લય થઈ જઈએ. એમાંય ચેમ્પીયન.

દેવીબેન અભિનય બહુ સરસ કરી શકે છે. માણ પર સરસ વગાડતા. કોઈપણ સેવા હોય તો તે કરી શકે. તારદેવમાં તેઓ સર્વિસ પરથી આવે પછી ચોકડીમાં ઢગલો વાસણ હોય તેની રોજ સફાઈ કરતાં. બાપાનો નાસ્તો બનાવતા તેમાં પણ મદદ કરતાં. શરૂઆતમાં કાંઈપણ રસોઈ બનાવીએ પછી તે ચાખવાની સેવા પપ્પાજીએ દેવીબેનને આપેલી. ચા ચાખે, રસોઈ ચાખે. દરેક સેવા મહિમાથી અહોહોભાવે કરી છે. તેમની સેવામાં પરફેક્ટનેસ તો હોય જ સાથે ભક્તિ ભળતી. જે વસ્તુ કે કાર્યમાં ભક્તિ ભળે તે અમૃત જેવું બની જાય. આપણે પણ આવું ભક્તિમય જીવન જીવવું છે.

**પૂ.ડૉ.નીલમબેન :** ૧૯૯૫માં જ્યારે યુ.કે.માં પપ્પાજીની બાયપાસ સર્જરી હતી ત્યારે કેટલું ટેન્શન હોય એ તમે વિચારી શકતા જ હશો. હું તો પપ્પાજી સાથે હૉસ્પિટલમાં હોઉં. અંતરમાં ઘમસાણ ચાલે. દેવીબેન આવે, હળવાશ લાગે. દરેક પપ્પાજીની બીમારી વખતે દેવીબેન સાથે જ રહ્યાં છે. તટસ્થ. કોઈ રઘવાટ નહીં. એ અનુભવ અવર્ણનીય છે.

આ ચાર બહેનોએ પપ્પાજીને નિશ્ચિંત કર્યા છે. પપ્પાજીને એવો વિશ્વાસ કે આ ચાર બહેનો મારી આ બધી બહેનોને આગળ લેશે. ને ખરેખર ચારેય અરસપરસ એકબીજાનો મહિમા સમજે છે. ગરજ રાખે છે. ચારેય પપ્પાજી સ્વરૂપ છે. પપ્પાજીએ કેવું સિંચન કર્યું તેનું દર્શન થાય છે. પપ્પાજી સ્વધામ પધારે ૧૫ વર્ષ થયાં પણ આ કોઈને મારું-તારું નથી, હુંસા-તુંસી

નથી. એકમના થઈને બહુમતીએ કામ કરે છે. કેવા અદ્‌ભુત સ્વરૂપો છે. પપ્પાજીએ આ સ્વરૂપોમાં સંપ, સુહૃદભાવ, એકતા ડેવલપ કર્યા ને તેમનામાં ટોટલ તેનું આરોપણ કર્યું છે. તેવું અમે પણ સંપ, સુહૃદભાવ, એકતાથી વર્તીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** બાપાએ, કાકાએ જે સંકલ્પ કર્યો કે બહેનો એકાંતિક ધર્મ સિદ્ધ કરે ને ખરેખર બહેનો માટે સાધના કેન્દ્ર ઉભું થઈ ગયું. પરિણામ આવી ગયાં. નિમિત્ત અમે બન્યા. ને આ બહેનો પાકી ગયાં. આપણને આદર્શ પૂરો પાડવા એ જીવ્યાં. એ તો અખંડ ભગવાનમાં જ રહે છે. સૌ પોતપોતાની રીતે પ્રભુના ગુલામ છે. બધું પ્રભુ નિયંત્રિત છે. માટે આપણે તેમની પાસે hows & whys કર્યા વગર તે કહે તેમ કરી લઈએ. તો એમના જેવા ગુણ આપી દેશે. દેવીબેન પ્રભુનું યંત્ર બનીને કામ કરે છે. તેમનામાં ચૈતન્ય ભેદવાની તાકાત આવી ગઈ. જીવભાવ ટાળી બ્રહ્મભાવ ભરતાં થઈ ગયા. તેવા ઢગલાબંધ બહેનો પાકી ગયાં. બધાંય કામ કરતા થઈ ગયાં. આપણે તો સૌને પ્રગતિ કરતાં ચૈતન્ય માનવા જ છે. એવા આશીર્વાદ દેવીબેન આપે એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** આપણે ખરેખર ખૂબ નસીબદાર છીએ. પપ્પાજીએ કહ્યું કે સદ્‌ગુરુઓ કામ કરતા થઈ ગયાં. આપણને બધાંને ગુરુ મળ્યા જ છે. તેમાં રહીને પપ્પાજી કામ કરે છે. આ દીદીબા ને બધા ગુરુઓ આપણા માટે ભજન કરે છે. એટલે સુખ, શાંતિ, આનંદથી આગળ જઈએ છીએ.

જેને જેવી જોઈએ તેવી સેવા આપી છે. બસ મહિમાથી સેવા કરીએ. પ્રાપ્તિનો આનંદ કર્યા કરીએ. આપણને સાક્ષાત્‌ પુરુષોત્તમ નારાયણ મળ્યા ! મેટર ઓવર થઈ ગઈ. અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ મનમાં કર્યા જ કરીએ. મહિમાથી સેવા કર્યા કરીએ તો ચોક્કસ ધ્યેય પર પહોંચી જ જઈશું. આપણે બીજા કોઈ વ્રત, તપ, જપ કરવાના નથી. જેનાથી જેવી થાય તેવી જ સેવા આપી છે. આપણને પપ્પાજીની કૃપાથી બધા જ પ્રકારે સુખ સગવડ મળ્યા છે. ખાવાનું, રહેવાનું, માંદે-સાજે દવા ને ડૉક્ટર્સ-નર્સ બહેનો મળ્યા છે. બસ આત્માના સુખે સુખિયા થવા જે સમય મળ્યો છે તેમાં ધૂન-ભજન કરીએ.

બીજું દરેકને માનાર્થથી બોલાવીએ તો આપણામાં વિવેક આવશે. બસ બધાંને પ્રભુ સ્વરૂપ માનવા જ છે. તેવો સમ્યકભાવ બધામાં આવે તેમાં ખૂબ ખૂબ બળ મળે. સમય મળે તો બીજી-ત્રીજી વાતો કરતાં જપયજ્ઞ કર્યા કરીએ. જપયજ્ઞ કરવાથી ખૂબ બળ મળે છે. જે આપણા મોટેરાં સ્વરૂપોના અનુભવ છે. પપ્પાજી સૌને ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.

આમ સ્વરૂપોના આશિષ સાથે સભાનું સમાપન થયું.



# તા.૨૯.૮.૨૦૨૧ : ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૦૫મો પ્રાગટ્યદિન : 'પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ'ની ઉજવણી પ્રથમ દિન







૨૦૨૦ની ૧લી સપ્ટેમ્બર ૧૦૫મા વર્ષની બેઠકે અનુગ્રહી અનુરાગી ભક્તોએ ગાયું -
અજબ ગજબની આ વિભૂતિ શ્રીજી સંકલ્પે પ્રગટી, હાલો પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવની કરીએ માહાત્મ્યભેર ઉજવણી...

પ્રભુકૃપા તીર્થધામે રોશની ચમકતી હતી. અને ઓસરી, નિજ અક્ષરઓરડી, મધ્યહોલ મંદિરે બિરાજમાન ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રસન્ન થકા કૃપા વરસાવી, અનેકને પ્રેરણા અને સેવાનો લહાવો આપી બળ પમાડી રહ્યા. સૌ પ્રસન્નતાપૂર્વક આ પ્રાપ્તિનો આનંદ સેવાભક્તિ સાથે સજાગતાથી લઈ રહ્યા હતા ત્યારે ગુણાતીત જ્યોતના પ્રસન્ન અને શતાબ્દી ગ્રુપના સાધકોએ આ સેવાની જવાબદારી લેતા સૌને ધન્ય કર્યા.



પ્રભુકૃપા તીર્થધામેથી પૂજન, હાર, પ્રણામ કરી ગુરુહરિ પપ્પાજી મહારાજને જ્યોત પ્રવેશદ્વારે લાવ્યા ને પુષ્પહાર અર્પણ કર્યા. પુષ્પથી





સજાવેલ સ્વાગતપથ પર પંચામૃત હૉલમાં રથ પર બિરાજમાન કર્યા. પંચામૃત હૉલમાં બંને બાજુ પ્રાણાધાર ગુરુહરિ પપ્પાજીના નજર ઠરી જાય તેવા મૂર્તિદર્શન થતાં હતાં. રથની પાછળ ભક્તિગ્રુપના બહેનો હાથમાં દીપ લઈ, દિવ્ય ઓજસ પાથરી રહ્યા હતાં.

'પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ'ની ૧૦૫ વર્ષની સ્મૃતિઓનો વાયરો ક્યાં ક્યાં વહી રહ્યો એની સૌરભ વહાવી સૌને સ્મૃતિ યાત્રા કરાવી.

ધરા સ્થિત પ્રકૃતિને થયું હું મહોરું. કોનું પ્રાગટ્ય છે ! પ્રકૃત્તિની રમણીયતામાં આંબા નીચે બેસી નાનલી નાનલી કેરીની ચીરીઓને જીરા મીઠાની પડીકીમાં એક એક ચીરીને તેમાં બોળી ખટમધુરો રસાસ્વાદ માણવાની મજા જ ઓર. ધન્ય થવાયું એ દર્શનથી.





સ્વાગત રથ પપ્પાજી હૉલમાં પ્રવેશ્યો. અહીં પપ્પાજીની મૂર્તિને પૂજન, હાર, પ્રણામના ભાવ ધર્યા ને ગજરાજ પર અંબાડીમાં બિરાજમાન કર્યા. રાજોપચાર વિધિએ ચામર ઢાળ્યા, શંખનાદ થયા, કંકુ-અક્ષત, ગુલાબજળ, આરતી, ઘંટનાદ અને પ્રસાદ અર્પણ કર્યા. છડીપુકાર સાથે વહાલાને ઘણી ખમ્મા ઘણી ખમ્મા સાથે વધાવી પુષ્પવાટિકાના સુગંધિત પથ પર પ્રસન્ન ગ્રુપના સાધકોએ રાસની રમઝટે સ્વાગત રથને મંચ પર લાવી દીધો. અરૂણાબેન પટેલ રચિત 'આપ્યો રે જોગ રૂડો...' ભજન પર ગરબાના તાલે ઘુમતા પપ્પાજીના પ્રાગટ્યના યુગકાર્યને વધાવતા સ્વાગતભાવ ધર્યો.



પાવકને થયું હું પ્રજળું. કોનું પ્રાગટ્ય છે ! જેણે ગુણાતીત સમાજ નિર્મિત મંદિરોના દેવોની પ્રતિષ્ઠાઓમાં પ્રાણનું આવાહન કર્યું. આરતીની સૌમ્ય દીપશિખાઓ બનીને એ તેજરાશિમાં સમાઈ.



સભા સંચાલિકા બકુબેને આ

વાયુને થયું હું લહેરાઉં. કોનું પ્રાગટ્ય છે ! સંતો, વ્રતધારી યુવકો, વ્રતધારી બહેનો સમર્પિત ગૃહસ્થો એ ચારેયના પ્રતીકરૂપ તેમની ઓળખસમ વસ્ત્રપરિધાનના રંગ સાથે ગુણાતીત સમાજના ધ્વજદંડે લહેરાઈ એ ઐતિહાસિક પળનાં દર્શને.

અરે જોરશોરથી પૂર્ણ શક્તિથી લહેરાઈને વંટોળ બની દરિયો ઉલેચવાનો પ્રયાસ કર્યો. ઝાડપાનને ડોલાવ્યા, વરાળને ઠારી, ધોધમારે વરસાવી શક્તિનો પરચો બતાવ્યો. પણ મારા આ આનંદને દિવ્ય સંકલ્પશક્તિએ શક્તિધોધમાં દિશાને બદલાવી દીધી એ સામર્થ્યનાં દર્શને.



વરુણને થયું હું વરસુ. કોનું પ્રાગટ્ય છે! શિબિરસભાના પ્રારંભે અનરાધારે વરસતા સ્લેટમાં લખાયું – જમો ચાર ભજીયા ને ચા. બી.એન.પટેલ. ને તે સભાની પરાવાણીમાં જે જે વાનગીના નામ તેમના મુખે બોલાયા તે ૨૧ વાનગી – લાડુ, દાળ, ભાત, શાક, વાલ, શ્રીખંડ, દૂધપાક, બાસુદી, ફ્રુટસલાડ, ભજીયા, મેથીના ગોટા, ચા, પૂરી, કારેલા, બોર, મોસંબી, કંદની પૂરી, મુખવાસ, ચુરમુ, મઠિયા, મગસ ૨૧મી સદીમાં ઉજવાતા આ અવસરની મોજ માણવા. ને પ્રભુકૃપા ને જ્યોતની વચ્ચે ધસમસતા નીરને પરસાળ સ્થિત હિંડોળે બિરાજીને નિહાળતા ને કાગળની હોડીને દ્રષ્ટિદોરે તેમાં તરતી મૂકાવતા એ દર્શનની આહ્‌લાદકતા માણવા.

આકાશનો ખાલીપો તો ભરાઈ ગયો. ૯ વર્ષે પૃથ્વી પર સ્વર્ગ લાવવાના સંકલ્પથી ને તે રચાઈ ગયું તેની અનુભૂતિ કરી સ્વયં આકાશે.

પંચમહાભૂતના એ તત્ત્વો આનંદ્યા. કોનું પ્રાગટ્ય થયું ! ને પંચમહાભૂતના દેહધારી આત્માઓય આનંદ્યા! આ ધરાના દિવ્ય અવતારલીલાના આહ્‌લાદે...

ગુરુહરિ પપ્પાજીના જીવનમાંથી –
ભૂલકાંઓએ માણી શૈશવ લીલા
યુવકોએ માણી ફરજ પરસ્તી લીલા
વડીલોએ માણી સેવકલીલા
સાધકોએ માણી ગુરુભક્તિ લીલા
ભક્તોએ માણી મનોરથપૂર્તિ લીલા
આશ્રિતોએ અનુભવી કલ્યાણ લીલા

એવા ગુરુહરિ પપ્પાજીએ પોતાના માટે કાંઈ ઈચ્છયું નથી. પોતાની જરૂરિયાતો બહુ જ સીમિત હતી. પપ્પાજીએ જ્યારથી સત્સંગપ્રધાન જીવન આદર્યું ત્યારથી ગુરુ યોગીજી તરફ જ નિશાન રાખ્યું. તેમની જે જે આજ્ઞા આવી તે દિવ્યભાવે પોતે પાળી ને પળાવી. તે માટે લોક નથી જોયો, ભોગ તો ક્યાંથી કર્યો હોય ? કેમ કે સાધુરૂપ ગુરુ તરફ જ દૃષ્ટિ હતી. દેહ તેમની અનુવૃત્તિમાં વર્તાવ્યો. ગુરુની અનુવૃત્તિ જે જે સેવા આર્થિક રીતે પણ કરવાની હતી તે કરી. સંસ્થાની પ્રગતિ માટે કે સત્સંગની વૃદ્ધિ માટે ચાહોમ થઈ ગયા. સંસ્થાને સધ્ધર રાખવા, બનાવવા, કરવા સંતો તૈયાર કર્યા, યોગીગુરુની રુચિએ. મુંબઈ જેવી અલબેલી નગરીમાં સંસ્થાની સ્થાયી જરૂરિયાત માટે નિવાસની કાર્યવાહી કરી, યોગીગુરુના નિર્દેશે. સંતોના શાસ્ત્રાભ્યાસ માટે વ્યવસ્થા કરી, યોગીગુરુના આદેશે. મંદિરોના વહીવટમાં સ્વધર્મ જાળવી, બુદ્ધિ બંધ કરી, માહાત્મ્ય સમજી વર્ત્યા યોગીગુરુની અનુવૃત્તિએ.




આવા જીવનના વર્તનની અગણિત ધારાઓમાં નિર્વ્યાજભાવે દાસભાવે વહ્યા જ કર્યા, પ્રવૃત્ત રહ્યા જ કર્યા ને ધરાકંપન જેવી અંતર સન્મુખ પળ સર્જાઈ ત્યારે રંચમાત્ર મન વિચલિત થયું નથી કેમ કે, આખું મન સાથે આયખું ય સોંપાઈ ગયું હતું યોગીગુરુ ચરણે... અને તેથી જ પોતાના વિષે હેતભાવ રાખનારાને પણ વિચલિત થવા દીધા નથી. અંતરની મસ્તીમાંથી કરમાવા દીધા નથી. કર્તાહર્તા મનાવ્યા યોગીગુરુને. દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં, જે કરતા હશે તે જીવના રૂડા અર્થે જ છે તેવું દિલથી મનાવ્યું એ ગુરુદક્ષિણા આપી યોગીગુરુને. સ્વયં યોગીરૂપ બન્યા ને હેતભાવ રાખનારનું ય એવું ઘડતર કરી આ સત્સંગમાં વહેતા મૂક્યા. હાલોપોલો હોય એ સમજણથી સધ્ધર બને, સધ્ધર હોય તે સત્સંગપ્રધાન જીવે, સત્સંગપ્રધાન જીવનાર પોતાના વર્તનની આજુબાજુમાં ય દિવ્ય જીવનની સૌરભ પ્રસારે.











આવા પરમ વંદનીય શ્રી ગુરુહરિ પપ્પાજીમાં સહજાનંદી તત્ત્વ છે તેવો અનુભવ કરી ગુરુહરિરૂપે સ્વીકારી સમર્પિત થયેલો સમગ્ર ગુણાતીત સમાજ સરહદોના સીમાડા વટાવી દેશ પરદેશમાં આજે વિદ્યમાન છે. તે સર્વ આશ્રિત મુક્તો વતી સાષ્ટાંગ દંડવત તથા પંચાંગે પ્રણામ સાથે ૧૦૫મા પ્રાગટ્ય પર્વે વંદના કરી.

ઘરમંદિરે દર્શન કરતા સૌ ભક્તોએ યથોચિત ગુરુહરિ પપ્પાજીનું પૂજન, પુષ્પમાળ અર્પણ કર્યા. મંચ પર ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજીને પૂજન, હાર અર્પણ કર્યા. ત્યારબાદ પ્રસન્ન ગ્રુપના ભૂલકાઓએ લખેલ મંત્રજાપને સુંદર રીતે સજાવી પુષ્પગુચ્છ સ્વરૂપોને અર્પણ કર્યા. ગુણાતીત સમાજના સર્વે કેન્દ્રો તરફથી હાર અર્પણ થયા.

પૂ.જયંતિકાબેન દવે (અમદાવાદ) વતી ગુરુહરિ પપ્પાજીને શાલ અને કેક અર્પણ કરી, જે પ.પૂ.દીદીએ





કર્તન કરી. સાથે કનિકાબેન બંસલ, સુસ્મિતાબેન હિતેશભાઈ તરફથી પણ કેક અર્પણ થઈ. ત્યારબાદ મુક્તોએ માહાત્મ્યભાવ અર્પણ કર્યા તે માણીએ.

**પૂ.ડૉ.વીણાબેન :** સહજાનંદસ્વામીએ આ પૃથ્વી પર પધારી એકાંતિક ધર્મની સ્થાપના કરી. ગુણાતીતાનંદસ્વામીએ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કેવી રીતે કરાય ? તેની ગેડ બેસાડી.



શાસ્ત્રીમહારાજ ને યોગીમહારાજે અદ્‌ભુત કાર્ય કર્યા. એમાં પપ્પાજી, કાકાજી ને બાએ બહુ મોટા યુગકાર્યનું પ્રગટીકરણ કર્યું એમાં પપ્પાજીએ જીવન જીવવાની રીતિનીતિ બહુ જ અલગ રીતે કોઈએ જોઈ ન હોય તેવી દિશા પોતે જ હાથ ઝાલીને દેખાડી. કલ્યાણ યોજના પૃથ્વી પર મૂકી. એના આપણે નસીબદાર પાત્રો છીએ. આપણે પ્રત્યક્ષ રીતે પપ્પાજીને કોઈએ નજીકથી, તો કોઈએ દૂરથી પણ અદ્‌ભુત માણ્યા છે. તો હવે સ્વધર્મેયુક્ત મહિમા સમજીને, આધ્યાત્મિક સંતુલન જાળવી, જેમ તેમને બધા જીવનમુક્તો મનાતા હતા તેવા હવે આપણને મનાય. જેવી તેમની કહેણી ને રહેણી હતી તેવી આપણી બને. એ રીતે ઋણ અદા કરવાની હવે એક એક સેલમાં, ક્રિયામાં આવે તેવો સમો છે. આપણે માટે એમણે નિષ્કામ મહાપૂજા શરૂ કરાવી છે. સંચિત ટાળે છે ને નવા પ્રારબ્ધ ઊભા ન થાય તેની કાળજી પણ આ સ્વરૂપો દ્વારા લે છે. તો પપ્પાજીએ યોગીમહારાજની આજ્ઞા પ્રમાણે આ સમાજ માટે ખુમારીથી ખુવારી વેઠી છે. પપ્પાજીના જીવનપ્રસંગોનું મનન દ્વારા સંગ કરી મારા આ પ્રસંગે પપ્પાજી શું કરે ? કેવું વર્તે ? તેવું વિચારી ભેગા મળીને તેમની આજ્ઞા પૂરીએ એ જ પ્રાર્થના.

**પૂ.વનીબેન ડઠાણિયા :** ગુણાતીતાનંદસ્વામીનો સેવકભાવ ને મહંતપદની સ્મૃતિનો પ્રસંગ કહી તેમની પોતાની વરણી પ્રથમ માણાવદર અને પછી રાજકોટ જ્યોત માટે પપ્પાજીએ કરી અને એ સેવામાં પપ્પાજીએ હિતકારી કાર્ય કર્યું ને તે જીવમાં દૃઢ કરાવ્યું એ કૃપાનું વર્ણન કરી રાજકોટના ભક્તો ભજન, મહાપૂજાથી પ્રભુને પ્રત્યક્ષ કરે છે ને પપ્પાજી તેઓની અનહદ રક્ષા કરે છે તેવા પ્રસંગો કહ્યા.

એક ભક્તની સોનાની બુટ્ટી બજારમાં ગયાં ત્યારે ક્યાંક પડી ગઈ. તેની ખબર ઘરે આવીને પડી. પણ પ્રાર્થના કરી, મહાપૂજા માનીને જ્યાં જ્યાં ગયેલા ત્યાં ત્યાં તપાસ કરી છેલ્લે કરિયાણાની દુકાને તપાસ કરવા ગયાં. ને ત્યાં હળદરના ગાંઠિયાના કોથળા ઉપર જ પડી હતી તે શેઠને પૂછીને મેળવી લીધી. ને ઠાકોરજીને મહાપૂજા ધરી.

બીજા એક હરિભક્તનું પેન્શન દોઢ વર્ષથી આવતું નહોતું. તેની તપાસ બેંકમાં કરી પણ ન મળ્યું. તે બેને માનતા માની કે મારે દસમો વીસમો ભાગ પ્રભુને ધરવો છે. ને તેમના નાના દીકરાને પ્રભુએ પ્રેરણા કરી કે પોસ્ટના ખાતામાં તપાસ કરીએ. તેનામાં મહારાજ જોઈ તપાસ કરી તો પેન્શન ત્યાં જમા થયેલું હતું. જે કાર્યવાહી કરવાની હતી તે કરી પછી વ્યાજ સાથેની રકમ મળી ગઈ ને પ્રભુનો ભાગ તરત અપાઈ ગયો.

**પૂ.ઉર્વશીબેન દેસાઈ :** પપ્પાજીનું પ્રાગટ્ય એ આપણું સૌભાગ્ય છે. એ વિરલ વિભૂતિ છે, હતી ને રહેશે. એમનો રથ ક્યાંય અટકશે નહીં. એ સર્વ

સાધકોને પૂર્ણપણે મંઝીલે પહોંચાડશે જ.

એક સાધકે પપ્પાજીને પૂછ્યું કે 'તમને ખાત્રી છે કે બધા પરમ ભાગવત સંત થશે ?' તો પપ્પાજી કહે, 'હા. મારો સંકલ્પ આ સ્વરૂપોમાં કામ કરશે ને આ સ્વરૂપોનો સંકલ્પ તમારા બધામાં કામ કરશે. ને સૌ પરમ ભાગવત સંત થશે એની મને ખાત્રી છે.'

આ લોકડાઉનમાં સર્વ બહેનો ને ભાઈઓ તો પ્રભુમાં રહે પણ સર્વ હરિભક્તો ઓનલાઈન સભામાં લાભ લે છે. અહીંથી જે આજ્ઞા જાય તેમ જીવી પ્રભુમય જીવન જીવી દેહ અને ઘર મંદિર બનાવી રહ્યા છે. તો સાચા અર્થમાં પંચામૃત, ગુણાતીત જ્ઞાનનું નવનીત અમારા સૌનું જીવન બને એ જ પ્રાર્થના.

**પૂ.દિલીપભાઈ ભોજાણી :** હું વિચાર કરતો હતો કે પપ્પાજીનો પ્રાગટ્યદિન દર વર્ષે ઉજવીએ છીએ. દર વર્ષે સીમીલર પ્રવચન થાય છે. પપ્પાજીના થઈને જીવી લેવું છે. વગેરે... તો મારું મન મને ૧૯૮૦માં લઈ ગયું. પપ્પાજી ઈંગ્લેંન્ડ પધાર્યા. મને ખૂબ ઉમંગ હતો કે પપ્પાજીની નજીક આવવું છે તેમની સેવા કરવી છે. પપ્પાજી લેસ્ટર અઠવાડિયું રહેવા જવાના હતા. મને ગાડી લઈને પપ્પાજી સાથે જવાનો ચાન્સ મળ્યો. રસ્તામાં પપ્પાજીએ ગાડીઓની લેન્સ વિષે પૂછ્યું. મેં તેમને બધું જણાવ્યું. લેસ્ટર જઈને ૧૪ જૂલાઈ, ૧૯૮૦ના પપ્પાજીએ એના પર લેખ લખ્યો. આપણી સાધના આ લેન્સ પ્રમાણે કરો. પહેલા ડેસ્ટીનેશન નક્કી કરો. ક્યાં પહોંચવું છે ? કેટલી ગતિએ જવું છે તે નિર્ણય કરો. પછી જાવ. છેલ્લી લાઈન બાબતે સમજાવતા પપ્પાજીએ કહ્યું, ગાડી બગડી હોય તો તેના પ્રોબ્લેમ પોલીસ આવીને સોલ્વ કરે છે. તેમાં કોઈ દખલ નથી કરતું. તેમ એવા મુક્તો હશે તેના પ્રોબ્લેમ ગુરુ, સદ્‌ગુરુ સોલ્વ કરી આપશે. પણ આપણે પટલાઈ કરવા ન જવું. આ લેખ લખ્યાને કેટલાય વર્ષો થઈ ગયા. કેટલાય વર્ષોથી આપણે સાધના કરીએ છીએ. વિચારને પામીએ છીએ કે એના વચને જીવવાનું, સેવા કરવાનું મન થાય છે ? આપણા હૈયાને વિષે માહાત્મ્ય છે? લોકડાઉનમાં પપ્પાજીએ જે પુસ્તકો આપ્યા છે તેનું પારાયણ કર્યું. પપ્પાજીએ તેમાં આજીજી જ કરી છે. કેટલી બધી લાગણીએયુક્ત કહ્યું છે ! આપણો સત્સંગ સાવ સીમ્પલ છે. ગરજુ થઈને સેવા કરો ને દિવ્યભાવ રાખી ખમો. સેવાથી બળ મળશે. ઝીણી ઝીણી સૂઝ આપી છે. પપ્પાજીએ આપણા માટે પ્રવચનો કર્યા. રોજ સાંભળીએ તો એવું જ થાય કે, આ ગઈકાલનું જ પ્રવચન છે. પણ કોણે કર્યું ? કોના ખાતર કર્યું ? આપણે ક્યાં સુધી પહોંચ્યા ? પોતે તો ભગવાનનું સ્વરૂપ છે જ. હવે મક્કમ બનીએ જે આપણી કાચી કેડ છે તે નોંધી એ જગ્યાએ ઈમ્યુન થઈએ. આ જ આપણી સાધના છે. પપ્પાજી ભગવાનનું સ્વરૂપ છે જ. તેમનું બળ લઈ આગળ વધીએ. પપ્પાજી, ગુરુઓ, સદ્‌ગુરુઓ બળ આપવા બેઠા જ છે. પપ્પાજી કહે છે ને કે સાકર પાથરી છે. જ્ઞાન જોઈએ તો જ્ઞાન, ગાઈડન્સ જોઈએ તો ગાઈડન્સ કે ઠપકો બધું જ આપણને મળે તેમ છે. ભગવાનમાં વધારેમાં વધારે રહેતા થઈ જઈએ. સ્વભાવ, પ્રકૃતિ તો પપ્પાજી કાઢી જ રહ્યા છે ને કાઢશે જ. આનંદથી પ્રગતિ કરીએ. મેં મારું બ્રહ્મસૂત્ર રાખ્યું છે. આનંદ જવા દેવો નહીં. આનંદમાં રહીએ ને આનંદમાં રાખીએ એ જ ભગવાન ભજ્યા કહેવાય. પપ્પાજી આનંદમાં રહેવાનું ખૂબ બળ આપે એ જ એમના ચરણોમાં પ્રાર્થના.

**પૂ.વિરેનભાઈ :** આખું વર્ષ આપણે પપ્પાજીની સ્મૃતિરૂપે માણ્યું. દિનકરભાઈ દેસાઈ (નવસારી) થોડા વખત પહેલા જ ધામમાં ગયા. ઘણા વર્ષો પહેલા તેમને બીમારી આવેલી. ૫૦ દિવસ સુધી તાવ મટતો નહોતો. તેઓએ પપ્પાજીને પત્ર લખ્યો કે મારી શું ભૂલ છે ? વગેરે. પપ્પાજીને પત્ર મળ્યો કે તરત જ નીલમબેન, વિણાબેનને મોકલ્યા. પછી પોતે પણ પધાર્યા. દિનકરભાઈના પ્રશ્નોના જવાબ પોતાના દાખલા સાથે આપ્યા કે મને બે વખત એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી ને બાયપાસ કરી છે. બધું જ યોગીમહારાજ કરી રહ્યા છે. તેમને મુંબઈ જવા સમજાવ્યા ને દસ વર્ષનું આયુષ્ય આપ્યું. સરસ થઈ ગયું... દસ વર્ષ પછી એમણે પપ્પાજીને પત્ર લખ્યો કે

મારું આયુષ્ય પૂરું થાય છે પણ તમે પૃથ્વી પર છો ત્યાં સુધી મારે જવું નથી. તો પપ્પાજીએ પાછું આયુષ્ય આપ્યું. હમણાં છેલ્લે બીમાર હતા ત્યારે અમે જોવા ગયા. ખૂબ સ્વાગત કર્યું. પછી કહે, આખી જીંદગી મેં તમારી વાત માની નથી. પણ આજે તમને કહું છું કે 'હવે ઉત્સવ કરો. તૈયારી કરો. હવે મારે જવું છે.' નીલમબેન, દીદી, જસુબેન સાથે નમ્રભાવે ફોન પર પ્રાર્થના કરી કે હવે કાંઈ રહ્યું નથી. તમે બધા પપ્પાજીને કહો કે મને લઈ જાય.' જસુબેન કહે કે 'તમે સાધુ છો. તમારી ઈચ્છા પપ્પાજી પૂરી કરશે.' ને તેઓ બે દિવસમાં ધામમાં ગયા. પપ્પાજી આવા ભક્તોને સાથે લાવ્યા. ભક્તો પણ અનન્ય નિષ્ઠાથી તેમની સંગે જોડાયા.

આજે પપ્પાજી પ્રગટ છે. ગયા નથી. આ સ્વરૂપોમાં દીદી, દેવીબેન, જસુબેન, પદુબેનમાં અત્યારે તેજોમય છે. બધા ભક્તોને સુખ આપી રહ્યા છે. કોરાના કાળમાં ભક્તોને આ સ્વરૂપોએ ખૂબ બળ આપ્યું છે. કેટલાયનો આધાર બનીને રહ્યા છે. ખરેખર અત્યારે આપણા માટે તો અતિ અતિ સુખમય છે. પપ્પાજી આ સ્વરૂપો દ્વારા આપણા બધા જ મનોરથ પૂરા કરશે જ. દીદીએ તેમના ગરિમા પર્વે વિનંતી સાથે કહ્યું કે આપણે હવે કરી લેવું છે. આપણા છેલ્લા શ્વાસે આપણને પૂર્ણ સંતોષ હોય. એવી પ્રાપ્તિ કરી લઈએ એજ પ્રાર્થના.

**પૂ.અર્પિતભાઈ ચપલા :** પપ્પાજી મહારાજે ઘણા અનુભવો કરાવ્યા છે. હું નાનો હતો ત્યારે સવિબેન કહેતાં કે, 'પપ્પાજીમાં મહારાજ કામ કરે છે. તેનો અનુભવ કરવો.' આ અરસામાં પપ્પાજી માણાવદર પધાર્યા. મેં સંકલ્પ કર્યો કે 'પપ્પાજી ભગવાનનું સ્વરૂપ હોય તો હું ચોકલેટવાળું દૂધ બનાવું છું તે સામેથી માગે.' મારા બા સભામાંથી આવીને કહે, 'પપ્પાજી આપણા ઘરે પધરામણીએ આવે છે.' પપ્પાજી પધાર્યા. મને કહે, 'મારું દૂધ ક્યાં ?' આમ સામેથી દૂધ માગ્યું ને પીધું ને થોડું પ્રસાદીનું મને આપ્યું. પછી ગામમાં બીજા ઘરોની પધરામણીમાં પપ્પાજી મારો હાથ પકડીને બધે ગયા. છેલ્લે કહે, 'આ પધરામણીમાં તું ગાઈડ બન્યો. અક્ષરધામના સુખ માટે હું તારો ગાઈડ બનીશ' સાથે સાથે આશીર્વાદ આપેલા કે તું મોટો ઓફિસર બનીશ.

એકવાર મારા કંપનીના કામ માટે મુંબઈ જવાનું હતું. કામ વહેલું પતી ગયું એટલે ભરૂચ આવવા ટ્રેનમાં બેઠો. પપ્પાજીનું સ્મરણ કરવાની ટેવ હતી. વિરાર સ્ટેશન પછી આઠ ગુંડાઓ છરા લઈને ટ્રેનમાં ચઢ્યા. આખા ડબ્બામાં એક પછી એક પાસે આવીને મારીને જે હોય તે બધું લઈ લેતાં. ખૂબ ખરાબ પરિસ્થિતિ હતી. આ વખતે મારાથી ડૂંટીમાંથી પ્રાર્થના થઈ ગઈ કે 'હે પપ્પાજી ! ભલે મને લૂંટી લે પણ મને મારે નહીં. મારી તમારે જ રક્ષા કરવાની છે.' આમ પપ્પાજી પાસે પહોંચી ગયો. પછી મારો વારો આવ્યો. અંદર પ્રાર્થના તો હતી ને એટલી જ ધડકન પણ હતી. મારું માથું ઊંચું કરાવી ત્રણ-ચાર સેકન્ડ મારી સામે જોઈ રહીને તે બીજા પાસે જતો રહ્યો. એવી હાશ વર્તાઈ ! ખરેખર પપ્પાજીએ જ રક્ષા કરી. બાકી આ શક્ય જ નહોતું. એટલે પ્રભુને સંભારીએ તો હાજર થાય છે જ.

તો હે પપ્પાજી ! અમે તમને ક્યારેય ભૂલીએ નહીં. તમે આગળ અમે પાછળ. જ્યોતની સેવા કરતા રહીએ ને મને પરમ ભાગવત સંત બનાવી દેજો એ જ પ્રાર્થના.

**પૂ.ધવલભાઈ વિદ્યાનગર :** મેં ગુરુહરિ પપ્પાજીના દર્શન પણ નથી કર્યા. પપ્પાજીએ મને શોધીને જ્યોતના જોગમાં મૂકી દીધો. મારું ભણવાનું પૂરું થયા બાદ આણંદમાં નોકરી મળી. તેથી અવારનવાર જ્યોતમાં આવવાનું સરળ થયું. પપ્પાજીએ ઘર, નોકરી બધું જ સેટ કરી આપ્યું છે.

હું બાર વર્ષથી નોકરી કરું છું. તેમાં બોસ બદલાઈ ગયા. તે કડક ને ગુસ્સાવાળા. કથામાં સાંભળ્યું છે કે બોસમાં ભગવાન જ કામ કરે છે તેમ માનવું. આ વાત નજર સામે આવી. ને મને થયું કે બોસને બદલાવાના વિચાર કરતાં હું જ તેનામાં પ્રભુ જોઈ ને ભજન, પ્રાર્થના કરું. ને તેમ શરૂ કર્યું તો ખરેખર બોસનું વર્તન મારી સાથેનું બદલાઈ ગયું.

તો પપ્પાજીને પ્રાર્થના છે કે મારી અંદરના શત્રુથી મારી રક્ષા કરજો. હંમેશા જ્યોતની સેવા કર્યા જ કરું,

સૌ સ્વરૂપોનો રાજીપો મેળવું તેવું બળ આપજો.

ત્યાર બાદ સ્વરૂપોના આશિષ માણ્યા.

**પ.પૂ.દીદી :** પ્રથમ ભજન બનાવ્યું હતું તેમાં લખેલું કે ‘તારી સુવાસ બની રહીએ અમે…’ ત્યારે ખબર નહોતી કે સુવાસ શું ? ધીમે ધીમે પપ્પાજીને આજે ગુરુહરિ પપ્પાજી મહારાજ રૂપે જોતા થઈ ગયા. પપ્પાજીનું કેવું જીવન છે ! એ આપણા માટે ૧૮૦૦૦ માળા કરવાનો સંકલ્પ કરે ! આ તો કેવું નસીબ કહેવાય! આપણે તો રોજ હોળી ને દિવાળી. ત્યાગી-ગૃહી સૌ માટે આપણા દેવતાનો સંહાર કરવા એ આપણી ભક્તિ કરે છે. જે વૃત્તિ જન્મોજન્મ આપણને ફેરવે છે તેનો હોંશભેર ત્યાગ કરાવે છે. તેમના વચનનું મૂલ્ય સમજીએ તો કોઈ તકલીફ જ નથી. માયા પણ ગુણમયી થઈ જાય એ આપણા માટે હોળી. ને દિવાળી એટલે રોજ ચોપડામાં હિસાબ લખાય. પપ્પાજી રોજનીશી લખાવતા. તેમાં જો અંતર્યામી માનીએ તો જ સાચુ લખાય. નહીં તો નહીં. માટે મારાથી આ થઈ ગયું એવું થાય જ નહીં. આપણે તો ભગવાનના થઈને ભગવાનમાં રહેવું છે ને એને પહોંચે તેવી સેવા કરવી છે ને એ કરવામાં દઢતા રાખીએ કે તમે સાથે રહેજો. પછી ડગ ભરવા તો એ જ આગળ લઈ જશે.

ભગવાને ગુરુ ને સંત આપ્યા છે તે આપણા શુદ્ધિકરણ માટે છે. આપણે શું છીએ? ને શું બનવાનું છે ? તે તરફ દષ્ટિ રાખીએ. બનતા પ્રસંગોમાં માન-અપમાન એ આપણા શુદ્ધિકરણ માટે જ છે. માટે આપણે આપણા મટી જવું છે. ભગવાને જન્મ આપ્યો, આ જોગમાં ગોઠવી દીધા તો હવે ઘડવા માટે બધાનો ઉપયોગ કરે તેમાં આપણે આનંદ કરીએ. એકબીજાને જોઈ હરખાઈએ ને આગળ વધીએ એ જ પ્રાર્થના.

**પ.પૂ.પદુબેન :** આનંદ છે કે આપણને સર્વોપરી પપ્પાજીએ ગ્રહણ કર્યા ! વિશેષ તો એમના સંકલ્પમાં સ્થાન આપ્યું. બધા હરિભક્તો ને બહેનોએ મહિમામાં તરબોળ કર્યા. પપ્પાજીએ ખૂબ શ્રમ કર્યો છે.

રોજ સવારે પપ્પાજીનું પ્રવચન સાંભળીએ છીએ તો રોજ નવું લાગે. કઈ કક્ષામાં છીએ ? એ બધું ત્યારે એમને દેખાતુ જ હતું. પણ કેવળ કરુણા કરીને આપણને બધું આપ્યા જ કર્યું. એમને ખાત્રી હતી કે મારા શબ્દો સબીજ છે. બધામાં ખપ ઉગશે. મારું કામ જીવને આગળ લેવાનું છે. તો હવે આપણે એમના છીએ તો એમના આ ગુણ પ્રાપ્ત કરવા આ કલમ પાળવી પડશે કે ‘સંબંધવાળામાં મહારાજ જુઓ.’

એકવાર પપ્પાજીને પૂછયું કે ‘કોને વારસદાર બનાવશો ?’ તો પપ્પાજી કહે કે જે આશ્રિતોના પ્રકૃતિ, સ્વભાવ પ્રારબ્ધ માથે લે, તેની પાસે કોઈ આશા ન રાખે. પોતે ભજન કરે, શ્રમ કરે તેને વારસદાર બનાવશે. આ વાત વિચારીને મનન કરીએ. આમાં મોટપ, આવડત પ્રતિભા કાંઈ જોઈતા નથી. બસ એમણે જીવો પર જે દષ્ટિ રાખી તેવી દષ્ટિ આપણે એમના તરફ રાખવાની છે. આપણે જેટલું માગ્યું તેટલું તેમણે આપ્યું છે તો આપણી ફરજ છે કે નિર્દોષબુદ્ધિ રાખવી, દિવ્ય માનવા. તો સિદ્ધાંતિક પ્રસન્નતા મળશે.

**ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ગુણાતીત સમાજના ચાર અંગ - સંતો, બહેનો, યુવકો અને ગૃહસ્થો. એ ચારેય બ્રહ્મનિયંત્રિત જ વર્તે છે. આપણે જે સ્વરૂપમાં જોડાયા છીએ તેમાં અને સંબંધવાળા સૌમાં આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ રાખીએ. આપણે દેશમાં હોઈએ કે પરદેશમાં, દૂર કે નજીક એવું કંઈ છે નહીં. સિધ્ધાંત પાળવો એટલે જ્યાં હોઈએ ત્યાં સુખ આવે જ. આપણે ‘ઉગતી પ્રભાતે…’ વાળું ભજન બનાવ્યું છે તે સનાતન છે. બ્રહ્મનિયંત્રિત બ્રહ્મસમાજ છે. તમને મળ્યા એ બ્રહ્મસ્વરૂપ છે એમ માનો જ. મહારાજ કહે છે કે, મને જે કર્તાહર્તા નથી માનતો એ મારો દ્રોહ કરે છે… એ સદા દિવ્ય સાકાર છે જ. એમ માનીને વર્તવું પડે. એ રીતે વિચાર, વાણી, વર્તન કરવા પડે.

સવારના પહોરમાં પ્રાર્થના કરી માગી લઈએ કે, મારી કોઈ તાકાત નથી. તમે રાજી થાવ તેવું જીવાય. બધું જ તમારા બળે થવાનું છે. આપણે, ઠાકર ને સ્વધર્મેયુક્ત સેવા. પ્રભુને સેન્ટરમાં રાખી જીવતા થઈ જઈએ. અખંડ ચિદાકાશરૂપ રહેતા થઈ જઈએ. એ જ આજના દિવસની પ્રાર્થના ને યાચના.

# વિડિયો માધ્યમે મહિમાની સ્મૃતિ સૌરભ...

ગુરુહરિ પપ્પાજીએ પરદેશમાં ધર્મયાત્રાઓ કરી મુમુક્ષુ મુક્તોની પ્રાર્થનાનો સ્વીકાર કરી તેમના મનોરથ પૂરા કર્યા. સાથે સાથે તેઓ સત્સંગમય જીવન જીવે, પોતાના જીવન વ્યવહારમાં 'પ્રથમ પ્રભુ પછી પગલુ' એ મંત્ર રાખી દૈનિક ક્રિયાઓ કરતા થાય તેવું આધ્યાત્મિક જતન પણ કર્યું છે. એવા કુટુંબોના અત્યારના બાળકો કે જેણે દેહધારી પપ્પાજીના દર્શનેય નથી કર્યા પણ વડીલોના એવા સત્સંગમય ધર્મભાવનાએયુક્ત જીવન જોઈને તેઓ પણ તેમને અનુસરે છે. એવા ભક્તોની ભક્તિને વિડિયો માધ્યમે માણી તેનો સાર માણીએ.

★ સૌ પ્રથમ યુ.કે. મંડળના બાલ ભૂલકાંઓએ પપ્પાજીના પ્રાગટ્યની શુભેચ્છાઓ વ્યક્ત કરી. 'નસીબવંતા અમે નસીબવંતા...' એ ભજન પર ભૂલકાંઓએ નૃત્ય દ્વારા ભાવ વ્યક્ત કર્યો. ત્યારબાદ ગુરુહરિ પપ્પાજી યુ.કે. પધાર્યા હોય ત્યારે સ્વાગત કર્યા હોય તે ભાવોનું સ્મૃતિદર્શન કર્યું. ત્યાર બાદ આ ભૂલકાઓ ગુરુહરિ પપ્પાજીની વ્યાપક શક્તિનો અનુભવ કરી રહ્યા છે તે માહાત્મ્ય માણ્યું.

તેનો સાર છે કે, અમે પપ્પાજીના દર્શન કર્યા નથી પરંતુ અમારા જીવનમાં પપ્પાજીનું અમૂલ્ય સ્થાન છે. સંભારીએ છીએ ત્યાં હાજર થાય છે, મદદ કરે છે. ડર કાઢી નીડર બનાવે છે. પ્રશ્નોના જવાબ આપે છે. પપ્પાજી જે કાંઈ કરે છે તે સારા માટે કરે છે તેમ ઈચ્છા પૂરી ના થાય ત્યાં મનાય છે. પપ્પાજીની મૂર્તિની સ્મૃતિ કરીએ તો સાથે જ છે તેવી અનુભૂતિ થાય છે.

પપ્પાજી અમારા આધ્યાત્મિક મિત્ર છે. અમારું આત્મબળ છે, પ્રેરણામૂર્તિ છે. અમને ખૂબ વહાલા છે. તો પપ્પાજીના જીવનને આદર્શ રાખી, મહામાનવ બનીએ ને નવા જનરેશનના બાળકોમાં અમારા વર્તનથી પપ્પાજીનું કાર્ય આગળ વધારીએ. આવી ઉચ્ચ ભૂમિકાની પ્રાર્થનાઓ યુ.કે. મંડળના નાના ભૂલકાઓએ કરી ભક્તિનો કળશ ચડાવી દીધો.

★ મોમ્બાસા તીર્થધામ જ્યાં પપ્પાજીનું શિક્ષક તરીકેનું કાર્યક્ષેત્ર. તે સ્થાનમાં પપ્પાજીનું ક્વાર્ટર, લાઈબ્રેરી, સ્કૂલ વગેરે પ્રસાદીના સ્થાનોના દર્શન કર્યા.

★ કેનેડા મંડળના મુક્તોએ ગુરુહરિ પપ્પાજી પોતાના ઘરે પધાર્યા હોય તેનું સ્મૃતિદર્શન કરાવી, અશક્ય શક્ય કરવા પ્રાર્થના કરીએ તો પપ્પાજી કામ કરે જ છે તેવા અનુભવો કહ્યા તેનો સાર...

પપ્પાજી અમારા માટે સર્વસ્વ છે. તેમની દિવ્ય હાજરી અનુભવાય છે. સુખ દુઃખમાં સાથે રહ્યાં છે. રક્ષા કરી છે ને કરશે. મળેલી સ્મૃતિની પળો સનાતન બનાવીએ. સંપ, સુહૃદભાવ, એકતા રાખીએ. વિચાર, વાણી, વર્તનથી તમને રાજી કરીએ. તમારા થઈને જીવીએ. જન્મોજન્મ તમારો યોગ મળે. પપ્પાજી ! અમારું જીવન તમારામય રહે. અમે સુખમાં છલકાઈએ નહીં ને દુઃખમાં ડરીએ નહીં. અમારી અંદર રહેલા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી, જ્ઞાનરૂપી પ્રકાશ પાથરેલો રાખજો. એવા પ્રાર્થનાભાવ ભક્તોએ ધર્યા. ત્યારબાદ કેનેડા મંડળ વતી તરુબેને ગુરુહરિ પપ્પાજીને પ્રાર્થના કરી કે, આ સ્વરૂપોની અમને ખૂબ જરૂર છે. તેમની તબિયત સારી રાખજો. આ પ્રાર્થના સાથે તરુબેને 'રટું નિરંતર સ્વામી સ્વામી...' એ ભજનનું ગાન કરીને કેનેડા મંડળના આયોજનનું સમાપન કર્યું. ધન્ય છે એ ભક્તોને કે પરદેશની ધરતી પર ભક્તિમય જીવન જીવી જન્મ સાર્થક કરી રહ્યા છે.

★ યુ.એસ.એ. મંડળના મુક્તોએ નિત્ય દિનચર્યામાં પ્રભુને સાથે રાખીને ક્રિયાયોગ કરવા તે મૂળભૂત સિધ્ધાંતની થીમ પર આખો કાર્યક્રમ રજૂ કર્યો.

પૂ.અર્ચનાબેને રૂપરેખા સાથે પ્રાર્થનાભાવ ધર્યા કે, આ ગુરુહરિ પપ્પાજીના સ્મૃતિ સૌરભ ઉત્સવમાં મનના સગા મનજીભાઈ અને તનના સગા તનજીભાઈને ત્યજી આત્માના સગા સાથે અક્ષરધામતુલ્ય ગુણાતીત જ્યોત આંગણે ઉજવાતા ઉત્સવમાં એકાંતિક ધર્મ સિદ્ધ કરવા

અમે આ હાં હાં ગડથલ કરી રહ્યાં છીએ. તો તમારા બળે, તમારા આધારે, આશરે ધ્યેય સિદ્ધ કરાવજો. આનંદના ફુવારા ઉડાડતા કરી અંતરથી અંતર ટાળી તમારામય કરી દેવાની કૃપા કરશોજી.

ત્યારબાદ સૌ પ્રથમ ઉત્સવ જય બોલાવી, જીવનમંત્ર, ઉઠતાવેંતની પ્રાર્થના, સંઘધ્યાનની સ્મૃતિ, 'ઉગતી પ્રભાએ... ભજન', પૂજા, થાળ, આરતી, પ્રદક્ષિણા, શાસ્ત્ર વાંચન, સભા, ઓરડાનું ગાન, ગુરુહરિ પપ્પાજીની નામાવલિ, પ્રાર્થનાગાન ને રાત્રિ ક્ષમાયાચનાનું ભજન 'આખા દિવસમાં...' આ બધી જ દિનચર્યાનું પ્રેક્ટીકલ દર્શન કરાવી સભર સભર કરી દીધાં એવા યુ.એસ.એ.મંડળના મુક્તોની ભક્તિને અનંત વંદન છે.

★ મુંબઈ મંડળ : યુવતી મંડળ અને મહિલા મંડળના મુક્તોએ પપ્પાજીના સંકલ્પની સૌરભરૂપે સંપ, સુહૃદભાવ, એકતાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં મહારાષ્ટ્રના લાવણી નૃત્યને 'જોયા શ્રીહરિ...' ભજન પર, બંગાળના ધુનુચી નૃત્યને 'કહેવાનું શું રહ્યું હવે...' ભજન પર, તામીલનાડુના ભરતનાટ્યમ નૃત્યને 'સર્વાધારનો આધાર લઈ...' ભજન પર, અને અંતમાં રાજસ્થાનના ઘુમર નૃત્યને લક્ષમાં રાખીને 'આનંદે આજે આત્મા...' ભજન પર પોતાની કલા દ્વારા ભાવ રજૂ કર્યા.

આ સૌ મુક્તોએ જે પોતાની ભક્તિ રજૂ કરવાની હાં હાં ગડથલ કરી તે બધા જ મંડળના મુક્તોને ખૂબ ખૂબ ધન્યવાદ.

## ગુરુહરિ પપ્પાજીના પ્રાગટ્ય પર્વે કૃતજ્ઞતાની ભાવાંજલિ...

ચહેરા પર પરમ શાંતિ દેખાય
ભક્તોને આપવા ખુશી...
અપાર પરિશ્રમ વેઠતા કરુણાકારી પપ્પાજી દેખાય.

આંખોમાં અગાધ ઊંડાણ દેખાય
ચૈતન્યોની રખેવાળી કરતા
હેતકારી પપ્પાજી દેખાય

સાધકોના જૂના હેવા ચારેકોર દેખાય
છતાં જોગી જોકર લઈને ઝઝૂમતા
એવા મારા પપ્પાજી મમતાનું સ્વરૂપ દેખાય

કોઈનાય સ્વભાવની અટંટાઈ ક્યારેય ન જણાય
ખુલ્લી આંખના આશ્રિતોના સપના
એમની નિશ્રામાં સાચા થાય
એવા મારા દિવ્ય પપ્પાજી વ્હાલા દેખાય.

પળપળ અમારી ખુશી માટે
પોતાના સર્વસ્વને હોમતા
એવા દિવ્યાતિદિવ્ય પપ્પાજી
મારા પ્રભુનું સ્વરૂપ દેખાય

પસંદગી પોતાની જોગી ભક્તિ બનાવી
અમારી પસંદગીને પોતાના રંગે રંગતા
એવા હિતકારી પપ્પાજી દેખાય

માનવદેહ એમનો પવિત્રાતિપવિત્ર
જાણે દિવ્યતાનો મહાસાગર જણાય
એવા છે મારા પપ્પાજી મહારાજ

સર્વદા અનેરા રૂપમાં
શ્રેષ્ઠ સર્જનહાર જણાય
વિશ્વ વંદનીય યુગપુરુષ
એવા મારા પપ્પાજીના ચરણકમળમાં
કોટિ વંદન, કૃતજ્ઞતાની ભાવાંજલિ
સહજભાવે અર્પિત કરાય.
બોલો એવા આપણા
પપ્પાજી મહારાજની જય જય જય...

# તા.૩૦.૮.૨૦૨૧ : ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૦૫મો પ્રાગટ્યદિન : ‘પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ’ની ઉજવણી – દ્વિતીય દિન





પપ્પાજી હૉલમાં સ્વાગત પથ પરથી ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ. દીદી, પ.પૂ.દેવીબેને સૌને દર્શન આશિષ આપતા, મુક્તોના ભાવ સ્વીકાર્યા. તેમ જ મુક્તોએ સંગીતના તાલે કરતાલીથી સ્વાગત કર્યા. મંચ પર પ્રસન્ન ગ્રુપના સાધક બહેનોએ સંપ, સુહૃદભાવ, એકતાના સંકલ્પનું સ્મૃતિદર્શન કરાવતા પૂ.સ્મૃતિબેન દવે રચિત ‘આનંદ આનંદ કિલકિલાટ...’ ભજન પર ગોફરાસથી સ્વાગતભાવ અર્પણ કર્યા.

ત્યારબાદ સ્વરૂપો સ્વઆસને બિરાજ્યા.

પ્રથમ વિડિયો માધ્યમે મોરબી મંડળ, વિદ્યાનગર મહિલા મંડળ, લંડનના સાધક બહેનો, સુરતના યુવકમંડળ, અમદાવાદ મંડળના ભક્તોએ સ્મૃતિદર્શનમાં વિધ વિધ રીતે હાં હાં ગડથલ કરી છે તેનો ભાવ અને મહિમાદર્શન માણ્યો તેનો સાર માણીએ.



# ઓનલાઈન ભાવ અને મહિમાદર્શન

**✱ મોરબી મંડળ :** પૂ.લક્ષ્મણબાપા મોરબીના ડોરી પરિવારે સૌ પ્રથમ ગુરુહરિ પપ્પાજીનું આવાહ્‌ન કરી પૂજન, આરતી, પ્રસાદ ધરી પ્રાર્થનાભાવ ધર્યા.

**✱ વિદ્યાનગર** મહિલામંડળના મુક્તોએ ગુણાતીત જ્યોત મંદિરમાં ઠાકોરજી સમક્ષ ગુરુહરિ પપ્પાજીના જન્મદિન નિમિત્તે સમૂહમાં 'રૂડો જોગ દીધો આ જોગીએ કેવો...' એ ભજન દ્વારા પ્રાર્થનાભાવ વ્યક્ત કરી, હાર અર્પણ કર્યો. ત્યારબાદ સમૂહ આરતી કરી અને પૂ.જ્યોતિબેન માવાણીએ પ્રાર્થના ધરી કે, 'પપ્પાજી ! તમે ગૃહસ્થોને ખૂબ સુખી કર્યા છે. સંકલ્પ, પ્રાર્થનાથી અમારું ખૂબ જતન કર્યું છે. પક્ષ રાખ્યો છે. તો હે પપ્પાજી ! અમે સૌ ગૃહસ્થો સંપ, સુહ્રદભાવ, એકતાથી જીવીએ. પ્રથમ પ્રભુ પછી પગલુ રાખીને જીવીએ. તન, મન, ધનથી બહેનોની ખૂબ સેવા કરીએ એ જ પ્રાર્થના.'

**✱ લંડન જ્યોત** શાખાના સાધક બહેનોએ 'અમે મન ભરીને નીરખ્યા...' એ ભજનના સૂર સાથે ગુરુહરિ પપ્પાજીની લંડનની સ્મૃતિઓનું વિડિયો દર્શન કરાવ્યું. ત્યારબાદ પ્રાર્થનાભાવ ધર્યા કે – હે પપ્પાજી ! આપનું જેવું છે તેવું સ્વરૂપ ઓળખાવજો. તમારું કર્તાપણું સદાય મનાયેલું રહે, રાંક બનીને સેવા કરીએ. તમે અમારું જીવન છો, પ્રાણ છો. પળેપળ તમારી સ્મૃતિમાં રહીએ. દિવ્યભાવ અને માહાત્મ્યના ચશ્મા પહેરી રાખીએ. પ્રત્યેક પળ તમારામાં વીતે તેવી પ્રાર્થના સ્વીકારશો.

**✱ સુરત યુવક મંડળના** મુક્તોએ ગુરુહરિ પપ્પાજી સાથેની સ્મૃતિઓ તેને અનુરૂપ ભજનો ગીટાર વાદન સાથે ગાઈને પોતાનો ભાવ રજૂ કર્યો.

જેમાં ગુરુહરિ પપ્પાજી સુરત પધાર્યા ત્યારે અને વિદ્યાનગરમાં પપ્પાજીના સાંનિધ્યે મળેલી સ્મૃતિઓનું આચમન કરાવ્યું. જેમાં એક સ્મૃતિ કે પપ્પાજીને પૂછયું કે છેલ્લો જન્મ કેવી રીતે થાય ?

પપ્પાજીએ કહ્યું કે, નિર્દોષબુદ્ધિ રાખો તો આ જન્મે છેલ્લો જન્મ થઈ જાય. ને ભાઈઓએ ભજન ગાયું કે, '... પપ્પાજી જલદી નથી ઓળખાતા...'

૨૦૦૩માં સુરતધામમાં ગુરુહરિ પપ્પાજીની અકારણ કૃપામાં પ્રસન્નતા વરસી ને સૌને દર્શનમાં લય કરી દીધાં. સૌને દેહ ને આત્મા નોખા થતા હોય તેવી અનુભૂતિ થઈ. આ સ્મૃતિમાં ભજન ગાયું 'અંતરની પ્રસન્નતા કંઈ સસ્તી નથી...' ભજન બાદ 'પરમહંસની પદવી પ્રાપ્ત કરો' એ પપ્પાજીના આશીર્વાદની સ્મૃતિ કરાવી.

આરાધના પર્વે પપ્પાજીની તબિયત સારી ન હતી. દર્શન કરવાની ઝંખનાએ ભજન પ્રાર્થના કર્યા ને કૃપામાં સામેથી પપ્પાજીએ સુરતના ભાઈઓને દર્શન આપ્યા. ને 'તારા દર્શનના રે પ્યાસા...' ભજન ગાયું.

આ થીમ સાથે સૌને ખૂબ સ્મૃતિસભર કર્યા. એ સુરત યુવક મંડળને ખૂબ ખૂબ ધન્યવાદ.

**✱ અમદાવાદ મંડળના મુક્તોનું ભાવદર્શન**

ગુરુહરિ પપ્પાજી મહારાજ અમદાવાદમાં અનેકવાર પધાર્યા છે તેની અસંખ્ય સ્મૃતિ ખજાનામાંથી થોડી સ્મૃતિઓનું સાલવાઈઝ આચમન કરાવ્યું.

ચંડોળા તળાવ : ગુરુહરિ પપ્પાજી, સ્વરૂપો અને મુક્તો જ્યારે અમદાવાદ પધારતા ત્યારે અમદાવાદમાં જ્યાં જવાનું હોય ત્યાં આ સ્થાને ભેગા થઈને જતા તે. પૂ.પદુબેનનું પણ સત્સંગ પ્રારંભનું સ્મૃતિ સ્થાન. જેને પપ્પાજી 'મુક્તમિલન સ્થાન' કહેતાં તેનું દર્શન...

સરિતા ઉદ્યાન : બ્રહ્માનંદ અવારનવાર કર્યો છે તેની સ્મૃતિઓ...

★ ઢાલની પોળમાં જૂના દાદરાવાળા ઘરોમાં ગુરુહરિ પપ્પાજીએ અપાર ભીડો વેઠી ને એક જ દિવસમાં ૩૫ ઘરે પધરામણી કરેલી તેનું દર્શન...

★ પ્રીતમનગર પાલડીમાં ભાઈઓની સભાની શરૂઆત કરેલી તેનું દર્શન...

★ ભાદરવા વદ છઠની પ્રથમ ઉજવણી ઘાટલોડિયામાં કરેલી તેનું દર્શન...

★ ૧૯૯૭માં પૂ.પ્રફુલ્લભાઈ ઠક્કરના ઘરે પ્રથમ રવિસભાનો પ્રારંભ કરી પપ્પાજીએ વચ. ગ. મ. ૨૮ જીવનદોરીનું સમજાવેલું. ને રવિસભા ભરનાર અમદાવાદ મંડળના મુક્તો પર આશિષપત્ર લખેલો તેનું દર્શન.

★ આંબાવાડી જ્યોતની બાજુમાં જમીનનું ખાતમુહૂર્ત કર્યું ત્યારે અમદાવાદ મંડળના યુવકો, મુક્તોએ ખાડો ખોદેલો. ઈન્દુબાએ પપ્પાજીને વાત કરી ને પપ્પાજીની કૃપા વરસી તેનું દર્શન.

વિડિયો માધ્યમે દર્શન કરાવી સૌને અમદાવાદ તીર્થધામની યાત્રા કરાવી. અમદાવાદ મંડળના સર્વે મુક્તોને ખૂબ ખૂબ ધન્યવાદ.



ત્યારબાદ સ્વરૂપો મંચ ઉપર આસને બિરાજમાન થયા. આજે જન્માષ્ટમી પર્વ. તેની સ્મૃતિમાં પ.પૂ.પદુબેને પ્રસાદ ઉછાળીને સ્મૃતિ આનંદની લહાણી કરી.

સભા સંચાલિકા પૂ.બકુબેને આ પર્વની ગરિમામાં લીન કર્યા કે –

પપ્પાજી મહારાજનો ૧૦૫મો પ્રાગટ્યપર્વ. સત્પુરુષ કોઈને કોઈ નિમિત્ત ધારણ કરી, પૃથ્વી ઉપર પધારે છે. સ્વામિનારાયણ સંપ્રદાયનો ઈતિહાસ જોઈએ તો સ્વયં મંત્રદાતા શ્રીહરિએ મોજમાં આત્યંતિક કલ્યાણનો માર્ગ ખોલ્યો. મહાપ્રતાપી સ્વામિનારાયણ મંત્ર આપ્યો. શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીએ બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિનો માર્ગ ચીંધ્યો. શ્રી શાસ્ત્રીજી મહારાજે ઉપાસનાની શુદ્ધિનો માર્ગ ચીંધ્યો. શ્રી યોગીજી મહારાજે સંબંધયોગનો મહિમા પ્રસાર્યો ને શ્રી પપ્પાજીએ પ્રભુના સંબંધવાળાની મહિમાથી સેવા કરી ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત કરી ચૈતન્ય મંદિરો ઘડવારૂપી કાર્ય કર્યું. ગુણાતીત સમાજનું સર્જન કર્યું. આવા સમાજના મુક્તો આજે પપ્પાજીના આ પર્વોત્સવે પ્રાગટ્ય વંદના કરી મહિમારત થાય છે. પપ્પાજીની કૃપા વિશેષ કે એ કાર્ય પ્રવાહિત છે ચૈતન્યસ્વરૂપો દ્વારા. તેમની પ્રત્યક્ષ સંનિધિમાં તેમના જતનમાં, પ્રાર્થનામાં બંધાયેલા આપણે ભક્તો સાથે મળી પપ્પાજીની સ્મૃતિમાં રત થઈ બ્રહ્માનંદ માણી રહ્યા છીએ. એવા પપ્પાજી અને ગુરુસ્વરૂપોને અનંત વંદન.

સૌ પ્રથમ પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવને જયનાદથી વધાવ્યો. ત્યારબાદ સ્વાગતભાવ અર્પણ થયા તેમાં ગુણાતીત જ્યોતની શાખાઓ અમદાવાદ, નરોડા, નડિયાદ, સુરત, મુંબઈ, માણાવદર, રાજકોટ, લંડન, વિદ્યાનગર તરફથી પુષ્પહાર, પુષ્પગુચ્છ અને વિધ વિધ ભાવાર્પણ થયા. મોરબી મંડળ તરફથી પેંડાનો પ્રસાદભાવ ધર્યો.



પૂ.ડૉ.નીલમબેન લેખિત ડીઝીટલ પુસ્તક 'પપ્પાજી અનંત સ્વરૂપે...'નું મુક્તાર્પણ પ.પૂ.દીદીના હસ્તે થયું. જે ગુણાતીત જ્યોતની વેબસાઈટ પરથી સૌને પ્રાપ્ત થશે. 'પ્રાર્થનાની શક્તિ' ઓડિયો કેસેટ મુક્તાર્પણ પ.પૂ.પદુબેનના હસ્તે થયું.



આપણે ભક્તિઉત્સવના જે બેજ પહેરીએ છીએ એના ૨૫ વર્ષ પૂરાં થયા. તે જ બેજને પપ્પાજીના ૧૦૫માં પ્રાગટ્ય પર્વની સ્મૃતિમાં નવા કરાવ્યા તેનું મુક્તાર્પણ પ.પૂ. જસુબેનના હસ્તે થયું.



હવે મહિમાની સૌરભ માણીએ.

પૂ.ડૉ.નીલાબેન : મહારાજે પોતાનું કાર્ય કરવા પપ્પાજીને અવનિ પર મોકલ્યા. પપ્પાજીએ ઐશ્વર્ય ન દેખાડ્યું પણ તત્ત્વના ગુણોનું દર્શન કરાવ્યું. નાનપણથી જ બધાના કલ્યાણ કરતા આવ્યા છે. આપણે બધા ક્યાં હતા ને ક્યાં લાવીને મૂકી દીધા. તેમનું કાર્ય સીમિત નથી. પપ્પાજીએ બહેનોનું કાર્ય ૧૯૫૨થી શરૂ કરી દીધું. ૫૦ વર્ષની ઉંમરે બહેનો માટે આ જ્યોત ખોલી. સંતો, બહેનો, યુવકો, ગૃહસ્થોનો સમાજ રચી અદ્‌ભુત કાર્ય કર્યું છે.



કર્મયોગી બહેનોને પોતાની સ્મૃતિમાં રાખ્યા. તેમના વચનની સ્મૃતિઓ આપી. મહામાનવ બનાવવાનો તેમનો સંકલ્પ તેમની શક્તિથી પૂરો થઈ રહ્યો છે.

૧૯૭૩માં પપ્પાજી ઉભરાટ આવ્યા. ત્યાંથી પપ્પાજી એરૂ પધારવાના હતા. હું તૈયારી માટે ગઈ. ત્યાં તો પપ્પાજીનું આવવાનું કેન્સલ થયું. મને થાય કે પપ્પાજી નહીં પધારે ? ત્યાં ફરી 'આવશે' તેવો સંદેશો આવ્યો. મેં ભજન ગાયું, 'તારી મૂર્તિના સોનેરી...' ને પપ્પાજીની દિવ્ય દ્રષ્ટિ અંતરમાં ઉતરી ગઈ. પપ્પાજીની પ્રત્યેક ક્રિયામાં દિવ્યતા છે. તેમને સંભારવાથી કલ્યાણ થઈ જાય. રૂપાંતર થઈ જાય.

અત્યારે મોરબી મંડળ જોઈએ તો ચાર મહિના પહેલા જ કેટલો મોટો પ્રસંગ બન્યો! પણ ખૂબ બળમાં છે. પરમભાઈએ કહ્યું કે, 'મારા

જીવનમાં યુટર્ન આવી રહ્યો છે.' કેવી પ્રેરણા પપ્પાજી કરી રહ્યા છે ! પરમભાઈની પત્ની દીશાને ડૉક્ટર થવું હતું. પ્રાર્થના કરી તો એડમીશન મળી ગયું. પપ્પાજી કેટલા સમર્થ છે ! કેટલા વ્યાપક છે ! આ પરિવાર એમનો છે તો બળ આપી દીધું.

કેવા સ્વરૂપો આપણને આપ્યા છે ! એમની સ્મૃતિ કરીએ તો ય આપણું કામ થઈ જાય, રૂપાંતર થઈ જાય.

તો હે પપ્પાજી ! અમને તમારું સાચું માહાત્મ્ય સમજાઈ જાય, પ્રાપ્તિનો કેફ રહે, અમારું કરી લઈએ, પામી જઈએ, માહાત્મ્યમાં રહીએ. નિર્દોષબુદ્ધિ દઢ થઈ જાય. તમારી જેમ એકાંતિક ધર્મ સિદ્ધ કરી લઈએ એવું જીવીએ કે તમને હાશ થઈ જાય એવી પ્રાર્થના.

પૂ.અરૂણાબેન ભોજાણી : આજે ખૂબ ખૂબ આનંદનો દિવસ. કારણ આવા ગુણાતીત પુરુષ ઓળખાય નહીં. તે ગુરુ સ્વરૂપોની કૃપાથી ઓળખાઈ ગયા. જીવમાં મનાઈ ગયા. ને તે દિવસથી આપણો સાધના માર્ગ સરળ લાગવા માંડ્યો.

આજે પપ્પાજી દેહે કરીને પૃથ્વી પર નથી પણ તે આપણી બધી જ પ્રાર્થના સાંભળે છે, સંકલ્પો પૂરાં કરે છે, બળ આપે છે. એ પપ્પાજીને જ્યારે જ્યારે યાદ કરીએ ત્યારે ખુદ હાજર થઈ જાય છે. દિન પ્રતિદિન નવું ને નવું લાગ્યા કરે છે. એ તેમની અઢળક કૃપા કહેવાય.

પપ્પાજી ખરેખર ખૂબ સીન્સીયર હતા. તેમના ગુરુને પણ અને શિષ્યો સાથે પણ... તો આપણેય સીન્સીયર રહીએ. નિષ્ઠા પાકી રાખીએ. તેમના વચન પાળીએ. તો તે ખૂબ રાજી થઈ જાય ને આપણને અંતરમાં સુખ આવે. વચન પાળવાથી લાખો ગાઉ દૂર હોઈએ તો પણ સુખ આવે છે તેની સૌને પ્રતીતિ થઈ રહી છે. પપ્પાજી આપણી સાથે છે જ.

થોડા વર્ષો પહેલા પપ્પાજીએ બહુ સરસ વાતો કરી હતી. ત્યારે હું હાજર ન હતી. તો મને કોઈકે કહ્યું કે, 'પપ્પાજીએ સરસ વાતો કરી. તમે તે બધું મીસ કર્યું.' સત્પુરુષ વાતો કરતા હોય ને આપણે હાજર ન હોઈએ તો અંદરમાં બળતરા થવી જોઈએ. તો મને એવું કંઈ થયું નહીં. એટલે મેં પપ્પાજીને વાત કરી.



પપ્પાજી કહે, 'દ્રષ્ટાવાળા હોય તેના માટે આ વાત નથી. દ્રષ્ટાવાળાને તો જ્યારે જેની જેટલી જરૂર હોય તેટલું પ્રભુ તેને આપી જ દેતા હોય છે.'

બસ, આપણે કેમ કરીને સુખિયા થઈએ, આનંદમાં રહીએ એ એમને કરાવવું હતું ને છે. તો આજે તેમના ચરણોમાં એવી જ પ્રાર્થના છે કે વધુ ને વધુ આપના થઈને જીવાય તેવા બળ, બુદ્ધિ ને પ્રેરણા આપજો.

પૂ.ક્રિશભાઈ (અમદાવાદ) : જેમના હૃદયમાં ચંદ્ર જેવી શીતળતા અને સૂર્ય જેવું તેજ છે એવા આપણા ગુરુહરિ પપ્પાજી. પપ્પાજીએ આપણા સૌ માટે નાનપણથી કલ્યાણ જ વિચાર્યું હતું તો તે સિદ્ધ કરીને બતાવ્યું.

પપ્પાજી આપણા પાલનહાર છે. બાળપણથી જ લીલાઓ કરતા આવ્યા. આદર્શ વિદ્યાર્થી - તેજીને ટકોર. બાપુરાજ... બાપુરાજ... રટણ, પૃથ્વી પર સ્વર્ગ ઉતારી લાવવું છે. એવું સંકલ્પભર્યું હતું તેમનું બાળપણ. નાની ઉંમરમાં પપ્પાજી કહે છે કે - વિદ્યાર્થીઓમાં પ્રભુ છે, ભાવના સે કર્તવ્ય બઢતર હૈ. એવા પપ્પાજીએ વર્તીને આદર્શ આપ્યા. તેમના પર કેટલાંય શાસ્ત્રો, વેદો લખાઈ જશે પણ તેમની વાર્તા કોઈ દિવસ પતવાની નથી.

જેમ સમુદ્ર તેનું પાણી ઉછાળવાનું બંધ નથી કરતો. સમય કોઈ દિવસ રોકાતો નથી. સૂર્ય કોઈ દિવસ તેનો પ્રકાશ ઘટાડતો નથી. એમ આપણા પપ્પાજીની જે આધ્યાત્મિક સામર્થી છે તે કોઈ દિવસ ઘટવાની નથી. પપ્પાજી સર્વોપરી ભગવાન છે.

આજે તેમના ૧૦૫મા પ્રાગટ્યદિને એટલું જ માગીશ કે હે પપ્પાજી ! તમે આખા ગુણાતીત સમાજનું કલ્યાણ કરજો. આપના સુખથી અમને ભરી દેજો. ને તમે આ બધા સ્વરૂપોમાં રહી અમારી સાથે રહેજો.

પૂ.હંસાબેન ગુણાતીત : પપ્પાજી આ અવનિ પર પ્રગટ્યા ને આપણને ભેગા કર્યા. આત્મામાં બિરાજ્યા ને રૂપાંતર કર્યું. આવું ભવ્ય સ્થાન બનાવીને તેમાં આપણને મૂકી દીધા. આવા સ્વરૂપો મળ્યા. ઉત્તમ સમાજ સ્થાપ્યો. આપણને દિવ્યભાવ રાખતા કર્યા. આપણા પપ્પાજીના લેખો ય અજોડ ને અદ્વિતીય! એવા જ એમના માટે બહેનોએ બનાવેલા ભજનો. એ ભજન કેમ અજોડ ને અવિસ્મરણીય છે ? કારણ આપણે તે પ્રમાણે જીવીએ તો પામી જઈએ. તેવું અંદર જ્ઞાન છે, સૂઝ છે, પ્રાર્થના છે.

આ સ્વરૂપોએ કેટલી પ્રેરણા આપી છે ! અંતર મનને ઢંઢોળી સાચા માર્ગે દોડતા કર્યા છે. પપ્પાજી મારી પાસે નથી એવું કોઈને નથી લાગતું. તેમની દિવ્ય શક્તિ પૃથ્વી પર વહેતી જ રહી છે. સૌના અંતરમાં ને મનમાં. પપ્પાજીએ કેવો સમાજ ઘડ્યો છે ! આ બધા દર્શન કરીએ તો થાય કે અહોહો ! તો હે પપ્પાજી! તમારી ભક્તિ કર્યા જ કરીએ તેવી કૃપા કરજો. સાધુતાની પદવીમાં જે બાકી હોય તે તમે આપી દેજો. આવું તમે કરી આપજો એ જ તમારા ચરણોમાં પ્રાર્થના.

આશીર્દાન પ.પૂ.જસુબેન : પપ્પાજીએ આપણને આપવામાં કાંઈ બાકી નથી રાખ્યું. એમણે સર્વસ્વ લૂંટાવી દીધું છે. એને વાપરતા થઈ જઈએ તો આનંદના ફૂવારા છૂટી જશે.

અત્યારે તો ૨૪ કલાક ધૂન, ભજન, ધ્યાન, કથાવાર્તામાં જાય છે. ખૂબ સહેલું છે, પણ અઘરું લાગે છે. કારણ કેટલાય જન્મોના હેવા પડ્યા હોય ને એટલે. પપ્પાજીનો લેખ છે 'ચેલેન્જ લેનાર છે કોઈ ?' પપ્પાજીએ એક જ વાત લખી છે કે 'તમારી સામે જે મુક્ત આવે તે ગ્રહણ કરે છે તેમ માનો.' એ ટેવ પાડો તો સહેલું છે. સામું ના મૂકે તો આપણે મૂકી દઈએ. મોટા હોય કે નાના. કરી કરીને આટલું કરવાનું છે. જે કોઈ આપણી સામે આવ્યું તેના દાસના દાસ બની જાવ. બીજું કાંઈ વ્રત, જપ, તપ કરવાનું નથી. ખૂબ સહેલું છે. સામે જે આવે તે કહે તેમ કરી લઈએ એમાં આપણને શું વાંધો હોય ? એનામાં મહારાજ જોઈ એટલું કરી લઈએ એ છેલ્લાનું ૨૬. એવું વર્તીને અખંડ ખૂબ સુખ લેતા થઈ જઈએ. એમાં જેવું સુખ છે એવું કશાયમાં નથી. એવું જીવન જીવતા આપણને

પપ્પાજી અને આ સ્વરૂપો કરી આપે એ જ એમના ચરણોમાં પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** બે દિવસથી કેટલો આનંદ કરીએ છીએ ! જે જોઈએ તે પપ્પાજી પાસે માગવાનું. તે આપવા બેઠા છે. સુરત મંડળે કેવી સરસ સ્મૃતિ કરાવી ! એ મંડળે સ્મૃતિ વાગોળીને આપણને સૌને તરબોળ કર્યા. યુ.કે. મંડળના નાના બાળકો કેવા અનુભવ કરે છે !

નાના બાળકોને મા-બાપે કેવા સંસ્કાર આપ્યા! મુંબઈ મંડળે કેવો સરસ પ્રોગ્રામ કર્યો. દેશ-પરદેશના મંડળોએ ખૂબ પપ્પાજીનો મહિમા ગાયો ને સ્મૃતિ રસલહાણ કરી. નાના બહેનોએ પણ ખૂબ સરસ કર્યું. ચારેબાજુ આનંદ આનંદ છે. ખરેખર આપણી પાસે સ્મૃતિનો, જ્ઞાનનો ખજાનો બહુ છે. તો એ સ્મૃતિ કરજો ને કરાવજો. આનંદ આવશે. એનામાં રહીશું તો એ આપણામાં રહેતા થઈ જશે. મફત મળી ગયા છે. ખૂબ દયાળુ છે. સંબંધે સ્વરૂપ માનો. સેવા કરી લ્યો. પણ ખટપટ ને આઘીપાછી નહીં કરવાની. આપણી પાસે કેવા સરસ ભજનો છે ! તે ગાઈએ. સ્મૃતિ સિવાય કાંઈ વાત ન જોઈએ. અંતર્યામી માનીશું તો બીજું કાંઈ કરી નહીં શકીએ. એવું સુખ લેવું છે જ.

સ્મૃતિ વાગોળીએ, અક્ષરધામના સુખ, શાંતિ, આનંદના ભોક્તા બની અમે અક્ષરધામમાં રહીએ એવું પપ્પાજી તમે વરસજો.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ભગવાન ભજવા છે. યોગીના થઈને તો જીવીએ છીએ. નાત, જાત, બધું છોડી અખંડ ભગવાન ધારતા થવું છે. એની બંસરી બનીને રહીએ.

જાગ્રતતા, જાણપણુ રાખી પંચામૃત પ્રમાણે જીવવાનું. બધાને પ્રગતિ કરતા ચૈતન્ય માનો. દ્રષ્ટાવાળા માટે કાળ, કર્મ, માયાનો કાયદો ચાલતો જ નથી. સંબંધમાં આવ્યા તેનું કાર્ય થઈ રહ્યું છે. લોક, ભોગ, પક્ષથી પર થઈ જઈએ તો અક્ષરધામ અહીં જ છે. સંબંધવાળા પ્રગતિ કરતા મનાશે. દરેક વિશે અહોહોભાવ રહેશે. પોતા માટે સાધુની દ્રષ્ટિ બીજા માટે મહારાજની દ્રષ્ટિ.

માહાત્મ્યેયુક્ત સેવા યોગીમહારાજે, મોટેરાએ શીખવી છે. પંચામૃત પ્રમાણે તન, મન ભગવાનમાં રાખતા થઈએ. પ્રેક્ટીસ કરીએ. વર્તનમાં લાવવા જાગ્રતતા, જાણપણુ રાખીએ. આળસ ને ગાફલાઈ ન રાખીએ. તેવું જીવન જીવતા થઈ જઈએ એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આપણે તો ઉત્સવોની પૂર્ણાહુતિ થતી જ નથી. જ્યારથી પપ્પાજીનાં દર્શન કર્યા છે ત્યારથી અનંત પ્રકારની સ્મૃતિ મળી છે. એકવાર જોગીબાપાએ બાથરૂમ બંધ કરી યુવકોના વસ્ત્રો ધોઈ નાંખ્યા. એવી જ રીતે એકવાર પપ્પાજીને એપલ સમારીને આપ્યું હતું. વાટકો બાથરૂમમાં મૂક્યો હતો. તે તેમણે ધોયો ને લૂછવા જતા તૂટી ગયો. પણ કેવી મહિમાની દ્રષ્ટિ ! પપ્પાજીની અનંત સ્મૃતિ છે. અમે એકવાર ગરબાની પ્રેક્ટીસ કરતા હતા. તેમાં અહમ ટાળવા માટે સદ્ગુરુએ ભજન કરવાની એક્શન કરવાની હતી. પપ્પાજીએ એક્શન બતાવવા માળા ફેરવીને બતાવ્યું. ખરેખર માળા તૂટી ગયેલી.

આપણને આપણી રીતની બધી સ્મૃતિ મળી ગઈ છે. આપણે કદાચ ભૂલી ગયા હોઈએ. તો પ્રાર્થના કરવી કે મને યાદ અપાવી દો ને. પ્રભુનો પાવર ખૂબ જબરજસ્ત છે. એની સ્મૃતિ કરો. એને કહો એ કરશે જ. બધા અનુભવી બેઠા છીએ. નાના કે મોટા. તો ફાયદો એ થશે કે આપણી વિસ્મૃતિ થતી જશે. આપણી આવડત, ભણતર બધું મૂકાતું જશે. આપણને ભારરૂપ લાગે ત્યાં સુધી આપણે છીએ. તેમાં પપ્પાજીને પ્રાર્થના કરીએ કે, હવે મને આમાંથી બહાર કાઢો. એમની સાથે વાત કરવી. એ ટેવ પડી જાય તો આનંદ આનંદ થાય. જે કંઈ થાય તે પપ્પાજીને કહી દેવાનું. તો હૈયામાં કંઈક ભાર હશે તે નીકળી જશે.

હે પપ્પાજી ! અમે તો તમારા છીએ. તમારું કાર્ય છીએ. એક એક પગલુ, શબ્દ, વર્તન તમે પ્રસન્ન

થાવ તેવું આખો ગુણાતીત સમાજ જીવતો થઈ જાય. તમારી સ્મૃતિ સહજ થતી રહે તેવું બળ આપજો.

આજની સભાના સમાપનમાં ધારણ કરેલ પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવના બેજને સૌ હસ્તમાં ધારણ કરી પ્રતિજ્ઞાબદ્ધ થયા.

હે ગુરુહરિ પપ્પાજી !

– અમારા મનમાં આપને પ્રગટાવીએ એ જ અમારો સ્મૃતિ સૌરભ ઉત્સવ.

– અમારા જીવના રૂડાં માટે વચ.ગ.પ્ર.૩ પ્રમાણે સ્મૃતિરસમાં ડૂબેલા રહીએ એ જ અમારો સ્મૃતિ સૌરભ ઉત્સવ.

– અમને નિષ્કામભાવે ગરજુ થઈ સેવા કરવામાં જ પરમપદ મનાય એ જ અમારો સ્મૃતિ સૌરભ ઉત્સવ.

– અમારા સ્વભાવ, પ્રકૃતિ, દોષથી અમારી રક્ષા કરવા સ્વભજન કરીએ એ જ અમારો સ્મૃતિ સૌરભ ઉત્સવ.

– આપના સાંનિધ્યમાં બેસાડ્યા છે તો આપના સ્વરૂપોની આજ્ઞામાં વર્તી તેમને રાજી કરી લઈએ એ જ અમારો સ્મૃતિ સૌરભ ઉત્સવ.

ને આ જ અમારું જીવન બને એ માટે સમૂહમાં પ્રાર્થનાગાન કર્યું કે...

પપ્પાજી અમે આપનાં ભૂલકાં
આપના ચરણે પ્રાગટ્ય વંદના
આપ અમારી જીવન જ્યોત છો
આપ અમારા જીવનપ્રાણ છો
આપ અમારું જીવન સકલ છો
પલપલ અમારી તુંને અર્પણ હો
આપની સ્મૃતિ વિચારમાં રહે
આપના વચન આચારમાં રહે
આપનું સાંનિધ્ય અખંડ અંતરે રે
આપની સૌરભ બનીએ અમે (૨)

ને અંતમાં પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવના જયઘોષના આનંદ સાથે સભાનું સમાપન કર્યું. અને સૌએ કરેલા સંકલ્પને અનુસરવા, સાંભળેલી સ્મૃતિઓ વાગોળવા અને આજ્ઞાના પાલન માટે સૌ કટિબધ્ધ થયા. ગુરુહરિ પપ્પાજીના પ્રાગટ્યના અહોહોભાવમાં, કૃતજ્ઞતાના ભાવોમાં આ ઉત્સવની સ્મૃતિની હેલીએ ભીંજાઈ સૌ સ્વધર્મમાં જોડાયા.

પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવની જય જય જય...



# તા.૧.૯.૨૦૨૧ : ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૦૫મા પ્રાગટ્યદિનની ઉજવણી...




વર્ષ દરમ્યાન જ્યોત તરફથી ભક્તિયજ્ઞનું આયોજન થયેલું તેમાં મંત્રલેખન પણ હતું. તેમાં મુંબઈ મંડળે જે મંત્રલેખન કરેલું તે મંત્રોના સુંદર હાર બનાવીને મોકલ્યા હતા. તે હાર પ્રથમ પ્રભુકૃપામાં ગુરુહરિ પપ્પાજીને અર્પણ કર્યો. પછી પપ્પાજી તીર્થ–શાશ્વતધામે પૂ.મધુબેન, પૂ.લીલાબેન, પૂ.હેમાબેને





ગુરુહરિ પપ્પાજીને આ હાર અર્પણ કરી સમાધિ પર મંત્રની ચાદર અર્પણ કરી મુંબઈ મંડળ અને આપણા સૌ વતી પ્રાર્થનાભાવ ધર્યા.

સવારથી કંઈક નવીન સ્મૃતિનાં દર્શન મળવાના હતા. જેમાં સોના ગ્રુપના વ્રતધારણને ૧૯ વર્ષ થયા. તે બહેનોએ સભા સંચાલિકા બકુબેનના આયોજન મુજબ જ્યોત મંદિરેથી ઠાકોરજી સાથે, ભાવસભર કાવડ ધારણ કરીને ભક્તિરસ વહેવડાવી રહ્યા હતા.

શાસ્ત્રોમાં શ્રાવણ મહિનામાં હરિદ્વાર જઈ ગંગાજળ ભરી કાવડમાં મૂકી ઠાકોરજીને જલાભિષેક કરવાનું માહાત્મ્ય અનેરું હોય છે. એ દર્શન–ભાવ આજે પ્રત્યક્ષ નિહાળ્યા. જળકળશ લઈ પંચામૃત હૉલ તરફ એ ભક્તિયાત્રા આવી, જ્યાં પૂજનવિધિ થઈ. ત્યાર બાદ પંચામૃત તીર્થધામ પાસે એ યાત્રા થંભી. આ તીર્થધામની સ્મૃતિઓ સંભારી ધન્યતા માણી પપ્પાજી હૉલમાં આવ્યા. ને સ્ટેજ પર આ યાત્રા પૂર્ણ થઈ. ઠાકોરજી સમક્ષ થાળ ગોઠવાયા. આ યાત્રાદર્શનનો ઘેર બેઠા લાભ મેળવી સૌ ધન્ય થયા. અને પછી કલાકારોએ કાવડિયાનૃત્ય સાથે જલાભિષેક કર્યો. અને પૂજન, હાર, થાળ અર્પણ કર્યા. એ જ સમયે અનુપમ









મિશન તરફથી લાડવાનો થાળ સમયસર આવી ગયો. અને 'પપ્પા પધારો અમારા થાળ જમવા
પ્રભુ થાળ જમવા, હૈયા તૃપ્ત કરવા...'

આમ જેટલી વાનગીઓ બનાવેલી તે થાળ ગાનમાં ગાતાં ગાતાં પ્રભુને જમાડ્યા. ત્યાર બાદ થાળના પ્રસાદ અર્પણની વિધિ થઈ. પ્રભુભક્તોને થાળ પહોંચાડી, આરતીભાવ ધર્યો. ત્યાર બાદ પૂ.પન્નાબેન વિસાણીના શબ્દભાવોને સ્મૃતિબેન દવેએ સૂરગૂંથનમાં સજ્યા એ






ભજન 'ભવોભવ તારી ઝંખા... પપ્પાજી રટણા...' ગવાયું. પછી પૂ.શોભનાબેન, પ.પૂ.દીદીના આશીર્વાદ લીધાં તે માણીએ.

**પૂ.શોભનાબેન :** આપણે ખૂબ સરસ રીતે ગુણાતીત ગરિમા પર્વ ઉજવ્યો. આ બે દિવસ પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ ખરેખર આપણે માણ્યો. બકુબેને બહુ સરસ રીતે ઉત્સાહ જગાડી આપણા હૈયા સુધી એ આનંદને માણવાની તક આપી.

પપ્પાજીનું એટલું બધું મનન-ચિંતવન કરાવ્યું. આપણને થાય કે આવા પપ્પાજીની આપણને પ્રાપ્તિ થઈ ગઈ ! આપણા અંતરના બધા વિકારો ટાળીને આપણને એમનું સ્વરૂપ ઓળખાવવા પૃથ્વી પર પધાર્યા. અનહદ કૃપા ! આપણને પપ્પાજી એમના ધારક બનાવી રહ્યા છે. આપણને ૧૦૦% લાભ આપવા આવી તક ઊભી કરે છે. આપણે બધા જીવનમુક્તોનો મહિમા વિચારીએ ત્યારે આપણને થાય કે પપ્પાજી તમારું કાર્ય કેવું અજોડ છે ! એકેએકને મનન-ચિંતવન થાય છે. કેવું સરસ પહેલાનું મૂર્તિદર્શન કરાવ્યું !

પપ્પાજી જે પરિસ્થિતિ આવી તેમાં એડજસ્ટ થઈ ગયા. એક દિવસ પપ્પાજી પોતે પરભાવમાં બોલ્યા હતાં કે, 'બાબુભાઈ જન્મ્યા ત્યારથી કોઈ અપેક્ષા જ નહીં.' એવા પપ્પાજીના આપણે... કેવળ કૃપામાં જ પ્રારબ્ધ ધોઈ મન-બુદ્ધિ-ચિત્તના વિકાર ટાળી એમનું ધામ બનાવવા સૌ કોઈને એકબીજા માટે વાપરી રહ્યાં છે.

આપણને આપણા ભગવાન કહે છે કે, 'તમો સૌનું ભરેલું જુઓ.' તો અમે ભરેલા રહીએ છીએ પણ શેનાથી ? તો બીજાના મન-બુદ્ધિ-ચિત્ત કેવા છે ? એવું જોઈને ભરેલા રહીએ છીએ. એના બદલે પ્રભુને સામામાં જોઈએ, માણતા રહીએ. બસ તુંહી તુંહી તું જ પ્રભુ એવી અમારી સમાધિ રહે. તો હે દીદી ! તેમજ સર્વે સ્વરૂપો, અમે આવી રીતે ભરેલા રહીએ. પ્રભુ પ્રાપ્તિનો આનંદ કરતાં રહીએ. સામાનું જોઈએ નહીં તો તમને, પપ્પાજીને ગમે છે તેવું જીવવાનું અમને બળ મળે એ જ પ્રાર્થના.

પૂ.સ્મૃતિબેન દવે : ખરેખર પપ્પાજીએ આખું વર્ષ બકુબેનને પ્રેરણા કરી ને તેમના આયોજન પ્રમાણે પપ્પાજીને રાજી કરવા સૌ સ્વરૂપો, સાધકો, હરિભક્તો ભળ્યા. આપણે ઓનલાઈન કેટલું બધું ૨ વર્ષથી માણીએ છીએ ! 'નિત નવું નજરાણું...' મુંબઈ મંડળના ગૃહસ્થ હરિભક્તોએ પપ્પાજીનું મનન ચિંતન કરીને વિડીયો માધ્યમે ભાથું આપ્યું.

તો યુ.કે.ની કલીપમાં પપ્પાજીએ યુ.કે.માં જે જે સમૈયા, ઉત્સવ, શિબિરો કર્યા. તેનું દર્શન કરાવ્યું. ને અત્યારે આ ભક્તિના સંસ્કાર નાના નાના બાળકોને વારસામાં ભક્તોએ આપ્યાં તેનું દર્શન કરી રહ્યાં છીએ.

વિડીયો વિભાગના મુક્તો પણ સરસ દર્શન કરાવે છે. 'ગુરુહરિ પપ્પાજીનો સંદેશ' પાયાના સિધ્ધાંતની જાગ્રતતા આપે તેવું દર્શન પૂ.મનહરભાઈ સોલંકી કરાવી રહ્યાં છે.

બકુબેન આખી જ્યોતના બહેનોનો સાથ લઈ કેવા વિધવિધ પ્રકારે સ્મૃતિસભર જાગ્રત રહેવાય તેવા આયોજન કરે છે ! તેઓએ પ.પૂ.દીદી-પ.પૂ.દેવીબેનના ગુણાતીત ગરિમા પર્વ નિમિત્તે મહિને મહિને અદ્‌ભુત કીર્તન આરાધના કરાવી સૌને મહિમાસભર કર્યા. આ પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવમાં શતાબ્દી, પ્રસન્ન, સોના ગ્રુપના ભૂલકાંઓએ પોતાના દેહભાવથી પર રહી કેવું સુંદર સુશોભન, સ્વાગત વગેરેનું આયાજેન કર્યું. સૌને ધન્યવાદ છે. આજે જુઓને ! બકુબેને કાવડયાત્રા દ્વારા કેવું સરસ અભિષેક ને થાળ અર્પણનું આયોજન કર્યું ! પપ્પાજી પોતાનું કાર્ય વ્યાપકરૂપે કરે છે ને કરશે જ. આવા સ્મૃતિસભર આયોજન દ્વારા ચિદાકાશમાં રહેવાનું સહેલું કરી આપ્યું એ ગુરુહરિ પપ્પાજી પણ કેવા મહાન ! બસ તેમનાથી સભર રહેવું છે.

પૂ.બકુબેને વાત કરી કે, આપણે તો હાં હાં ગડથલ કરીએ છીએ. આવાં સ્વરૂપો આપણને બળ આપે છે. પપ્પાજી અને તેઓ જ પ્રેરણા આપે છે. આ બધાં આયોજનો પપ્પાજીમય રહેવા ને સ્વભાવ-પ્રકૃતિથી પર થઈ તેમનો રાજીપો મેળવવા, ભક્તિ માટે જ છે. તેનો યશ આપણા ગુરુસ્વરૂપોને જાય છે.

પપ્પાજી કહેતાં કે, આ સ્વરૂપોને મારી માફક, મારું સ્વરૂપ માનીને સેવી લેજો. તો પરમ ભાગવત સંત થઈ જ જશો. તો પપ્પાજીના આ આશિષ અમારા સૌમાં સાકાર થાય તેવું તમે સૌ બળ આપજો.

આશીર્દાન પ.પૂ.દીદી : ખરેખર આપણે સૌ સાથે જ છીએ. જે કાંઈ કરવું છે તે સાધના માટે કરવું છે. રસોડું-સફાઈ... વગેરે વિભાગો પોતે પોતાની રીતે વિધવિધ રીતે ઉત્તમ ભક્તિ કરે જ છે. આ લોકડાઉનના સમયમાં આપણે ખરેખર સાધક બન્યા છીએ. ભગવાનમાં રહેવાનું સરળ થયું. સમય મળ્યો. બહાર જવાનું નહીં તો કેટલી સરસ ભક્તિ કરવાનો સમય મળી રહે છે !



જુઓને રોજ મોબાઈલમાં પ્રાતઃદર્શન, નિત નવું નજરાણું, યુ.કે.નું દર્શન, પપ્પાજીનો સંદેશ કેટલું બધું ભાથું મળે છે !

મેં તમને મારો બોરીબંદર સ્ટેશનનો પ્રસંગ ઘણીવાર કહ્યો છે કે, મેં બાબુભાઈને કહેલું કે, ‘તમે કહ્યું તે બધું જ હું કરીશ. પણ તમારા બળે, તમારા આધારે...’ તો પપ્પાજીએ કોલ આપ્યો કે, ‘જા. મારા બળે, મારા આધારે કરાવીશ.’ ને પપ્પાજીએ એ કોલ પૂરો કરી બતાવ્યો. એટલે આપણે તેમનો આશરો રાખવો, બળ માંગવું તે આપશે જ. તમે બધા જ સુખ, શાંતિ, આનંદથી પસાર થવાના જ છો. બધા જ સાચા ભાવથી પપ્પાજીને રાજી કરવા જે કરવાનું આવે તે કરો છો. પપ્પાજી આપણી પાસેથી કંઈ જઈ શકે તેમ નથી. સંભારો ને હાજર.

પપ્પાજીએ જ કહ્યું છે કે I am always with you. આપણે ખુમારી રાખવી કે પપ્પાજી મારી સાથે છે જ. પપ્પાજી કહેતાં કે, મારી ખુમારી કોઈ દિવસ ગઈ નથી. એ પપ્પાજીના આપણે છીએ તો આપણે પણ તે સાથે છે તેમ માની ખુમારી ના જવા દેવી. બસ તેમનું બળ લઈ આગળ જવા માટે મંડી જ પડીએ.

આમ દીદીના આશીર્વાદ સાથે ગુરુહરિ પપ્પાજીના પ્રાગટ્યદિનની આ વિશેષ સભાનું સમાપન કર્યું.








★ સાંજના ૫ વાગ્યે પ્રભુકૃપામાં પપ્પાજીના પ્રાગટ્ય નિમિત્તે પ.પૂ.દીદીના સાંનિધ્યે અન્નકૂટ ઉત્સવ થયો. વિધવિધ વાનગીઓનો થાળ ધરાવી, કેક કર્તન અને આરતી બાદ સૌ મુક્તોએ દર્શનનો લ્હાવો લીધો.

## તા.૧.૯.૨૦૨૧ : કીર્તન આરાધના

આજની કીર્તન આરાધનાનું સુકાન પૂ.ડૉ.નીલમબેને સંભાળતા મહિમારત કર્યા કે, ગુરુહરિ પપ્પાજીના પ્રાગટ્યનો હેતુ, જીવોના ઉદ્ધાર કરવાને અર્થે, આત્માના વિકાસ અર્થે, દાસભાવ પ્રગટાવવાને અર્થે હતો. એ ગુરુહરિ પપ્પાજી આપણને મળ્યા. એ પપ્પાજીના પ્રાગટ્યની પવિત્ર સંધ્યાએ સૌ પ્રથમ ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજીને સ્વાગતહાર અર્પણ થયા.

ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજીના પ્રાગટ્યની ખુશાલીનું ભજન ગાયું ને ગુરુહરિ પપ્પાજીના આશીર્દાન માણ્યા. અનુભવો. સહકુટુંબ બધાં સંપ, સુહૃદભાવ, એકતાથી જીવો એવા આશીર્વાદ. આ માટે એક ડીસીપ્લીન રાખીએ કે, આપણામાં દુનિયાભરના દોષ ભલે અંદરમાં રહ્યા હોય પણ સત્સંગી માત્રનો અભાવ ના લઈએ, દોષ ના જોઈએ તો હજારો મુક્તો અક્ષરધામનું સુખ ભોગવતા થયા છે તેમ આપણે ય થઈ જઈશું.

૧૯૫૨માં હું સત્સંગમાં આવ્યો ત્યારે મેં જોગીબાપાને પૂછેલું કે, 'મરીને કે છતીદેહે અક્ષરધામનું સુખ લેવાનું ?' બાપા કહે, 'છતીદેહે.' પછી મેં કહ્યું, 'લાવો તમારી શરતો.' બાપાએ કહ્યું, 'એગ્રીમાં કામ કરો, કોઈનું જોશો નહીં ને બધામાં દિવ્યભાવ રાખજો.'



**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** યોગીની કૃપાથી પ્રત્યક્ષ ધામ, ધામી ને મુક્તોની નિષ્ઠા થઈ ગઈ. સર્વ કોઈ અક્ષરધામના કર્તવ્ય કર્મો કર્યા કરીએ. હેતનિષ્ઠામાંથી જ્ઞાનનિષ્ઠામાં જતા રહ્યાં. આમ કરો ને તેમ એમ કોઈ આગ્રહ રાખતું નથી. સૌ અક્ષરધામનું સુખ છતીદેહે વચ.ગ.પ્ર.૭૧ પ્રમાણે તેમ ચાર વર્ષ કડકાઈથી કોઈના દોષ જોયા વિના મંડ્યો તો અક્ષરધામનું સુખ ભોગવતો થઈ ગયો. છતીદેહે માહાત્મ્યેયુક્ત સેવા કરીશું, નિર્દોષબુદ્ધિ રાખીશું તો છતીદેહે અક્ષરધામનું સુખ આવશે જ.

આપણું એક જ કર્તવ્ય કે શ્રધ્ધાથી, મહિમાથી સેવા કરીએ ને કોઈનોય અભાવ નહીં લેવાનો. આટલું જ



કરવું છે. તેવું કરવાનું સૌને બળ મળે ને અક્ષરધામનું સુખ સહજ ભોગવ્યા જ કરો એ જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજીની પ્રસન્નતા પ્રાપ્ત કરી, જે વારસ સ્વરૂપો બન્યા તે પ.પૂ.બા, પ.પૂ.બેન, પ.પૂ. જ્યોતિબેન, પ.પૂ.તારાબેન, પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેન, પ.પૂ.પદુબેનના અનુક્રમે આવાહન શ્લોક અને મહિમાગાન નિલમબેને સંક્ષિપ્તમાં કર્યા ને તેમના મહિમાના ભજનો ગવાયા. વાતાવરણમાં દિવ્યતાના ભાવો વહી રહ્યાં. સૌ ઉલ્લાસ ને ભક્તિથી સભર થયા. ત્યાર બાદ પ.પૂ.દેવીબેનના આશિષ લીધાં.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** દરિયામાં એટલું બધું પાણી છે તેમાંથી આપણે જેટલું લેવું હોય તેટલું લઈએ પણ ઓછું ના થાય. તેમ આ સત્સંગમાં અનેક સમૈયા થાય છે. તેમાંથી જેટલો લાભ લેવો હોય, સ્મૃતિ કરવી હોય તેટલી થાય. ઓછું થાય તેમ નથી.

બકુબેન કેટલા સરસ આયોજન કરીને આપણને સ્મૃતિસભર રાખે છે. આપણે સૌ આપણા અંગ પ્રમાણે તેમાંથી શબ્દ લઈએ, સુખ લઈએ ને આનંદ કરીએ. આજની કીર્તન આરાધના... અહોહો ! નિલમબેને કેટલી સુંદર સચિત્ર વિવિધતાથી કરી ! ધન્યવાદ છે !

આપણે કૃપામાં ખાટી ગયાં. સંબંધમાં આવી ગયા. આ સત્સંગ મળી ગયો. ખૂબ સ્મૃતિ મળે છે. આપણે જે-તે પ્રકારે આનંદ કરીએ એ પપ્પાજીને ગમતું. મોળા વિચાર કે તુક્કા કરીને ખૂણામાં બેસી ના જઈએ. માહાત્મ્ય ને લીલાચરિત્રોમાં મન રાખીએ. પપ્પાજીને જે અભાવ-અવગુણ, મોળા વિચાર નથી ગમતાં તે હવે ના જ કરીએ. જસુબેનની જેમ કેફ રાખીએ. કૌન મિલા હૈ ! એ કેફમાં રહીએ. આજે સવારે ને સાંજે પપ્પાજીને ભાતભાતના થાળ ધરાવ્યા ને પપ્પાજીએ તે ગ્રહણ કર્યા. આવી આપણને અનેક સ્મૃતિઓ મળી છે. તેનાથી સભર રહીએ. માનસી કર્યા જ કરીએ. સ્મૃતિમાં મ્હાલ્યાં જ કરીએ. જે ખજાનો, લ્હાવો લખલૂંટ મૂર્તિનો મળ્યો છે તે વાગોળીએ ને પપ્પાજી જેવા સુખના ભોક્તા બની જઈએ એ જ પ્રાર્થના.

## તા.૨.૯.૨૦૨૧ : સંવાદ નાટિકા : 'સંજીવની મંત્રનું નજરાણું'



ગુરુહરિ પપ્પાજીના ૧૦૫મા પ્રાગટ્યદિન નિમિત્તે જેમને આ પપ્પાજી અને એમના પ્રત્યક્ષ સ્વરૂપોને રાજી કર્યા સિવાય કંઈ ઈચ્છા નથી એવા સોનાગ્રુપના સાધિકા બહેનોએ સંજીવની મંત્રના ૧૦ મુદ્દા પર સંવાદનાટિકા 'સંજીવની મંત્રનું નજરાણું' પ્રસંગો સાથે રજૂ કરી. જેમાં આધ્યાત્મિક જીવનનો ખપ, બળ, પ્રેરણા વહાવી, સર્વની ખૂબ પ્રસન્નતા લીધી.

ત્યારબાદ સ્વરૂપોને ઉત્સવ પ્રતીકવાળી કલગી અર્પણ કરી તેમજ ધર્મિષ્ઠાબેન રાજપૂત (ગાંધીનગર) તરફથી સ્વરૂપોને હારઅર્પણ કર્યા.

ત્યારબાદ પ.પૂ.દેવીબેન અને પ.પૂ. દીદીના આશિષ લીધા.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** આપણે તો નીત નીત સંભારણા. રોજ રોજ નવું ને નવું. દીદીએ ૧૯૬૬માં કાર્યક્રમ કરાવ્યો ત્યારે કલ્પનાય નહોતી કે આગળ અનંત કાર્યક્રમ થશે. આજે સંજીવની મંત્ર પર

બહેનોએ શું સરસ પ્રોગ્રામ કર્યો ! ખૂબ સરસ. આપણે તો બસ આનંદ અને સ્મૃતિ જ કરવાના. આપણા જેવું કોઈ નસીબદાર નથી. જુઓ તો ખરા, આપણા દરબારમાં ગાયકો, વાજીંત્રો વગાડનારા... હોય તો એકાદ ડૉક્ટર હોય આ તો ડઝન ડૉક્ટરો દીદી લઈ આવ્યા. નર્સ, ટીચર્સ, સેવકો ય એટલા. અહાહા! એ બધાયને કોટિ કોટિ ધન્યવાદ છે. ખરેખર આ અક્ષરધામ છે. ખૂબ આનંદ આવ્યો. સંપ, સુહૃદભાવ, એકતા રાખી સરસ પ્રોગ્રામ કર્યો. શબ્દો જે સ્ટેજ પર બોલ્યા તે યાદ રાખીએ. હિંમત રાખીએ. અપમાન થાય ત્યારે માનીએ કે પપ્પાજીથી મોટું કોણ છે ? તેવું ટાણે યાદ રાખીને જીવીશું તો અક્ષરધામ જ છે.

આશીર્દાન પ.પૂ.દીદી : દેવીબેનની સ્ટાઈલ ખૂબ સરસ. કેટલો સરસ શબ્દ આપ્યો. અહમ જ્યાં ઘવાય ત્યાં દુઃખ થાય, પણ ત્યાં કર્તાહર્તા પપ્પાજીને માનવા. દેવીબેન ઉત્તમ શ્રોતા ને વક્તા છે. તેમણે દાસના દાસ બનવું તે જીવનમાં મૂકેલું છે. તેથી તેમની વાત સબીજ કહેવાય.

પપ્પાજીએ સંજીવની મંત્ર ૨૬.૯.૧૯૭૬માં આપ્યો. પપ્પાજીએ દરેક વાત પોતાના જીવનમાં અપનાવી છે પછી લખ્યું છે. તો એમાંથી કોઈપણ શબ્દ લઈ મંડીએ. સેવા છતીંદેહે, નિર્દોષબુદ્ધિ છતીંદેહે, અક્ષરધામનું સુખ છતીંદેહે. ૧૨મી તારીખના બ્રહ્મસૂત્ર પ્રમાણે ગરજુ થઈ સેવા કરીએ તો દિવ્યભાવ રાખવાનું બળ મળે. જીવનમાં કંઈક નવું કરી જ જવું જોઈએ. કાંઈક પામીને રહીએ. મનથી નક્કી કરીશું તો થઈ જ જશે. આપણને જે સેવા આપે તે વફાદારીપૂર્વક કરવી. જે કરવું છે તે થવું જ જોઈએ. કરવું છે, કરાવનાર સાચા છે તો થવું જ જોઈએ.

એક વાતનું ધ્યાન રાખીએ. એ છે વફાદારી. કોને વફાદાર રહેવાનું ? આ પપ્પાજી અંતર્યામી છે. તેમને વફાદાર રહેવાનું. આપણી પાસે એમના જ્ઞાનનો



ખજાનો છે. આપણી અંદરેય ખજાનો છે. તે ઉલેચતા વાર લાગે પણ ચિંતા ન કરવી. બધાની અંદર ભગવાન બેઠા છે. જીવનમાં પવિત્રતા રાખવી છે. જેથી વર્તનથી સામાને પડઘો પડશે. વફાદારીપૂર્વક જીવન જીવવાનું પપ્પાજી બળ આપે એ જ પ્રાર્થના.

આમ આ સમૈયામાં વફાદાર રહી સ્મૃતિથી ભર્યા રહો એ જીવનમંત્ર લઈ જેને જે જે સ્મૃતિ મળી છે તે સંભારવાની પ્રેરણા આચરણમાં મૂકવાની મનોમન યાચના સાથે સૌ સ્વધર્મના કાર્યમાં પરોવાયા.

પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવની જય જય જય...



## તા.૫.૯.૨૦૨૧ : પ.પૂ.બેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...






સભા પ્રારંભે પૂ.બકુબેને પ.પૂ.બેનના મહિમામાં રત કર્યા કે - ગુરુહરિ પપ્પાજીએ ૯૦ વર્ષની આયુમાં એક ભવ્ય ગુણાતીત સમાજની રચનાનું યુગકાર્ય કરી, ભગવાન ભજવા માગતા બહેનો માટે આ ગુણાતીત જ્યોતનું નિર્માણ કર્યું. અને સાધક બહેનો, ભાઈઓ અને હરિભક્તોના જતન માટે એવા ગુણાતીતભાવમાં રહેતાં સ્વરૂપોની છત્રછાયા આપી છે. તેમના થકી દેશ-પરદેશમાં સત્સંગ કાર્ય થઈ રહ્યું છે. એ સ્વરૂપો માંહેના પ.પૂ.બેન. આજે તેમનો ૫૮મો સ્વરૂપાનુભૂતિદિન.

પ.પૂ.દિવ્ય બેનને નાનપણથી ભગવાનની ખોજ હતી. તમન્ના હતી. તો તેમની તમન્નામાં પ્રભુ ભળ્યા ને પૃથ્વી પર વિચરતા પ્રત્યક્ષ સ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજની ઓળખાણ થઈ. તેમના થકી ગુરુહરિ પપ્પાજીમાં પ્રતીતિ થઈ, પછી બેને પોતાનું સમગ્ર જીવન ગુરુહરિ પપ્પાજીના ચરણે ધરી દીધું. ભગવાન જેવા ઐશ્વર્યો હતાં છતાં દાસના દાસ બની, પપ્પાજીના રુચિ, રહસ્ય ને અભિપ્રાય પ્રમાણે પળેપળ જીવન જીવ્યાં. તેમના સંબંધમાં આવ્યા તેઓને પણ એવી દઢ નિષ્ઠા કરાવી પપ્પાજી પ્રત્યેની અદ્‌ભુત પરાભક્તિ કરી છે. એ સમગ્ર સમાજ આજે લીલોછમ છે એ પ.પૂ.બેનનો પ્રતાપ છે.

ત્યારબાદ ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.બેન અને સ્વરૂપોને બહેનો, ભાઈઓ, હરિભક્તો વતી પુષ્પહાર અને કેકના ભાવ અર્પણ થયા.



પૂ.શોભનાબેન : અક્ષરધામમાં ખરેખર અહોહો ને આહાહા છે. બેન નિશ્ચયાત્મક બળથી મંડ્યા. બેન પૂર્વનું જ સ્વરૂપ તો માતા-પિતાને ત્યાં રહીને પણ પોતાની પ્રભુ પામવાની ઝંખના હતી તેને મહત્ત્વ આપ્યું ને તે રીતે જીવ્યા. કોઈપણ સંજોગોમાં વ્યવહારમાં તેમની મૂર્તિ નહોતી જતી. બસ મારો જન્મ ભગવાનની ભક્તિ કરવા છે. તો પ્રભુ તું ક્યારે

મળીશ? એ લગની લગાડીને આફ્રિકામાં સત્સંગ કર્યો ને પરોક્ષને પ્રગટાવ્યા. ને સંબંધમાં આવ્યા તે સૌને કૃષ્ણ, શંકર ને અંતે સ્વામિનારાયણ ઓળખાવ્યા ને તેઓને ઉત્તમ નિષ્ઠા કરાવી. મગનબાપાના વચને શ્રી શાસ્ત્રીજી મહારાજ પ્રભુનું સ્વરૂપ છે તે માન્યું. ને દીકરાઓ પાસે સેવા કરાવી. આગળ જતાં શ્રી જોગીબાપામાં પ્રતીતિ થઈ ગઈ ને કલ્યાણદાતા મનાઈ ગયા. ને એ જોગીબાપા થકી પપ્પાજીને પણ ઓળખી લીધા ને સંબંધમાં આવ્યા તેને પપ્પાજીની ઓળખાણ કરાવી અને અનેક ગૃહસ્થો એવા તૈયાર કર્યા.

બેને પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપને ભજવા માંડ્યા ને પ્રત્યક્ષ સ્વરૂપે તેમનામાં કાર્ય શરૂ કરી દીધું. પૂજનારાએ વિમુખ પ્રકરણ વખતે બેનને છોડ્યા ને બેને માન્યું કે પ્રભુ જ કરાવી રહ્યાં છે. એક જ લક્ષ હતું કે મારે ગુણાતીત થવું છે. તો કર્તાહર્તા પપ્પાજી છે તેમ પ્રસંગોમાં માન્યું. જેની ભક્તિમાં ભગવાન રાચે તેવા પપ્પાજીને વશ કરી લીધા.

નાના નાના જીવ માટે બેને કેટલો પરિશ્રમ કર્યો છે! ગરજુ થઈને બેન જ્યાં જરૂર લાગી ત્યાં પધાર્યા છે. એક જ હેતુ કે તેનું આત્યંતિક કલ્યાણ થઈ જાય. અને એવાં અનેક ગૃહસ્થો તૈયાર કર્યા છે. એ બધા આત્માનો આનંદ માણે છે. એકોએક ચૈતન્યોને ભગવાનથી ભર્યા કર્યા છે. એ બેનની અસલી ગુણાતીત સાધુતા. ને એ બેને સૌ માટે સંકલ્પ કર્યો છે કે, બધા બહેનો પરમ ભાગવત સંત બને. તે આપણામાં સિદ્ધ થાય તે માટે બેનની જેમ સાધુતા પામીને ભગવાનને વશ કરી લેવા છે.

**પૂ.શારદાબેન માવદિયાઃ** આફ્રિકાથી જ મણીબાનું કુટુંબ બેનની દષ્ટિવાળું. બેનનો પાકો જોગ થઈ ગયો. જ્યારે આફ્રિકા બધું મૂકી અહીં આવ્યા, ત્યારે બેને કહ્યું કે ઉદાસ ન થતા. પપ્પાજી બધું સરસ કરી દેશે. તમારો પગાર આવે તેમાંથી ભગવાનનો ભાગ કાઢવો. તે આજ્ઞાના ફળ સ્વરૂપે બધા ખૂબ સુખિયા થઈ ગયા. અંતરથી પણ સમૃધ્ધ થયા. વધુ સેવા કરવાનું મન થાય તેવું થઈ ગયું. બધાના જીવમાં પપ્પાજીનું સ્થાન બેને દ્રઢ કરી દીધું.

મણીબાના પાડોશી શ્રી કૃષ્ણના ભક્ત હતાં. તે બેનનાં દર્શન કરી ખૂબ રાજી થયાં. બેને વાતો કરી લાભ આપ્યો, ધબ્બા માર્યા. એક બેને કહ્યું, 'તમે પેલા બેન પર બહુ રાજી થઈ ગયાં.' બેન કહે, 'હું કંઈ એણે ભેટ આપી એનાથી રાજી નથી થઈ. પણ એના મનમાં 'શ્રી કૃષ્ણ શરણમ્ મમ' એ મંત્રજાપ ચાલુ હતો એટલે હું રાજી થઈ ગઈ. આપણે ય પ્રભુ પાસે મંત્રજાપ કરવાનું બળ માગવાનું.' એવું બેને સિંચન કર્યું ને અમે અમલમાં મૂક્યું તો ઉમંગ રહે છે.

બેન કહેતાં કે, 'તમે મારાં છો. તમારાં માટે રોજ પ્રાર્થના કરું છું. તમારાં મા-બાપે મારામાં વિશ્વાસ રાખીને તમને મોકલ્યા છે. તો હું કેવી રીતે ભૂલી જાઉં? સ્થિતિ ના થાય ત્યાં સુધી હું ઝંપીને બેસીશ નહીં.' તો મંત્રરટણ ને સ્મૃતિ સાથે સેવા કરીએ ને સ્થિતિ કરી લઈએ તેવી પ્રાર્થના સ્વીકારશો.

**પૂ.દીનાબેન ભરખડા :** ગુણાતીત સ્વરૂપ બેન મળ્યા ! તેમણે સંકલ્પ કર્યો ને અમે બધા ફાવી ગયા. બેન યુગાન્ડાના ભગવાન. ત્યાંનું મહિલામંડળ તેમની પાછળ ફરે. બેન ખૂબ હોંશિયાર તો નોંધ્યું કે જીવનમાં કંઈક ખૂટે છે ને મારે સાધુ થાવું છે. તો ઈંડિયા આવ્યા ને પપ્પાજીની જીવમાં નિષ્ઠા થઈ ગઈ. તેમને થયું કે



મારા આશ્રિતોને મારે આ આપવું છે ને ૧૯૭૩માં લંડન આવ્યા ત્યારે એ બધા ચૈતન્યો બેન પાસે ખેંચાઈ આવ્યા. પપ્પાજીનો બધાને ખૂબ મહિમા ગાયો. હું એમની સાથે ગાડી લઈને જતી તેથી મેં સાંભળ્યું છે.

બેનને બધી જ વાતનું ખૂબ જ્ઞાન. કોઈને ધંધાની કે ગૃહસ્થના ઘરમાં કંઈ પણ તકલીફ હોય તો સલાહ આપતા. આમ ખૂબ જતન કર્યું છે. ૧૯૮૦માં પપ્પાજી લંડન આવ્યા ત્યારે બધાને મનાઈ ગયા. તો અહીંના ને ત્યાં બધા પપ્પાજીને માનીને જીવે છે તે સૌ સુખિયા થઈ ગયા. અમે અહીં ભગવાન ભજીએ છીએ. બેન અહીંયા પધારે ત્યારે કોઈવાર વાર્તા કરીને હળવા કરી દે. તો કોઈવાર વચનામૃત સમજાવી સૂઝ આપી દે. આમ બેને અમારું ખૂબ જતન કર્યું છે. બેને પપ્પાજી પાસે માગ્યું કે બધાને પરમ ભાગવત સંત બનાવજો. તો અમે એવું જીવન જીવીએ તેવી પ્રાર્થના.

**પૂ.મીકીબેન ભરૂચી** : મારો જન્મ સત્સંગી કુટુંબમાં થયો. સ્વરૂપોના સાંનિધ્યમાં મોટા થયા. બેને મારી જવાબદારી લીધી. મેં એકવાર પપ્પાજીને પૂછ્યું કે 'પપ્પાજી હું શું કરું ?' પપ્પાજીએ મને આ રાહ બતાવ્યો ને હું ભગવાન ભજવા આવી ગઈ. બેને કહ્યું, આ દેહે હું છેલ્લી જવાબદારી મીકીની લઉં છું. એ મારાં ભાગ્ય કહેવાય. મારી વિદાયમાં બેન પધારવાના ન હતાં. પણ બેન સરપ્રાઈઝમાં આવ્યાં ને મને રાજી રાજી કરી દીધી. બેન સાથે સેવામાં હોઈએ ત્યારે ખૂબ સ્મૃતિઓ આપી છે. ખૂબ જતન કર્યું છે. આ બધી સ્મૃતિઓ કર્યા કરીએ. બેન, અંજુબેનનો પડછાયો બનીને રહું એ જ પ્રાર્થના.

**પૂ.શીલાબેન પટેલ** : બેનનું જતન હું પણ બહુ પામી છું. એ આપણી જોડે આપણા જેવા થઈ જાય. રોજ હું નોકરી પર જાઉં ત્યારે પગે લાગવા જાઉં. એકવાર મેં બેનને કહ્યું કે 'મારે શોભનાબેનને એપ્રિલફૂલ બનાવવા છે. તો મેં કહ્યું છે કે બેન તમને બોલાવે છે.' બેન કહે, 'હા. ભલે.' પછી હું તો બેન સાથે બેઠી પણ શોભનાબેન આવ્યાં નહીં ને મારે નોકરી પર જવાનો સમય થઈ ગયો એટલે નીકળી ગઈ. સાંજે હું પાછી આવી તો બેન સામે જ મળ્યા. મને કહે, 'શોભના આવી'તી. મેં એને કહ્યું એપ્રિલફૂલ.' આ વાત કરતા બેનના મોંઢા પર ખૂબ આનંદ હતો. આમ બેન આપણી સાથે આપણા જેવા થઈને રાજી કરી લેતાં.

બેન છેલ્લે જ્યારે બીમાર હતાં, ત્યારે એકવાર મને તક મળી તો હું તેમની રૂમમાં મનોમન ઉંડાણથી પ્રાર્થના કરતી હતી કે મારા બધા ગુના માફ કરી દેજો. ને બેને તરત હાથ ઊંચો કર્યો ને મારી પ્રાર્થનાનો જવાબ આપ્યો. ખેરખર બેને મારામાં છૂપુ કામ કર્યું છે.

ત્યારબાદ પૂ.સંગીતાબેન વિઠ્ઠલાણી રચિત 'સ્વામિનારાયણ... ગુંજે અખંડ...' ભજન ગવાયું.

**પૂ.નીલેશભાઈ કોટિયાવાલા** : આપણા પર વિશેષ કૃપા છે કે પપ્પાજીએ તૈયાર કરેલા સ્વરૂપોનો જોગ મળ્યો છે. તેઓ સંકલ્પ, ભજનથી બળ આપી રહ્યા છે. તન અને મનનું જતન કરે છે.

૨૦૦૭માં બેનને એમ હતું કે મારે સુરત જવું છે. પધાર્યા ને તરત વિરેનભાઈને બોલાવ્યા. ને પપ્પાજીની મૂર્તિ આપીને કહે, 'વિરેનના બધા કામ પૂર્ણ કરજો. તમે મનોરથ પૂરા નહીં કરો તો લાલિયો ધોકો બતાવીશ.' વિરેનભાઈને કહે, 'આપણે શુભ સંકલ્પ કરવા.' આમ આશીર્વાદ આપ્યા.

અનિર્દેશ ફાર્મ પર પ્રાર્થનાદેરી પાસે પ્રદક્ષિણા પથ બનાવ્યો. તેનું અનાવરણ બેનના હસ્તે કરાવ્યું. પ્રાર્થનાદેરીમાં પધાર્યા ને આશિષ આપ્યા - 'આ તો છપૈયા જેવું તીર્થસ્થાન છે. ઝૂંપડી બાંધી ને રહીએ ને પ્રાર્થના કરીએ તેવું સ્થાન છે.' પછી બેને આપેલી પપ્પાજીની મૂર્તિ ઉપાસનાધામ મકાનમાં પધરાવી, આરતી કરી ને પપ્પાજીને પ્રાર્થના કરી કે, 'મારા આ છોકરાઓમાં ફોદો ન રહેવા દેતા. શુદ્ધ ચૈતન્યબ્રહ્મ બનાવી દેજો.' વિરેનભાઈ અને પીયૂષભાઈને આશિષ આપ્યા કે, 'નિશ્ચિંતતાથી ભગવાનનું કામ કરો. પપ્પાજીના નામનો ડંકો મારો. તમારા કાર્યમાં કદી કોઈ વાતની ખોટ નહીં પડે.' તેવા આશિષ આપ્યા.

અનિર્દેશ ફાર્મ પપ્પાજી આરામ કરે તે માટે બનાવ્યું

હતું. પણ પપ્પાજી પધારી ન શક્યા. તેનો વસવસો અમને રહ્યા કરતો. બેને પધારી તે મનોરથ પૂર્ણ કર્યો. બેને પપ્પાજીને કહ્યું છે તો અમને શુદ્ધ કરશે જ. એવો અમને વિશ્વાસ છે. તો અમે સાથી મુક્તોમાં મહારાજ જોઈએ એકબીજાને સમજીએ, સાથ આપીએ એ જ પ્રાર્થના.



પૂ.હાર્દિકભાઈ પીઠડિયા : પપ્પાજી, બેન, ગુણાતીત જ્યોત વિશે હું કાંઈ જાણતો નહોતો. પૂજા સાથે લગ્ન થયા ને ખબર પડી. હું કાંઈ ફોલો નહોતો કરતો. પણ જેમ જેમ જાણતો ગયો તેમ મને ગમવા લાગ્યું. ને થયું કે આ સમાજ પ્યોર છે ને શાંતિ અનુભવાતી. હું મુંબઈ જોબ કરતો. તેમાં ટ્રાવેલીંગમાં બહુ સમય જતો. મને બહુ કંટાળો આવતો. એકવાર રમીબેન અમારા ઘરે આવ્યા ત્યારે નવી ગાડીનું તેમની પાસે પૂજન કરાવ્યું. તેમણે લખ્યું 'પ્રથમ પ્રભુ પછી પગલું' ને ૧૫ મીનિટ ધૂન કરવાની આજ્ઞા આપી. તેથી હું ડ્રાઈવ કરું ત્યારે ધૂન કરી પછી બધા સોંગ સાંભળતો... ધીમે ધીમે મેં નોંધ્યું કે ૨-૨ ।। કલાક ડ્રાઈવ કરું છું તે દરમ્યાન ધૂન જ થયા કરે છે.

પછી હું પ્રાર્થના કરતો કે આ રોજની કંટાળાજનક પરિસ્થિતિમાંથી મને બહાર કાઢો. થોડા વખતમાં મારા એક મિત્રએ મારી જાણ બહાર મારું નામ ઈન્ટરવ્યુમાં નોંધાવ્યું. ને ૪૦ જણામાંથી યુ.કે. જવામાં મારી પસંદગી થઈ. મેં તો આવી કોઈ કલ્પના પણ નહોતી કરી. નાની એવી આજ્ઞા પાળી તો ક્યાં ના ક્યાં પહોંચી ગયા. જ્યોતની બધી આજ્ઞાઓ કેટલી સરળ હોય છે! તે ભક્તિભાવથી પાળી તો કેટલું સરસ થઈ ગયું! અત્યારે તો ધૂન વગર, આરતી કર્યા વગરનો દિવસ જતો નથી. પૂજાને તો બેનના આશીર્વાદ હતા જ તેનો લાભ મને પણ મળી રહ્યો છે.

પૂ.શીતલબેન તન્ના : બેન અને પપ્પાજીએ મારી લાઈફમાં શું નથી કર્યું ! તેના માટે હું હંમેશા ગ્રેટફુલ રહીશ. ખૂબ સપોર્ટ અને ગાઈડ કર્યું છે. બેન મળ્યા ત્યારે હું બહુ નાની હતી. ત્યારે મને ગુરુ એટલે શું, જીવનમાં શું તકલીફો હોય ? તેની કાંઈ ખબર નહોતી. જ્યારે જ્યારે મુસીબતો આવે ત્યારે બેનને હું બધી વાત કરતી. પછી બેન સૂઝ આપે પણ ફોર્સ ન કરે. બેને બતાવેલો રસ્તો હંમેશા સારો પડતો. પછી તો બેન હક્કથી જે કરવાનું હોય તે કહેતા. જેનો મને ખૂબ આનંદ છે.

બેને અને પપ્પાજીએ ખૂબ શક્તિ ને બળ આપ્યું છે. કાંઈ પ્રોબ્લેમ આવે તો મંદિર પાસે જઈને પ્રાર્થના કરું તો મારો રસ્તો કાઢી આપે. રક્ષા કરે ને ગાઈડ કરે છે તે હું અનુભવું છું. આમ જ સાથે રહેજો. પ્રાર્થનાનો રાહ તમે જે મને બતાવ્યો છે, તમે જે મને શીખવાડ્યું છે તે હું મારા છોકરાઓને શીખવાડી શકું ને આપી શકું એ જ પ્રાર્થના.

પૂ.ભિષ્માબેન શાહ : વડોદરાવાળા કુસુમભાભીના ઘરે બેન પધાર્યા હતાં. હું દર્શન કરવા ગઈ. બેને પાસે બોલાવી ને અંતર્યામીપણે મારા માથે હાથ મૂક્યો ને કહે, 'બધું સારું થઈ જશે.' ત્યારથી જ્યોતમાં દર્શન કરવા આવતી. બેન અને પપ્પાજીના આશીર્વાદથી આનંદથી જીવાય છે. અત્યારે રમીબેન પણ એવો જ પ્રેમભાવ રાખે છે. સારા-માઠા પ્રસંગે આવીને ઊભા રહે છે. આવા ને આવા બેનના આશીર્વાદ અમારા પર રહે અને સરળતાથી જીવન જીવીએ તેવી પ્રાર્થના.

પૂ.નેહાબેન (દુબઈ) : બેન એટલે સ્નેહ. બેને મારું ખૂબ ધ્યાન રાખ્યું છે, જતન કર્યું છે, લાડ લડાવ્યા છે. હું વિદ્યાનગર ભણતી ત્યારે રોજ બેનના દર્શને આવતી. એકવાર મારા ફ્રેન્ડ સર્કલમાં મુવી જોવા

જવાનું નક્કી થયું. હું બેનનાં દર્શને આવી ને એમને વાત કરી. બેન કહે, 'તું જોઈ આવ પછી આવીને મને સ્ટોરી કહેજે.' મેં આવીને સ્ટોરી કહી. એમાં મારું કેટલુંય ટાળી દીધું.

મારા જીવનમાં જે ધ્યેય હતું તેમાં આગળ વધારી છે. નાનપણથી એમની નજરમાં હતી તો મથુરાથી અહીં લાવ્યા ને મને ખૂબ ગાઈડ કરી. અંજુબેન અને સંગીતાબેન પણ ખૂબ ગાઈડ કરે છે. આટલી મોટી પ્રાપ્તિ થઈ છે એનો કેફ અખંડ રાખવો છે. હું તેમનું ઋણ તો ચૂકવી શકું તેમ નથી.

અંતમાં બેનને ગમે તેવું જીવન જીવવા માટે 'રહેવું તારી મૂર્તિમાં, રહેવું તારી સ્મૃતિમાં...' એ ભજનની પંક્તિ ગાઈને પ્રાર્થના ધરી.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન** : કહેવત છે કે મારે એની તલવાર. એમ ભગવાન રાખે, એનું નામ લે તેના ભગવાન. ગૃહસ્થો બધા બેનના સંબંધમાં આવીને સુખિયા થઈ ગયા. ભણેલા-અભણ, ગરીબ-પૈસાદાર કાંઈ ન રાખ્યું. પપ્પાજીની સ્મૃતિસહ મંત્રજાપ. બેન અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કર્યા જ કરે. પપ્પાજી કહેતા કે બેન આપણી ગાડીમાં હોય તો કેટલું સારું ! સ્વામિનારાયણ મંત્રની વ્હીસલ વાગતી જ હોય તો આપણેય ધૂનમાં લાગી જઈએ.

પપ્પાજીએ બેનને મહાપૂજા કરવાની આજ્ઞા આપેલી. અમે બધા ભેગા સેવા કરતા હોઈએ, આનંદ કરતા હોઈએ. બેન એકલા મંદિરમાં બેઠા બેઠા દરેક મુક્તો માટે માળા કરે. એકવાર બેનને થયું કે હું ય જરા બહાર આંટો મારું. તો પપ્પાજી કહે, 'બેન તમારે તો મંદિરમાં બેસવાનું.' ને બેન મંદિરમાં પહોંચી ગયાં. બેને ભજન જ કર્યું. આ ભજનથી બધા ચૈતન્યો કેવો બેનનો પ્રેમ પામ્યા હશે ! તેનું દર્શન ભક્તોના જીવનથી થાય છે. બેને હૈયામાં આનંદ આપ્યો. જીવન જીવવાનું સુખ આપ્યું. દેશ-પરદેશ જ્યાં જાય ત્યાં ભીડાભક્તિ તો પડે જ છે. બેને કાંઈ ન ગણ્યું. એક એક હરિભક્તના ઘરે જઈને મહાપૂજા કરે. સવારે ૧૦ વાગે તૈયાર થઈ જ જાય. મહાપૂજા કરવા જઈએ. જમીને તરત વચનામૃત વંચાવે. સાંજે ફરી જેના ઘરે જઈએ ત્યાં કથાવાર્તા કરે. પોતે તો ૨૪ કલાક ભગવાનમાં રહે પણ બધાને પપ્પાજીની મૂર્તિ, કથાવાર્તામાં રસબસ કરી દે. કોઈને ઉઠવાનું મન ના થાય. એવાં બેન મળ્યા ! સંબંધમાં આવ્યાં તે બધાને ભગવાન આપ્યા. ને સુખી કર્યાં.

જેમ બેને આળસ, પ્રમાદ જોયા વગર બધું સીન્સીયરલી કર્યું. સ્વામિનારાયણ મંત્રનો સાચો ઉપયોગ કર્યો. પપ્પાજીએ તો બધાને એ મંત્ર આપ્યો છે. નાના-મોટા કોઈનો મેળ નથી. સૌને મંત્ર મળ્યો છે. પપ્પાજીની મૂર્તિ મળી છે. તો તેનો ઉપયોગ કરીએ તેવું પપ્પાજી અને સ્વરૂપો ખૂબ બળ આપે તેવી અંતરથી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી** : હું ૧૨ વર્ષની હતી ત્યારે પ્રથમવાર બેનનાં દર્શન કર્યા હતા. આફ્રિકાથી બધા હરિભક્તો ૧૯૪૮ની સાલમાં પધારેલા ત્યારે અમારા ઘરે પધારેલા. મને ત્યારથી બેન ખૂબ ગમતા. બેને ભગવાનનું સ્વરૂપ થઈ ખૂબ સેવા કરી. સાધુતા પામવા યોગીબાપાને પ્રાર્થના કરી. બાપાએ બેનને જાત્રા કરાવી. પછી મુંબઈ આવીને બાપાએ કહ્યું, 'સોનાબાનો સમાગમ કરજો.' બાપા તો જતા રહ્યા. બેનથી રહેવાય નહીં. બેન તો બેભાન થઈ ગયા. પછી બા, જ્યોતિબેન, તારાબેને પપ્પાજીનો મહિમા ગાયો. ને ૧લી સપ્ટેમ્બરે નિશ્ચય થઈ ગયો. જીવમાં જ્યારે ગુણાતીત સ્વરૂપ સ્થાન લે છે ત્યારે જીવનભાવના સમર્પણમાં બદલાઈ જાય છે. અહીં આવ્યા ત્યારે બેને એટલું બધું ભજન કર્યું. આફ્રિકાના ભક્તો માટે ખૂબ ભજન કર્યું ને રક્ષા થઈ. શું રક્ષા ? મનુષ્યભાવમાંથી દિવ્યભાવ કરાવી દીધો. ઈદી અમીને યુગાન્ડામાં જે કેર વર્તાવ્યો ત્યારે બધા ઈંગ્લેન્ડ ગયા. તે બધા બેનના જતનથી સુખી થઈ ગયા. બેને ભગવાન રાખ્યા ને સામાને આપ્યા.

બેનના ચૈતન્યમાં ભગવાન પ્રત્યક્ષ રહ્યા છે. જંગમમંદિરમાં તાકાત હોય કે પોતે ભગવાન રાખે ને બીજાને આપે. કામ અંદરથી ભગવાન કરે તેથી પરિણામ આવે. આપણે પણ ભજન કરવાની ટેવ

પાડવી. બેન એટલે ભગવાનનું સ્વરૂપ. બેનની જેમ આપણે ભગવાન પાસે કામ કરાવતા થઈ જવું. તે બળ આપશે. ભગવાન કહે છે કે 'હું' કમ કરીએ તો તમારા હુકમ હું માનીશ, બળ આપીશ. એટલે આપણે આપણા નહીં રહીએ તો એ આપણું તંત્ર વાપરશે.

હે પપ્પાજી ! હે બેન ! તમે અમને એવા આશીર્વાદ આપજો કે તમારા વચન અમારા જીવનમાં પ્રથમ સ્થાન લે. જીવન સહજ સરળતાથી પસાર થાય. સેવા કરીને અક્ષરધામનું સુખ ભોગવીએ. એવું એ કરી જ આપશે. સમર્થ મળ્યા છે. સદાય સુખિયા રહી આનંદ કર્યા કરીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** બેન અવતારનું સુખ ભોગવતા'તા. ગુણાતીત સ્વરૂપ પ્રગટ થયા. બા ને બેન. બાપાએ બેનો માટે બેનો તૈયાર કરી ગુણાતીત જ્યોતની સ્થાપના કરી. ધન્યવાદ. હજારો વર્ષ પહેલા મદાલસા રાણી પરમ ભાગવત સંત હતી. ત્યાર પછી કોઈ સ્ત્રી નથી થઈ. યોગીબાપાના સંકલ્પે બા ને બેન ગુણાતીત ભાવને પામ્યા. બેનનો સંકલ્પ જબરજસ્ત. આજે બેનનો દ્રષ્ટાદિન છે. બેન અક્ષરધામનો સંકલ્પ બેનો માટે જરૂર કરે. તમારો સંકલ્પ બળિયો છે. ઈંગ્લેન્ડ મંડળ આખું બેનનું મંડળ. જીન્જામાં બેનને બધા ભગવાન માનતા'તા. ધન્યવાદ છે ઈદી અમીનને કે બધાને તગેડ્યા તો બધા ઈંગ્લેન્ડ જઈને રહ્યા. બેને ૧૯ નંબરની રૂમમાં એકેએક સત્સંગીને યાદ કરી પ્રાર્થના કરી. કોઈ જવા ન જોઈએ. બેનના સંકલ્પે બધા ટકી ગયા. તે બધા અક્ષરધામની સમાધિનું સુખ ભોગવે છે. તો બેનને ખાસ રીકવેસ્ટ કે મહાપૂજા તો ઘણાય માટે કરો છો. પણ તમારા જેવા બહેનો ને ભાઈઓ વારસદાર બની જાય, ગુણાતીત ભાવમાં રહેતા થઈ જાય, સમાજને સાચવી શકે તેવો સંકલ્પ તમારા સ્વરૂપાનુભૂતિદિને કરો એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.બેન :** પપ્પાજીએ મને એક મહાપૂજાની જ સેવા આપી છે. હજીય કરું છું. ને સાથે એક જ વસ્તુ કરું છું. તે મૂર્તિમાં ચડઉતર કરું છું. સૌ સૌના અંગે કરે. જ્યાં સુધી સિદ્ધદશા ના પામીએ ત્યાં સુધી અંગ પકડી રાખવાનું. મેં મૂર્તિની સ્મૃતિ કરી છે ને મહાપૂજા કરી છે. ચાર બહેનોને મોટા માનવાના કહ્યા તે હજુ ય માનુ જ છું. જે આજ્ઞા કરી હોય તે શિરસાટે પાળવી તેવા જીવનથી રાજીપો મળશે. આપણે બધા એના થઈને જીવન જીવીએ. ગૃહી–ત્યાગીનો મેળ નથી રાખ્યો. પણ આખો સમાજ સુખી રહે ને તન, મન, ધન, આત્માથી તમારા થઈને જીવે એ જ પ્રાર્થના.



ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.બેનને જીવનમાં પ્રધાન રાખી સ્વધર્મમાં અચલ રહ્યાં થકા કર્મયોગના માર્ગે સાધના કરી રહ્યાં છે તેવાં પૂ.ડૉ.પ્રીતિબેન જેઓએ ગુણાતીત જ્યોતની તેમજ તેમના ક્ષેત્રમાં શાન વધારી છે. તેઓનો હીરક પર્વ પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ. જસુબેનની સંનિધિમાં તા.૯.૯.૨૦૨૧ના સાંજની સભામાં ઉજવ્યો. જેમાં તેમના જીવનકાર્યનું દર્શન સાધક બહેનોએ તથા હરિભક્તોએ કરાવ્યું. સ્વરૂપોના આશિષ લીધા. 'પ્રથમ પ્રભુ પછી પગલું' એ સિદ્ધાંતે હરપળ જીવી રહ્યાં છે તેવાં પ્રીતિબેનને વંદન.

# તા.૧૧–૧૨.૯.૨૦૨૧ : પૂ.નીમુબેન સાકરિયાના અમૃતપર્વની ઉજવણી...

પ.પૂ.બેનના વારસદાર સ્વરૂપ પૂ.નીમુબેનનો અમૃતપર્વ પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ. જસુબેન અને ગુરુસ્વરૂપોની પ્રત્યક્ષ સંનિધિમાં તા.૧૧-૧૨ સાંજની સભામાં ઉજવ્યો.









પૂ.નીમુબેન એટલે સાધુતાની મૂર્તિ. જપયજ્ઞનું સ્વરૂપ. સાચા ભજનિક. મૌન અને રાંક સ્વરૂપ. જીવનમાં ગુરુહરિ અને ગુરુનું પ્રાધાન્ય. પ્રત્યેળ પળે પ્રભુનું કર્તાહર્તાપણું માનીને વર્ત્યા છે. પ.પૂ.બેનનો પડછાયો બનીને જીવ્યાં છે. ક્યારેય પ.પૂ.બેનને કે સ્વરૂપોને ઓશિયાળા કર્યા નથી. આફ્રિકામાં પ.પૂ.બેનના જોગમાં આવેલાં દિવાળીબેન વલ્લભદાસભાઈ સાકરિયાની આ દીકરી પૂ.નીમુબેન. સત્સંગી તેમ જ એકાંતિક માતા-પિતાના જોગે તેમનું ભક્તિસભર જીવન હતું. નાનપણમાં પ.પૂ.બેને પ્રથમવાર નીમુબેનને જોયા ત્યારે બેન સહસા બોલી ઉઠ્યા કે, 'આણે તો ભગવાન ભજવા જ દેહ ધર્યો છે.' એમ બેનની દૃષ્ટિમાં આવી ગયાં. ને નીમુબેનને પણ બેન સાથે એવી આત્મીયતા થઈ ગયેલી તો બેનની સેવા કરતાં. બેને નીમુબેનને યુવતી મંડળની સેવા સોંપી. બેને જે જે આજ્ઞા આપી તે સારધાર પાળી. ને પોતે જ ભગવાન ભજવાનું નક્કી કર્યું.





માતાપિતાએ બુલોપામાં ધામધૂમથી વિદાય સમારંભ કરી રજા આપી. ને ઈન્ડિયા ભગવાન ભજવા આવી ગયાં. ગુણાતીત જ્યોત સાધના મંદિરમાં એક સાધક બનીને જીવ્યા. જ્યારે જે સેવા આવી તે અહોહોભાવે કરી લીધી. મંદિર, રેકોર્ડીંગ, પત્રલેખન, વ્યવસ્થા, સેન્ટ્રલ ઓફિસ, ટેલીફોન, સફાઈ, મહાપૂજા વગેરે અનેક સેવાઓ કરી છે.

આધ્યાત્મિક જીવનમાં આગેકૂચ કરી, બેનના કાર્યમાં મદદ કરતાં થઈ ગયા. અત્યારે તો બેનના વારસદાર બની અનેક હરિભક્તોનું જતન કરી તેઓને

પ્રભુમાર્ગે આગળ વધારી રહ્યાં છે.

એવાં નીમુબેનનો અમૃતપર્વ. તેમનું સેવન કરતાં દેશના હરિભક્તોએ આ પર્વ સાધુતાપર્વરૂપે ૨૦૨૦થી દર મહિનાની ૨જી તારીખે ઓનલાઈન સભા કરી, સમાગમ કરી, જે કંઈ અનુભવો કર્યા, માર્ગદર્શન મેળવ્યું તેની વિડિયો ક્લીપ બનાવી હતી. તેનો લાભ ૨જી સપ્ટેમ્બર નીમુબેનના ઓરીજીનલ અમૃતદિને સૌએ લીધો.



તા.૧૧.૯.૨૦૨૧ના નીમુબેન સંબંધી પરદેશના ભક્તોએ 'પરમ શાંતિની નિર્મળ ગાથા' વિડિયો ક્લીપ તૈયાર કરેલી. જેમાં નીમુબેનના બાળપણની સ્મૃતિઓ અને તેમનાં જીવનકાર્યનાં દર્શન માણ્યા. સાથે સાથે ગુરુહરિ પપ્પાજી મહારાજના લેખિત આશીર્વાદના દર્શન અને પ.પૂ.બેનના આશીર્વાદ માણ્યા. ધન્ય છે દેશ-પરદેશના મુક્તોને કે આવું અદ્‌ભુત દર્શન કરાવ્યું.

તા.૧૨.૯.૨૦૨૧ના મુખ્ય અમૃતપર્વ ઉજવાયો. ભવ્ય સ્વાગત સાથે આશ્રિત ભક્તોએ ભક્તિ અદા કરી. પૂ.સંગીતાબેન વિઠ્ઠલાણી રચિત 'આ સાધુતાનું સ્વરૂપ આપ્યું...' એ ભજન પર બહેનોએ નૃત્ય કરી નીમુબેનને સત્કાર્યા. ત્યારદબાદ સ્વરૂપો સ્ટેજ પર બિરાજ્યા. ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.બેન, સ્વરૂપો અને નીમુબેનને હાર, પુષ્પગુચ્છ અર્પણ થયા. દેશ-પરદેશના ભક્તો વતી તેમના ભાવ વિધ વિધ રીતે અર્પણ કરી પૂ.નીમુબેન પ્રત્યેની ભક્તિ અદા કરવાની હાં હાં ગડથલના દર્શન કર્યા.

ત્યારબાદ પૂ.શોભનાબેન, પૂ.રમીબેન, પૂ.કાજુબેને પૂ.નીમુબેનની ગુરુભક્તિ અને તેમના કાર્યનું દર્શન કરાવ્યું. ભક્તોએ નીમુબેનના જતનથી જે સુખ પામ્યા, ભક્તિમાં આગળ વધ્યા, માર્ગદર્શન મળ્યું તેનું દર્શન કરાવ્યું.

ત્યારબાદ પૂ.નીમુબેને યાચનાભાવ ધર્યા ને પ.પૂ.દેવીબેન, પ.પૂ.દીદી, પ.પૂ.બેન અને ગુરુહરિ પપ્પાજીના આશિષ માણ્યા. જેમાં પૂ.નીમુબેનની પ્રાપ્તિના મૂળમાં ગુરુમુખી જીવન અને સમર્પણનું દર્શન થયું. એવા પરમ ભાગવત સંત સ્વરૂપ પૂ.નીમુબેનને અંતરથી વંદન છે.

## તા.૧૩.૯.૨૦૨૧ : માહાત્મ્ય મહેરામણ અમૃતપર્વની ઉજવણી...

આધ્યાત્મિક નારી ઉત્થાનના યુગકાર્યમાં ગુરુહરિ પપ્પાજીમાં વિશ્વાસ રાખી પ્રથમ ૫૧ બહેનોએ વણવિચારે ઝંપલાવ્યું અને આદર્શ ગુરુમુખી જીવન જીવી, અલખની વાટની અનેક મુમુક્ષુઓ માટે કેડી કંડારી છે, ધ્યેય સિદ્ધ કરી અત્યારે અનેકના રાહબર બન્યાં છે તેમાંના પૂ.વસંતબેન, પૂ.મંદાબેન, પૂ.નલિનીબેન, પૂ.કુંદનબેન, પૂ.વજીબેન અને પૂ.મંજુબેન ઠક્કરનો અમૃતપર્વ પ.પૂ.દીદી, પ.પૂ. દેવીબેન, પ.પૂ.જસુબેન અને ગુરુસ્વરૂપોની સંનિધિમાં સાંજની સભામાં ઉજવ્યો.



પૂ.વસંતબેન એટલે સેવાભાવી અને રાંક સ્વરૂપ. નાનપણથી સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા હતી. તેમને વિમળાબેન અને રમણીકભાઈ મોદીનો જોગ થયો. તેઓએ તારદેવનો જોગ કરાવ્યો. પ.પૂ.દીદી સાથે આત્મીયતા થઈ. ગુરુહરિ પપ્પાજીની દૃષ્ટિમાં આવી ગયાં. પૂ.મધુબેનનો સમાગમ કરી, સાધનામાં આગળ વધ્યાં. ૧૯૬૬માં વિદ્યાનગર આવ્યા. વ્રત લીધું. વચને વિધિ, નિષેધ કરનાર



વસંતબેને જ્યારે જે સેવા આવી તે અહોહોભાવે કરી. જેમ કે રસોડું, સફાઈ, મંદિર, રંગકામ, ડીઝાઈન વર્ક, પત્રલેખન જેવી સેવાઓ કરી છે. પપ્પાજીના વચને સેન્ટર પર રહી અનેક મુમુક્ષુઓને પ્રત્યક્ષની ઓળખાણ કરાવી છે. તેમના જીવનમાં પ્રભુને કર્તાહર્તા માનવા, દિવ્યભાવ રાખવો, સંબંધવાળામાં મહારાજ જોવા એ સહજ છે. તેથી સર્વ બાજી જીતી ગયા. આજે તેમના થકી અનેકને શાંતિ અનુભવાય છે. એવાં સંત સ્વરૂપ વસંતબેનને કોટિ કોટિ વંદન.

**પૂ.મંદાબેન** : ગુરુહરિ પપ્પાજી - કાકાજીના મોસાળની તીર્થભૂમિમાં જન્મ્યા એવાં મંદાબેનને કાશીબાનો જોગ થતા, તેમની સાથે ગોંડલ વગેરે સમૈયા, ઉત્સવમાં સેવામાં જતાં. ગુરુહરિ પપ્પાજીની જીવમાં પ્રતીતિ થઈ. પ.પૂ.જ્યોતિબેનની દ્રષ્ટિ પડતા મંદાબેનનો રંગીલો સ્વભાવ સાધુતામાં પરિવર્તીત થવા લાગ્યો. સેવામાં પરમપદ મનાઈ ગયું. કોઈ બી સેવા હોય મંદાબેન માહાત્મ્યથી કરે છે. વાસણ સફાઈ, લાકડા, કોલસા, કલાઈ કરવી, મંડપ બાંધવા, ગટરો સાફ કરવી જેવી અનેક સેવાઓ ધણી થઈને, ગરજુ બનીને, દિવ્યભાવ રાખીને કરી છે. બળતા અંગારાનું છોરું બનીને રહ્યાં છે. સૌની પ્રસન્નતાના પાત્ર બની ધ્યેય સિદ્ધ કરી લીધું. જીવનમાં ગુરુ અને ગુરુહરિનું પ્રાધાન્ય રાખી તેમની રુચિને પોતાની રુચિ બનાવીને જીવી રહ્યાં છે. મંદાબેન નરોડા જ્યોત શાખાના મહંત છે. હરિભક્તોનું ખૂબ સરસ



જતન કરી રહ્યાં છે. વિધ વિધ પ્રવૃત્તિઓ દ્વારા મંડળને લીલુછમ રાખ્યું છે. એવાં મંદાબેનને કોટિ કોટિ વંદન.

**પૂ.નલિનીબેન** : જન્મથી સત્સંગ મળ્યો છે એવાં નલિનીબેન. મહિમાનું સ્વરૂપ. પ્રત્યક્ષના ચિન્હ, ચરિત્ર, ચેષ્ટા વાગોળવાની સહજ ટેવવાળા. બોરીવલીમાં વિમળાબેન મોદીની બાજુમાં રહેવાનું સૌભાગ્ય સાંપડતા ગુરુહરિ પપ્પાજીનો અને તારાબેનનો યોગ મળ્યો. બહેનો વિમળાબેનના ઘરે આવતાં. તેમનું જીવન જોઈને નલિનીબેનને ભગવાન ભજવાની અંતરમાં ઈચ્છા થઈ. પ્રથમ ૫૧માં નંબર લગાડવાની તાલાવેલી લાગી. ભજન કર્યું ને નંબર લાગી ગયો. ૧૯૬૬માં વ્રત લીધું એવાં નલિનીબેને ગરજુ થઈને સેવા કરવામાં પરમપદ માન્યું. પોતે ખપવાળા ને નિર્માની સ્વભાવ. તેથી સૌમાં રસબસ થઈ જતાં. ગુણાતીત જ્યોતમાં રસોડું, સફાઈ, મંદિર, પ્રકાશન, સિવણ તેમજ વડીલોની સેવા ખૂબ મહિમા ને ઉમંગથી કરી છે. ભજનો પણ સરસ બનાવે છે. સ્વાધ્યાય, ધૂન, ભજન, પ્રાર્થનાને પોતાના સાથીદાર બનાવીને ધ્યેય સિદ્ધ કરી લીધું. એવાં નલિનીબેનને કોટિ કોટિ વંદન.



**પૂ.કુંદનબેન વીંછી** : જમનાબેન વીંછીને તારદેવનો જોગ હતો. તેમના થકી ગુરુહરિ પપ્પાજીનો અને પ.પૂ.જ્યોતિબેનનો યોગ થયો. મુંબઈમાં વિમળાબેન મોદીના યોગથી સત્સંગમાં આગળ વધ્યાં. પણ પોતે શું કરવું તે સ્પષ્ટ ધ્યેય નક્કી નહોતું



થતું. ૧૯૬૬માં બહેનો વિદ્યાનગર ભગવાન ભજવા જવાના છે તેની ખબર પડતાં અંતર આત્મા જાગ્રત થઈ ગયો ને ભજન શરૂ કરી દીધું. તેના ફળ સ્વરૂપે પ્રથમ ૫૧માં તેમનો નંબર લાગી ગયો. સવિબેનના સમાગમથી જ્યોતની રીતિ–નીતિ પ્રમાણે જીવવાં લાગ્યાં. સફાઈ, રસોડું, મંદિર, શાક, ઑફિસ, પ્રકાશન, સિવણ જેવા વિભાગમાં મન પરોવીને સેવા કરી. સોનાબાની સેવા મળી તો તે કરીને સોનાબા અને સ્વરૂપોની પ્રસન્નતા મેળવી લીધી. દિવ્યદીપમાં મહેમાનોની આગતાસ્વાગતાની સેવા મહિમાથી કરી રાજીપો પ્રાપ્ત કરી લીધો. અત્યારે દરવાજાની ડ્યુટી બજાવી રહ્યાં છે. એવાં મહિમાસ્વરૂપ કુંદનબેનને કોટિ કોટિ વંદન.



**પૂ.વજીબેન** : નાનપણથી સ્વામિનારાયણ ધર્મ હતો તેવા કુટુંબમાં ઉછર્યા. બહેનો માણાવદર જતાં. તેમાં સોનાબા વજીબેનને ખૂબ ગમતાં. બહેનોની સેવા કરતાં. ૧૯૬૫માં અટલાદરામાં ગુરુહરિ પપ્પાજીની દૃષ્ટિ પડી ગઈ. વરસોવા શિબિરમાં પપ્પાજીએ બોલાવેલા. જ્યોતિબેનને વજીબેનની સોંપણી કરી. વજીબેને મન, કર્મ, વચને ગુરુહરિ પપ્પાજીને સેવી લીધા. ૫૧માં નંબર લાગી ગયો. વિદ્યાનગર જ્યોતમાં આવ્યા ત્યારે તેઓને હંસાબેન ગુણાતીતનો સમાગમમાં આપ્યો. રસોડું, મંદિર, સફાઈ, શાક વિભાગની સેવા કરી ને અત્યારે પણ કરી રહ્યાં છે. દરેક સેવા મધુર કંઠે ભજનો ગાતાં ગાતાં કરવી એ તેમની સાહજીક ટેવ છે. સેવાને જીવનું જીવન બનાવી દીધું છે. સૌમાં પ્રભુનું નિયંત્રણ છે તેમ માનીને સૌને સંબંધે સ્વરૂપ માનીને વર્તી રહ્યાં છે. તેમના મહિમાભર્યા જીવનથી અનેકને ઉત્તમ સેવા કરવાની પ્રેરણા મળે છે. જીવનમાં પ્રભુનું પ્રાધાન્ય રાખી ધ્યેય સિદ્ધ કરી લીધું એવાં વજીબેનને કોટિ કોટિ વંદન.

**પૂ.મંજુબેન ઠક્કર** : મંજુબેન ઠક્કરના પિતાશ્રી કાકુભાઈને એકવાર ટ્રેનમાં રમણીકભાઈ અદાનો યોગ થઈ ગયો. જોગીબાપાના મહિમાની વાતો કરી દર્શન કરાવ્યા. બાપાએ બાબુભાઈ, દાદુભાઈનો સમાગમ કરવાનો કહ્યો. તેથી નિયમિત તારદેવ આવવા લાગ્યા. એ કાકુભાઈના દીકરી એટલે પૂ.મંજુબેન. તેઓ પણ તારદેવ જવા લાગ્યાં. સોનાબાએ મંજુબેનની ભગવાન ભજવા માટે તેમની બા પાસે માગણી કરી ને રાજીખુશીથી હા પાડી. ને મંજુબેનનો પ્રથમ ૫૧માં નંબર લાગી ગયો. પપ્પાજીએ જસુબેનનો જોગ આપ્યો. પ્રીતિ અને પ્રપત્તિના અંગે સાધના કરી. વરણાગીમાંથી વૈરાગી બની ગયાં. રસોડું, શાક, ટેલીફોન, દરવાજા વિભાગની સેવા, પ.પૂ.જસુબેનના લેખનકાર્યમાં ખૂબ ઉત્સાહ ને મહિમાથી સેવા કરી છે ને હજીય કરી રહ્યાં છે. ખૂબ ગરજુ બનીને નાના–મોટા સૌની સેવા કરી સ્વરૂપોનો અખૂટ રાજીપો પ્રાપ્ત કરી દુ:ખના લેશ વગરનું સુખ ભોગવી રહ્યાં છે એવા મંજુબેનને કોટિ કોટિ વંદન.



આ પાયાના વિરલ સંત સ્વરૂપોના જેટલા ગુણ ગાઈએ તેટલા ઓછા છે. કપરા સંજોગોમાં સાધના કરી છે. કદીય ફરિયાદ કરી નથી, માગણી કરી નથી. જ્યારે જેમ રાખ્યા તેમ પ્રભુનો પ્રસાદ માનીને જીવ્યાં છે. ક્યારેય સેવામાં પાછી પાની કરી નથી.

એવા આ સ્વરૂપોનું ભવ્ય સ્વાગત કરી સ્ટેજ પર બિરાજમાન કર્યા. હાર, પુષ્પગુચ્છ અને બેજ અર્પણ અને ભાવાર્પણ કર્યા.

ત્યાર બાદ પૂ.ધર્મિષ્ઠાબેન મોઢ રચિત સ્તુતિગાન દ્વારા તેઓના મહિમામાં રત થયા. પૂ.નીમુબેન સાકરિયા, પૂ.કલ્પુબેન દવે, પૂ.તરુબેન, પૂ.નીલમબેન, પૂ.દયાબેન, પૂ.માયાબેન ડેએ તેમના જીવનકાર્યનું દર્શન કરાવ્યું. ને પ.પૂ.જસુબેન, પ.પૂ.દેવીબેન, પ.પૂ. દીદીના આશીર્વાદમાં સૌ ભીંજાયા. માહાત્મ્ય મહેરામણ અમૃતપર્વના જયઘોષ સાથે સભાનું સમાપન થયું.

## બ્રહ્મલીન

ગુણાતીત જ્યોતના સદ્‌ગુરુ સ્વરૂપ પૂ.લીલાબેન દેસાઈ તા.૫.૯.૨૦૨૧ના બ્રહ્મલીન થયાં છે.

ગુરુહરિ પપ્પાજી મહારાજે જતિનું બિરુદ આપ્યું છે તેવા લીલાબેનનો જન્મ તા.૧૩.૩.૧૯૪૦માં



મોમ્બાસામાં (આફ્રિકા) થયો. ખૂબ શૂરવીર ને ભક્તિભાવવાળા. સ્પષ્ટવક્તા, ચોકસાઈ ને ચીવટાઈનું સ્વરૂપ. પૂ.લીલાબેનને નાનપણમાં મોમ્બાસામાં પૂ.માસીબાનો યોગ થયો હતો. લીલાબેનને ડ્રાઈવીંગ આવડતું હતું તેથી તેઓ તેમના માતુશ્રીને ગાડીમાં સ્વામિનારાયણ મંદિરે લઈ જતાં. સાથે પૂ.માસીબાને પણ લઈ જતાં. આમ પૂ.માસીબાની દ્રષ્ટિમાં આવી ગયાં.

ઈ.સ.૧૯૬૨ના ડિસેમ્બર માસમાં ૨૩ વર્ષની ઉંમરે લગ્ન માટે પ્રથમવાર ભારત આવવાનું થયું. પૂ.માસીબાએ લીલાબેનને પૂછ્યું કે 'લીલા, મારું એક સંપેતરું તારદેવ પહોંચાડીશ ?' લીલાબેને હા પાડી. ને ભારત આવ્યા ત્યારે તે તારદેવ આપવા ગયાં. તેમને આવકાર આપી, બાબુભાઈએ માસીબાના સમાચાર પૂછયા. લીલાબેને માસીબા માસીબા કહીને ખૂબ વાતો કરી. આમ પપ્પાજીની દ્રષ્ટિમાં આવી ગયાં.

ઈ.સ.૧૯૬૩માં પૂ.પ્રવીણભાઈ સાથે સુરતમાં લગ્ન થયાં. પોતે અનાદિના જ મુક્તરાજ તો લીલાબેનને વૈરાગ્યે હલાવી મૂક્યા કે, 'હું આ શું કરી બેઠી?' માંડ માંડ સાસરીમાં પંદર દિવસ રહ્યા ને પછી સરસામાન લઈને તારદેવ પહોંચી ગયાં. સોનાબાને મળ્યા. કાકાજીના વચને ૧૮ હજાર માળા કરી. ને મે મહિનામાં મોમ્બાસા જવા નીકળ્યા. ત્યાં પહોંચી શિક્ષકની નોકરી શરૂ કરી. પણ કોઈ કાર્યમાં રસ જ ના પડે. તારદેવ રોકાયા હતાં ને પોતે જોયું કે બહેનો ભગવાન ભજે છે. તેમ મારે પણ ભગવાન ભજવા છે તેવું મનોમન નક્કી કરી શ્રી યોગીબાપાને લીખિતંગ લીલાધરના નામે પત્ર લખ્યો. યોગીબાપાએ જવાબ લખ્યો કે, આપણે ૫૧માં નંબર લગાડવો છે. પછી તો કસોટીની એરણ પર લીલાબેનને ચઢવાનું થયું. લીલાને સાસરે મોકલો. એવી અનેક સમસ્યા સર્જાઈ. તેથી પાછું યોગીબાપાને પોષ્ટકાર્ડ લખ્યું. બાપાએ તે જોયું. બાપા સહસા બોલ્યા કે, 'આ તો મહારાજના વખતના રાજબાઈ છે.' પણ કોઈ પ્રત્યુત્તર લખીને મોકલ્યો ન હતો.

૧૯૬૫માં શ્રી શાસ્ત્રીમહારાજની શતાબ્દી ઉજવવા માટે પૂ.લીલાબેન અને પૂ.પ્રવીણભાઈ ગયેલા. લીલાબેને દાદુકાકાને કહ્યું કે, 'બાપાને પૂછી જુઓને કે મારે શું કરવાનું છે ?' કાકાજીએ બાપાને વાત કરી. બાપા કહે, 'એ કામ અમે ન કરીએ. એ કામ તો બાબુભાઈ કરે.' ને બાબુભાઈએ લીલાબેનને કહ્યું કે, મુંબઈ આવી જા. ને ૩૦૦-૩૦૦ માળા કરજો. તારદેવ ધામમાં પ્રવેશ્યાં તે પ્રવેશ્યાં. જે નક્કી કરેલું તે સિદ્ધ કરીને ઝંપ્યા. એવા ખપવાળા લીલાબેન.

તારદેવમાં સોનાબા સાથે ૮/સી સોનાવાલા બિલ્ડીંગમાં રહેતાં. લીલાબેને સ્વભજન કર્યું. પૂ.તારાબેનનો ગુરુ તરીકે જીવનમાં પ્રવેશ થયો. ઑગષ્ટ માસમાં પ્રવીણભાઈ લીલાબેનને લેવા તારદેવ આવ્યા. કાકાજીએ પ્રવીણભાઈને સમજાવ્યા. તેમણે જ કોર્ટમાં છૂટાછેડાની અરજી કરી ને લીલોબેનને કોર્ટમાં ગયા વગર છૂટાછેડાં મળ્યા. પછી પ્રવીણભાઈ પોતે જ કોર્ટના બધા જ કાગળ સહી સિક્કા કરાવીને તારદેવ આપવા આવ્યા ને પપ્પાજીને મળીને સુરત ગયા.

૧૯૬૫ના નવેમ્બર માસમાં લોનાવાલામાં પપ્પાજીએ એક શિબિરનું આયોજન કર્યું હતું. ત્યાં ગુરુહરિ પપ્પાજી લીલાબેનના આતમમાં દ્રષ્ટારૂપે બિરાજી ગયા. ૧૯.૫.૧૯૬૬ના રોજ બધાં જ બહેનો જ્યોતમાં રહેવા આવ્યા. ૧લી જૂન ૧૯૬૬ના રોજ પપ્પાજીએ ૫૧ બહેનોને કાષાંબરી દીક્ષા આપી. જોગીબાપાનું વચન હતું કે - 'આપણે ૫૧માં નંબર લગાડવો છે.' એ આશિષ વચન લીલાબેનમાં સાકાર થયાં.

તારદેવ પ.પૂ.બેનનું ઓપરેશન કરાવ્યું ત્યારે લીલાબેન તેમની સેવામાં હતાં. લીલાબેને બેનની સેવા ખૂબ જ સરસ રીતે કરી. આ જોઈ દીદીએ તેમને જ્યોતમાં આવ્યા પછી દવાખાનાની સેવા સોંપી. લીલાબેન જતિ જેવું જીવન જીવતાં હતાં. કોઈપણ બહેન બીમાર પડે ને તેને બહાર દવાખાને લઈને જવાની હોય તો લીલાબેન લઈ જતાં. ને ત્યાં સ્વાધ્યાય કરવા પુસ્તક લઈ જતાં ને ધૂન કરતાં. આથી આખા વિદ્યાનગર, આણંદ, વડોદરામાં સાધુ કેવો હોય ? તેની ઉત્તમ છાપ પાડી. જેને જેને જ્યોતનો ગુણ આવ્યો તે બધાંના કલ્યાણ થયા. એનું પુણ્ય લીલાબેનને મળે છે.

એકવાર લીલાબેન ધર્મિષ્ઠાબેનનું ડ્રેસીંગ કરતાં હતાં ને પ્રભુકૃપામાંથી પૂ.મમ્મીજીએ પ.પૂ.પપ્પાજીની દવા માટે બોલાવ્યાં. લીલાબેને સંદેશો મોકલ્યો કે, 'હમણાં ધર્મિષ્ઠાબેનનું ડ્રેસીંગ કરીને આવું છું.' લીલાબેન સ્વધર્મમાં અચલ રહ્યાં. આ જોઈ પપ્પાજી ખૂબ રાજી થઈ ગયાં ને પ્રસન્નતાના ધબ્બા માર્યા.

લીલાબેનના જીવનમાં જ્યોત અને જોગી પ્રધાન રહ્યાં છે. સેવા ગરજુ થઈને કરી છે. જ્યોતમાં શ્રમશિબિર હોય તો ત્યાં પહોંચી જ જાય. તમામ સેવા પ્રભુને અંતર્યામી અને દિવ્ય માનીને તન, મન, આત્મા સમગ્રપણે પરોવીને તમામ સેવાઓ કરી છે. કંઈપણ બને તો સીધી નજર પ્રભુ તરફ કરે કે, પ્રભુ! આમાં મારે શું કરવાનું છે ? મને બળ આપી દ્યો, હું તમારું કર્તાહર્તાપણું ના ભૂલું. એવી જાગ્રતતાથી જીવ્યાં છે. જીવન સાદું ને ત્રેવડભર્યું. જ્યોતની, પ્રભુની આ વસ્તુ છે એનો દુર્વ્યય ના કરાય. તેવું જાણપણું રાખીને દરેક વસ્તુઓ કાળજીથી વાપરતાં ને સાથેના મુક્તોને શીખવતાં.

પોતાના તરફ સાધુની જ દ્રષ્ટિ રાખી છે. સામાને કે પોતાના હાથ નીચેના મુક્તોને સૂચન જરૂર કરે પણ આગ્રહ ના રાખે. પોતે અંતરથી પ્રાર્થના કરીને સત્ય ઉગાડે. આમ સક્રિય સચેતન સાક્ષીભાવે જીવતાં ને જીવાડતાં. તેઓ નિત્ય મહાપૂજા કરતાં. દિવસ દરમ્યાન સેવામાં વધુ સમય ગયો હોય ને મહાપૂજા ના થઈ હોય તો રાત્રે મહાપૂજા કરીને પછી જ સૂવે. નિર્માનીભાવે સૌ પાસેથી સ્મૃતિની, મહિમાની વાતો સાંભળવા સામેથી જતાં. પછી તે નાનો છે કે મોટો તેવી કોઈ દ્રષ્ટિ જ નહીં. પ્રભુનો સંબંધ થયો તે મોટો. મહિમાના વિચાર કરે, મહિમાથી સેવા કરે તે સૌ મોટાં. તેવું પોતે માનતા.

લીલાબેનના જીવનમાં આળસ, પ્રમાદ, ગાફલાઈને સ્થાન જ નહોતું. જ્યારે જે સેવા આવે તેમાં નિત નવા ઉત્સાહથી લાગી જતાં. ધ્યેય તરફ સતત દ્રષ્ટિ રાખી છે. ગુરુહરિ પપ્પાજી, ગુરુ તારાબેન અને જ્યોત વ્યવસ્થામાંથી જે આદેશ આવ્યાં તે અપ-ટુ-ડેટ પાળ્યાં છે. તેમનું ખૂબ નિયમિત ટાઈમ ટેબલ હતું.

તો મન ને આત્માથી પ્રભુમય જ રહ્યાં છે. જે ક્રિયાયોગમાં મન પરોવવા જેવું ના હોય ત્યાં તેઓ પ્રવચન, મહાપૂજા, ભજનો સાંભળતા સાંભળતા જ ક્રિયાયોગ કરતાં. અખંડ પ્રભુના સાંનિધ્યે રહેવું એ તેમનો આગવો સાધુતાનો ગુણ હતો.

જ્યોતમાં આવ્યા પછી તારાબેન શરૂઆતમાં રેકોર્ડીંગની સેવા કરતાં હતાં. એકવાર દીદીએ લીલાબેનને કહ્યું કે, 'તારાબેન આ સેવા કરે છે તો તું શીખી જા ને !' ને લીલાબેન એ શીખવા માંડ્યા. આમ દીદીએ તેમને દવાખાનાની સેવા સાથે રેકોર્ડીંગની સેવા આપી. નિરંતરના જાગ્રત સાધક એવા લીલાબેન રોજ સમયસર પોતાની ટુકડીનું કામકાજ શરૂ કરી દેતાં. પ્રત્યક્ષ પ્રભુ રાજી થાય તેવા વિચાર, વાણી, વર્તન રાખતાં. પોતે રેકોર્ડીંગ વિભાગના હેડ બન્યાં. તેમના હાથ નીચેના બહેનોને પણ પ્રભુને આગળ રાખી, વફાદારીથી સેવા કરતાં શીખવ્યું. કોઈપણ કાર્ય જટીલ બને કે વસ્તુ મળે નહીં તો આ સમયે તેઓ સૂઝ આપતાં કે, 'પપ્પાજીને પ્રાર્થના કરો કે પ્રભુ તમે ઉપાયભૂત થાવ તો પ્રભુ તમને સૂઝ પાડી દેશે.' ને ખરેખર આ વાત સ્વીકારી બહેનોએ તે પ્રમાણે જ્યારે જ્યારે કર્યું છે ત્યારે પ્રભુએ ઉત્તમ પરિણામ આપ્યું છે. આમ, મન-બુદ્ધિથી પર પ્રભુનો આશરો લેતાં લીલાબેને શીખવ્યું છે. તો આજે એ બહેનો સરસ રીતે રેકોર્ડીંગની સેવા બજાવી રહ્યાં છે. ઉત્તમ રીતે કેસેટો

બહાર પાડવી ને હરિભક્તોને આપવી તે સેવા સ્પષ્ટતા, ચોકસાઈ ને ચીવટાઈથી કરી છે. પપ્પાજીના ગાયેલા પ્રભાતિયા, પ્રવચનો, ઉત્સવોની મોજ, સ્વરૂપોના ભજનો, પ્રવચનો, જીવનમંત્રની અમૂલ્ય મૂડી આપણને મળી છે તેમાં લીલાબેનનું યોગદાન છે.

કંઠ ખૂબ સારો તેથી ગમે તેવા અટપટા રાગ હોય તો પણ ભજન ખૂબ સુંદર રીતે ગાઈ શકતાં ને ઓડિયો માધ્યમે તેઓ હરિભક્તોના ઘરોઘર પહોંચ્યાં. સમૈયામાં ડેકોરેશન, હસ્તલેખિત ગ્રંથમાં ડીઝાઈન, હાર-કાર્ડની સેવા, કસરત, રમતગમત વિભાગ, વાદ્યવૃંદના સંકલન તથા નડિયાદ, સાંકરદા, રાજકોટ જેવા સેન્ટરો પર રહેવાની સેવા આવી તે પપ્પાજી અને સ્વરૂપોના વચને કરીને સૌની હાશ લીધી છે.

લીલાબેનનું ખૂબ કૃતનિશ્ચયી ને વફાદારીપૂર્વકનું જીવન. સમજણના અંગે સાધના કરી કોઈનુંય જોયા વગર પોતાનું કલ્યાણ સાચવી લીધું. કેટલાય સાધકોના રાહબર બન્યાં. તેઓએ પ્રભુ આપ્યા ને પ્રભુનો ઉપયોગ કરતા કર્યાં. સત્પુરુષની દ્રષ્ટિ જીવનમાં શું કામ કરે છે તેનો આદર્શ દાખલો લીલાબેને પૂરો પાડ્યો છે.

આવા આદર્શ સ્વરૂપ લીલાબેનને છેલ્લા ૩-૪ વર્ષથી ફેફસાંની બીમારી હતી. પણ દેહાતીત સ્વરૂપ લીલાબેનની બ્રાહ્મીસ્થિતિમાં કોઈ ફેર પડ્યો નહોતો. તેમની પ્રત્યેક પળ પ્રભુસભર જ હતી. નેગેટીવ કોઈ વાત જ નહીં. કર્તાહર્તા પપ્પાજી જ છે તેમ માનીને જ્યારે જે પરિસ્થિતિ આવી તેને પ્રેમથી સ્વીકારી છે. મેડીકલ દવાઓની સાથે પ્રાણાયામ, કસરત, ડાયેટથી દેહનું રખોપું જીવનના છેલ્લા શ્વાસ સુધી કર્યું છે.

આપણે ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૦૫મો પ્રાગટ્ય પર્વ ઉજવ્યો તેમાં તા.૨જી સુધીની બધી જ સભાઓમાં તેઓની હાજરી હતી. તા.૪થીએ તેઓને થોડી બેચેની અનુભવાઈ. કંઈ ખાવાની રુચિ નહોતી થતી. ને રાત્રે ૧:૪૦ વાગે માખણમાંથી મુવાળો કાઢે તેમ સુખરૂપ રીતે પ્રભુ સાંનિધ્યે બિરાજી ગયા.

તેમની અંતિમ વિધિ તા.૫.૯.૨૦૨૧ના સવારે ૧૦:૩૦ વાગ્યે પંચામૃત હૉલમાં ભક્તિસભર હૃદયે કરી. ધૂન, પ્રાર્થના સાથે લીલાબેનના પાર્થિવદેહને પૂજન, હાર, પુષ્પગુચ્છ સ્વરૂપોએ અર્પણ કર્યા. ત્યારબાદ ગુરુ સ્વરૂપો, સાધક બહેનો, ભાઈઓ અને હરિભક્તોએ પ્રાર્થનાસહ પ્રદક્ષિણા કરી ને અંતમાં આરતી કરી. ત્યારબાદ અશ્રુભર્યા નયને અંતિમયાત્રા વાનમાં બિરાજમાન કરી પ્રભુકૃપા અને જ્યોતની પ્રદક્ષિણા કરાવીને અંત્યેષ્ઠિવિધિ માટે લઈ ગયા. ત્યારબાદ પંચામૃત હૉલમાં ડૉ.નીલમબેને માહાત્મ્ય ભાવપુષ્પોથી શ્રદ્ધાંજલિ આપી.

તા.૬, ૭, ૮ સપ્ટેમ્બરના પપ્પાજી હૉલમાં ત્રણ દિવસનું પારાયણ થયું. જેમાં 'અહોહો આ પપ્પાજી!' અને 'ચૈતન્ય શિલ્પીની ગરિમા' પુસ્તકમાંથી વાંચન કર્યું.

પૂ.માયાબેન દેસાઈ, પૂ.મીનાબેન ગાંધી, પૂ.હેમીબેન, પૂ.ઈલાબેન દવે, પૂ.ઉર્વશીબેન દેસાઈ, પૂ.મયૂરીબેન, પૂ.નેહલબેન દુબલ, પૂ.મંજુબેન ફળદુ, પૂ.જ્યોસબેન, પૂ.અરૂણાબેન, પૂ.સુખદાબેન, પૂ.જાગૃતિબેન વિઠલાણી વગેરે મુક્તોએ પૂ.લીલાબેનના કાર્યનું અને તેમના થકી થયેલા અનુભવોનું દર્શન કરાવ્યું.

તેમ જ ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.તારાબેન, પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેનના આશીર્વાદ માણ્યા.

તા.૧૭મીએ ત્રયોદશી નિમિત્તે મહાપૂજા પૂ.કલ્પુબેન દવેએ ભક્તિસભરભાવે કરી. અને અસ્થિ વિસર્જન વિધિ વહેરાખાડીમાં કરી.

ખરેખર લીલાબેને પ્રાર્થના, ભજનથી આપણું ખૂબ જતન કર્યું. વ્યવહારિક અને આધ્યાત્મિક સૂઝ આપી, જ્યોતની રીતિ-નીતિ શીખવી છે. એવા મહાએકાંતિક સદ્ગુરુ સ્વરૂપ લીલાબેન હવે આપણી પાસે પ્રત્યક્ષ નથી. તેમની ગેરહાજરી જરૂર લાગવાની જ. પણ જ્યાં આપણે પોકારીશું ત્યાં તેમની દિવ્ય શક્તિથી આપણા વિચાર, વાણી, વર્તનમાં પ્રત્યક્ષ થઈને માર્ગ બતાવતાં જ રહેવાના છે. એવા લીલાબેનને સૌ સાધકો અને સૌ ભક્તો કોટિ કોટિ વંદન સાથે હૃદયથી અંજલિ અર્પણ કરે છે.











પૂ.લીલાબેનનાં અંતિમવિધિ દર્શન અને ત્રયોદશીની મહાપૂજા...



**પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...**

★ **વલસાડના નિષ્ઠાવાન હરિભક્ત પૂ.દિલીપભાઈ ગોધસરા તા.૧૮.૮.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**



પૂ.દિલીપભાઈના માતુશ્રી પૂ.નંદુબેનને સત્સંગ હતો. તેઓની ગુણાતીત જ્યોતના સમૈયા-ઉત્સવમાં હાજરી હોય જ. સાથે ગુરુહરિ પપ્પાજીએ તિથલ શિબિર કરેલી તે વખતે નંદુબાએ ખૂબ સેવા, સભા અને દર્શનનો લાભ લીધો હતો. આ બધું જ દિલીપભાઈને ખૂબ જ ગમતું અને સત્સંગનો મહિમા તેમના દિલમાં ખૂબ હતો. તેઓ શાંત અને સરળ સ્વભાવના હતા. તેમની ભક્તિ ખૂબ છૂપી હતી. દિલીપભાઈ પોતાના ઘરે અવારનવાર મહાપૂજા કરાવે અને મંડળની સભા પણ રખાવે. સાથે સેવા પણ કરે. દિલીપભાઈની તબિયત સારી ન હોવાથી તેઓને હૉસ્પિટલ લઈ ગયા. તે વખતે પણ ખાસ કહીને ગયા કે અમે ભલે દવાખાને જઈએ પણ સવિતાબેન તમે બધાં જ સત્સંગીઓને લઈને મારા ઘરે મહાપૂજા કરજો. લીવરની તકલીફને લીધે તેઓ નાની ઉંમરે ગુરુહરિ પપ્પાજી અને બેનના ચરણોમાં બિરાજી ગયા. પ્રભુ તેમના આત્માને ખૂબ શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને ખૂબ બળ મળે તે જ પ્રાર્થના.

★ **વડોદરાના પૂ.પલ્લવીબેન દુષ્યંતભાઈ પટેલ તા.૭.૯.૨૦૨૧ના ટૂંકી બીમારીથી અક્ષરનિવાસી થયાં છે.**



ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ. દીદીની અપાર પ્રસન્નતા પામેલા અ.નિ.રંજનબેન બી. પટેલ જે ખૂબ ઉમદા સેવાભાવી હતાં. તેઓએ ટેલીફોન ઓપરેટર તરીકેની ગુણાતીત જ્યોત અને સમાજની સેવા ખૂબ ગરજ રાખીને રાંકભાવે કરી છે. સત્સંગ પ્રધાન જીવન હતું તે વારસો કુટુંબીજનોને આપ્યો.

પૂ.પલ્લવીબેન તેમના પૂત્રવધુ થાય. રંજનબેનના યોગથી તેઓને પણ જ્યોતનો, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.દીદી તેમ જ પૂ.જયુબેનનો યોગ થયેલો. તેમનો સમાગમ કરીને સત્સંગમાં આગળ વધ્યાં. સમૈયા ઉત્સવનો, સેવાનો લાભ લીધો. વડોદરા મંડળમાં થતી અઠવાડિક સભામાં પણ તેઓ જતાં. ભક્તિભાવે, ગરજુ થઈને જે સેવા મળી તે કરી છે. તેઓ કંઈપણ બને તો ભજન કરતાં. કુટુંબીજનો સાથે હળીમળીને સત્સંગપ્રધાન જીવ્યાં છે. તેમનો સેવા, ભક્તિનો વારસો આખા કુટુંબને આપી નિષ્ઠાપૂર્વક જીવન જીવી ગયાં છે. એવા પલ્લવીબેનને હૃદયથી અંજલિ અર્પણ કરીએ છીએ.

શ્રીજી મહારાજ અને ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.દીદીજીને પ્રાર્થના છે કે તેમના સર્વે કુટુંબીજનોને તેમનો વિયોગ સહન કરવાનું બળ આપે અને તેમણે ચીંધેલો સેવા, ભક્તિનો વારસો જીવનમાં ચાલુ રાખે.

## નિર્ણય

★ ગુરુહરિ પપ્પાજી મહારાજની પ્રાગટ્ય તિથિ :
ભાદરવા વદ-૬, સોમવાર, તા.૨૭.૯.૨૦૨૧

★ પ.પૂ.મમ્મીજીનો પ્રાગટ્યદિન :
ભાદરવા વદ-૭, મંગળવાર, તા.૨૮.૯.૨૦૨૧

★ એકાદશી :
ભાદરવા વદ-૧૧, શનિવાર, તા.૨.૧૦.૨૦૨૧

★ વિજ્યા દશમી :
આસો સુદ - ૧૦, શુક્રવાર, તા.૧૫.૧૦.૨૦૨૧

★ એકાદશી :
આસો સુદ - ૧૧, શનિવાર, તા.૧૬.૧૦.૨૦૨૧

★ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીનો પ્રાગટ્યદિન,
શરદપૂર્ણિમા : આસો સુદ - ૧૫,
બુધવાર, તા.૨૦.૧૦.૨૦૨૧

★ શ્રી જાગાસ્વામી જયંતી :
આસો વદ - ૨, શુક્રવાર, તા.૨૨.૧૦.૨૦૨૧

## જળઝીલણી એકાદશીની ઉજવણી...

પ.પૂ.દીદી અને સ્વરૂપોના સાંનિધ્યે તા.૧૭.૯.૨૦૨૧ના સાંજના ૫ થી ૭ જળઝીલણીનો ઉત્સવ કર્યો. ગુરુહરિ પપ્પાજી મહારાજે જે જે નદીઓના, સરોવરના, ધરાના, તળાવના, ડેમના, ફુવારાના, સાગરના જળને તીર્થત્વ આપ્યું છે તેવા પ્રદેશના સાધક બહેનોએ જલાભિષેક કર્યો. ત્યારબાદ પૂજન, હાર, થાળ, આરતી કર્યા. અને પ.પૂ.દીદી તેમજ ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ માણ્યા.















To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2019-21
Lic Valid Upto: 31.12.2021
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT) :
Vallabh Vidyanagar MDG 388120







શાશ્વતધામે દર્શન...




Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India